
પ્રેમાનંદ આખ્યાન શ્રેણી

# અભિમન્યુ-આખ્યાન




સંપાદક

## ભરત ખેની

એકત્ર ફાઉન્ડેશન

# અભિમન્યુ-આખ્યાન – પ્રેમાનંદ



સંપાદક

ભરત ખેની



# અભિમન્યુ-આખ્યાન


સંપાદક :

ભરત ખેની



શ્રેણી-સંપાદક

રમણ સોની


## ક્રમ


પ્રાસ્તાવિક

મધ્યકાલીન સાહિત્યનો વિશેષ

કવિ-પરિચય : પ્રેમાનંદ

કૃતિપરિચય : અભિમન્યુ-આખ્યાન

સંપાદક-પરિચય

હસ્તલિખિતનું મુદ્રિત રૂપ

કાવ્યકૃતિ અભિમન્યુ-આખ્યાન TEXT

શબ્દાર્થ અને ટિપ્પણ

૦

અભિમન્યુ-આખ્યાનઃ આસ્વાદલક્ષી અભ્યાસ

આખ્યાન-કાવ્યનું સ્વરૂપ અને વિકાસગતિ

પ્રેમાનંદ : સમય, જીવન અને સર્જન

## પ્રાસ્તાવિક : શ્રેણી-સંપાદક

આ સંપાદન-શ્રેણી સમર્થ મધ્યકાલીન કવિ પ્રેમાનંદનાં, પહેલે તબક્કે પાંચ આખ્યાનોને ઈ-શ્રેણી રૂપે પ્રગટ કરે છે. જુદાજુદા અભ્યાસી સંપાદકોએ એનું સંપાદન સંભાળ્યું છે અને એમની વિશેષતાઓ એમાં પરોવાઈ છે. પરંતુ, એ સાથે જ, એની રજૂઆતને એક ઘાટ આપવા માટે એનું પરિરૂપ સમાન રાખ્યું છે. શ્રેણી-સંપાદક તરીકે, દરેક આખ્યાનને સર્વસામાન્યરૂપે લાગુ પડે એવા કેટલાક લેખન-અંશો તૈયાર કરીને સામેલ કર્યા છે.

આ આખ્યાનોના દરેક સંપાદકે– (૧) વિવિધ મુદ્રિત વાચનાઓને સંકલિત કરીને એક સુગમ વાચના તૈયારકરી છે, (૨) દરેક કડવાને આરંભે ટૂંકી પ્રવેશક નોંધો મૂકી છે, (૩) પ્રવેશક તરીકે સંક્ષિપ્ત કૃતિ-પરિચય આપવા ઉપરાંત (૪) આખ્યાન-કૃતિનો આસ્વાદલક્ષી અભ્યાસ પણ રજૂ કર્યો છે. એ રીતે આ સંપાદનો શાસ્ત્રીય ઉપરાંત સર્વગ્રાહી અને રસપ્રદ વાચન બન્યાં છે.

—શ્રે.

# મધ્યકાલીન સાહિત્યનો વિશેષ

ગુજરાતીનો મધ્યકાળ એટલે અંગ્રેજ પ્રજા અને એમની સંસ્કૃતિનો સંપર્ક આપણને થયો એ પહેલાંનો – લગભગ ૧૮મી સદી પહેલાંનો સમય.

માનવસમાજનું રૂપ તો ત્યારે પણ આનંદ અને દુખ, રાગ અને દ્વેષ, ઉદારતા અને સંકુચિતતા, વેર અને મૈત્રી – એવાં વૃત્તિ અને વ્યવહારોવાળું હતું.

પરંતુ આવા માનવજીવન પર ધર્મનો પણ એક વ્યાપક પ્રભાવ હતો. અનેક સાધુ-સંતો, કથાકારો-કીર્તનકારો તરફથી પણ પ્રજાને ઈશ્વરભક્તિના સંસ્કારોનું પોષણ મળતું હતું. પદ-ભજન-કીર્તન-આરતીનાં ગાન તથા પુરાણીઓની કથાઓનું શ્રવણ લોકોના જીવનનો, એમનાં સુખ-શાંતિ-શ્રદ્ધાનો મહત્ત્વનો ભાગ હતાં.

પ્રાચીન સંસ્કૃતિના વારસારૂપ પંથો-સંપ્રદાયો પણ હતાં – શૈવ, વૈષ્ણવ, જૈન, ઈસ્લામ, વગેરે. પરંતુ દરેક પોતપોતાનો ધર્મ પાળે એવો સમ-ભાવ હતો

એ સમય ગુજરાતી ભાષામાં નરસિંહ અને મીરાં, પ્રેમાનંદ અને અખો, સમયસુંદર અને રવિસાહેબ, શામળ અને દયારામ, સહજાનંદી સાધુ-કવિઓ અને મુસ્લિમ-ખોજા કવિઓ, દલિતવર્ગી કવિઓ અને સ્ત્રી કવિઓથી રળિયાત હતો. આશરે ૧૪મી-૧૫મી સદીથી ૧૯મી સદીની અધવચ સુધી એ પ્રવાહ વહેતો રહ્યો.

આ ભક્ત કવિઓએ નર્યું ભક્તિગાન કે કથાગાન કર્યું ન હતું, એમને કવિતા અને કથાની પૂર્વકાલીન-તત્કાલીન પરંપરાઓનો તેમ જ સંસ્કૃત સાહિત્યની પરંપરાઓનો પણ પરોક્ષ ને ક્યાંક સીધો પરિચય અને સમજ હતાં. પોતાનું વિશિષ્ટ કવિકૌશલ પણ હતું. એથી બહુ તેજસ્વી અને પ્રતિભાશાળી સર્જકો એ સમયે પણ થયા જ છે.

–શ્રે.

# પ્રેમાનંદ

ઉત્તમ સર્જક સમયના કોઈપણ તબક્કે મળી આવે. એ રીતે પ્રેમાનંદ ૧૭મી સદીના એક પ્રતિભાવંત અને લોકપ્રિય ગુજરાતી સર્જક હતા.

એક કુશળ કથાકારની ને શબ્દમરમી કવિની એમ બેવડી શક્તિ એમનામાં હતી. કથન-પરંપરાનો ને પ્રાચીનકાવ્યો-કથાનકોની પરંપરાનો એમને પરિચય હતો. રજૂઆતની કળાની કોઠાસૂઝ પણ એમનામાં હતી. એક વ્યવસાયી કથાકાર તરીકે પોતાનાં આખ્યાનકાવ્યોને ગાયન-પઠન-અભિનયન એમ ત્રિવિધ રીતે રજૂ કરતા પ્રેમાનંદ એમના ભાવિક-રસિક શ્રોતા-સમુદાયને કથા-કવિતાનું રસપાન કરાવતાં એમને દિવસો સુધી લીન કરી શકતા હશે. જે રીતે આજની ટીવી-શ્રેણીઓમાં એના આકર્ષક ઘટના-અંશો(એપિસોડ્ઝ) રસપ્રદ પ્રસંગ આગળ અટકે ને પછીનો કથા-અંશ જોવા પ્રેક્ષકોને બેતાબ કરે એવી કુશળ-રસિક કથનશૈલી પ્રેમાનંદની પણ હતી.

પરંતુ પ્રેમાનંદે આવું લોક-રંજન જ કરેલું એમ નથી, એક પરિપક્વ કવિ અને કલ્પનાશીલ કથનકલાકાર તરીકે પ્રાચીન કથા-ઘટનાઓનું સારસત્ત્વ ગ્રહણ કરીને તથા પાત્રોનાં અંતરમાં ઊંડે ઊતરીને, પ્રસંગો-પરિસ્થિતિઓના ઝીણા મર્મો ઉઘાડીને, એમણે માનવ-ભાવનાની અને ઊર્મિની સૂક્ષ્મતાઓનો સ્પર્શ પણ કરાવેલો છે. જે રીતે માનવજીવન-વ્યવહારનો એમને બહોળો પરિચય હોવાનું જણાય છે, એવી જ રીતે માનવમનનાં વિવિધ સ્તરોને જોઈ શકનારી સર્જકદૃષ્ટિ પણ એમનામાં હતી. એથી આજે આપણી વિકસિત સાહિત્ય-રુચિને પણ, પ્રેમાનંદનાં આખ્યાનો પ્રસન્ન ને પ્રભાવિત કરી શકે છે.

એમણે રચેલાં ઘણાં આખ્યાનોમાં ઓખાહરણ (રચના ૧૬૬૭), સુદામાચરિત્ર(૧૬૮૨), મામેરું(૧૬૮૩), અને નળાખ્યાન(૧૬૮૬) વિશેષ મહત્ત્વનાં છે. –શ્રે.

## સંપાદક-પરિચય

**ભરત ખેની(૧૯૮૭)** નવી પેઢીના એક તેજસ્વી અભ્યાસી અને આશાસ્પદ કવિ છે. ગુજરાતી સાહિત્યના અધ્યાપક તરીકે પાંચ વર્ષ આણંદની એન. એસ. પટેલ કૉલેજમાં કામ કર્યું ત્યાં વિવિધ સાહિત્યિક કાર્યક્રમોમાં સક્રિય રહેવાથી એમની અભ્યાસવૃત્તિ વિકસતી ગઈ. એ દરમ્યાન ‘અનુ-આધુનિક ગુજરાતી વાર્તાનું સંવેદનવિશ્વ’ પર શોધનિબંધ કરીને પીએચ.ડી. થયા. અત્યારે તે દાહોદ પાસેના ગરબાડાની સરકારી વિનયન કૉલેજમાં ગુજરાતીનું અધ્યાપન કરે છે.

ડૉ. ભરત ખેનીની રુચિ સાહિત્ય ઉપરાંત ચિત્રકળા અને લોકસાહિત્યમાં પણ પ્રસરેલી છે. ‘કંઠસંપદા’ સામયિકના તથા ‘લોકસાહિત્ય અને સંબંધિત વિદ્યાશાસ્ત્રો’, ‘પ્રતિપદા’, વગેરે પુસ્તકોના સંપાદનમાં એમની ચીવટભરી અભ્યાસદૃષ્ટિ ઉપયોગી બનેલી.

ગુજરાતીનાં વિવિધ સામયિકોમાં એમના અભ્યાસલેખો પ્રગટ થતા રહે છે. વળી, છેલ્લા કેટલાક સમયથી, મહત્ત્વનાં સામયિકોમાં પ્રગટ થતાં એમનાં વિશિષ્ટ મુદ્રાવાળાં કાવ્યોએ રસિકો અને અભ્યાસીઓનું વિશેષ ધ્યાન ખેંચ્યું છે.

તાજેતરમાં એમણે, વર્ષોના ઉદ્યમભર્યા અભ્યાસના પરિણામ રૂપે, ભારતના વિખ્યાત ચિત્રકળાકાર રાજા રવિ વર્માનું ચરિત્ર પ્રકાશિત કર્યું છે. એ ગ્રંથ એક રસપ્રદ ચરિત્રલેખન બનવા ઉપરાંત રાજા રવિ વર્માની જાણીતી ચિત્રકૃતિઓને સમાવતું એક મહત્ત્વનું દસ્તાવેજી અંકન પણ બન્યું છે. એમાંની શાસ્ત્રીય સંદર્ભસામગ્રી અને સૂચિ પણ દ્યોતક છે. ગ્રંથનું નિર્માણ એક કલાકારના ચરિત્રને શોભાવે એવું રૂપકડું છે.

અભિમન્યુ-આખ્યાનના સંપાદનથી ભરતભાઈ મધ્યકાલીન સાહિત્યના અભ્યાસક્ષેત્રમાં પ્રવેશે છે ત્યારે એમને વિશેષ અભિનંદન અને શુભેચ્છાઓ.

**–રમણ સોની**

## કૃતિ-પરિચય : અભિમન્યુ-આખ્યાન

અભિમન્યુવિષયક ગુજરાતી આખ્યાન-પરંપરામાં ‘અભિમન્યુ આખ્યાન’ એ કવિ પ્રેમાનંદની નોંધપાત્ર કૃતિ છે. એમાં ત્રણ કથાપ્રસંગોની ગૂંથણી, ૧૭ રાગ, ૩૬ ચાલનો નિર્દેશ અને ૫૧ કડવાં છે.

પ્રથમ ૨૦ કડવાં અભિમન્યુના જન્મ સુધીની કથા કહેવામાં લીધાં છે, અહીં અભિમન્યુના અહિલોચન અસુર તરીકેના પૂર્વભવનું વૃત્તાંત, કૃષ્ણની કપટલીલા, સ્ત્રીસ્વભાવની લાક્ષણિકતાઓ અને અહિલોચનકથા અને અભિમન્યુ-જન્મ એમ દ્વિદલ પ્રસંગ આલેખાયાં છે. પછીનાં બે કડવાં અભિમન્યુના લગ્ન પ્રસંગને આપ્યાં છે. ૨૩મા કડવા પછી આ આખ્યાન મહાભારતપ્રસિદ્ધ યુદ્ધકથા તરફ વળે છે, આ બીજો ખંડ વિવિધ ભાતવાળી કથાનો પરિચય કરાવે છે. કાવ્યના ત્રીજા ખંડમાં ી આપણને યુદ્ધકથાનો પ્રત્યક્ષ પરિચય મળે છે. કડવાં ૩૯ થી ૪૯માં વીરરસને કેન્દ્રમાં રાખી વાતાવરણમાં કરુણ અને અન્ય રસોની છાયા પ્રસારતી આ કોઠાયુદ્ધની કથા વિગતે વર્ણવાઈ છે અને અભિમન્યુના મૃત્યુ સાથે એનો અંત આવે છે. ૫૦મા કડવામાં અર્જુન જયદ્રથનો વધ કરવાની પ્રતિજ્ઞા કરે છે. એ પ્રતિજ્ઞા, કૃષ્ણની કુશળતાથી, અર્જુન પૂરી કરે છે, અને જયદ્રથનું મસ્તક છેદે છે.

કવિએ પરિવારભાવ, વાત્સલ્યભાવ જેવા અને અન્ય તળપદા ભાવો ગૂંથી લીધા છે. કૃષ્ણના અભિમન્યુ પ્રત્યેના વેરનો તંતુ અહીં અનેક પ્રસંગોથી બહેલાવીને રજૂ થયો છે. એમાં કૃષ્ણનું ચરિત્ર એમના કપટ-ચાતુર્યને કારણે હીણું લાગે જ્યારે અભિમન્યુનું ચરિત્ર એના નિર્વ્યાજ વીરત્વને કારણે ગૌરવવંતું લાગે છે.

કવિ દ્વારા અહીં લગ્ન, પ્રસૂતિ, મોસાળું, સામૈયું વગેરે પ્રસંગોના

ગુજરાતી વ્યવહારોના ચિત્રણને પણ અવકાશ મળ્યો છે. અહિલોચન અને શુક્રાચાર્યવેષી કૃષ્ણના મિલનપ્રસંગને પ્રેમાનંદ અસાધારણ નાટ્યાત્મકતાથી ખીલાવી/મલાવીને મૂક્યો છે તો કૃષ્ણએ સુભદ્રાને સાચવવા આપેલી પેટીમાં શું છે તે જાણવા ઉત્સુક ભાભીઓનાં વિચાર-વર્તનના નર્મમર્મપૂર્ણ આલેખનમાં એમની જનસ્વભાવની ઊંડી સૂઝ પ્રગટ થાય છે. દિવ્ય શાસ્ત્રાસ્ત્રોથી ખેલાતા યુદ્ધમાં અદ્ભુત તો છે જ પણ ત્યાં તે વીરરસને અધિક પ્રભાવક બનાવવામાં મદદરૂપ થાય છે. યુદ્ધપ્રસંગો રૂઢ શૈલીએ વર્ણવાયા છે, પરંતુ કૌરવ સૈન્ય વચ્ચે ફસાયેલા અને છેવટે મૃત્યુને વરતા કિશોરવીર અભિમન્યુનું "બહુ પારધીએ પોપટ વીંધ્યો" અને "ભાંગ્યો ચંપાનો છોડ" વગેરે ઉપમાદિ અલંકારોથી લાક્ષણિક ચિત્રણ રજૂ કરી આપવામાં પ્રેમાનંદને મળેલી સફળતા ધ્યાન ખેંચે એવી છે.

સાતમા કોઠાનું જ્ઞાન અધૂરું રાખવા છતાં, દ્રૌપદી પાસે ભાણેજને શાપ દેવડાવ્યા છતાં, કુંતીના રક્ષાકવચને ઉતરાવી નાખવા છતાં, અભિમન્યુને પરાક્રમી થતો કૃષ્ણ રોકી શક્યા નથી. બીજી બાજુ, કૌરવોના છલ ઉપરાંત ઉત્તરા-અભિમન્યુનો રણભૂમિ વચ્ચેનો એકમાત્ર અને અંતિમ સમાગમ-વિરહ પણ વીર અભિમન્યુના મૃત્યુને વીર સાથે કરુણનો સ્પર્શ આપે છે. 'અભિમન્યુ આખ્યાન' એની પ્રારંભની કૃતિ હોવા છતાં પ્રેમાનંદની ઘડતી આવતી કલાદ્રષ્ટિનો પરિચય આપતી સક્ષમ રચના છે.

—ભરત ખેની

## હસ્તલિખિત સાહિત્યમાંથી મુદ્રિત સાહિત્ય
## અને આ ઈ-સંપાદન

પ્રાચીન-મધ્યકાલીન સાહિત્યની પહેલી પરંપરા તે ગાન અને શ્રવણની પરંપરા. પેઢી દર પેઢી એ ચાલતી રહેલી. એની સાથેસાથે એ હસ્ત-લિખિત રૂપે પણ આગળ ચાલતી રહેલી. એમ જૂનું સાહિત્ય હસ્ત-પ્રતોમાં સચવાતું રહ્યું.

કંઠ-પરંપરામાં આ ગીતો-ભજનો બીજી મંડળી સુધી ને પછી બીજી પેઢી સુધી જાય ત્યારે એમાં શબ્દો બદલાય, ક્યારેક ઉમેરાય. એ જ રીતે હસ્તપ્રતોની પણ જ્યારે સમય જતાં, બીજા લહિયાદ્વારા, નવી નકલ થાય ત્યારે એમાં પણ શબ્દો બદલાય, લેખનની ભૂલો થાય, ઉમેરા થાય, પંક્તિઓની વધઘટ સુદ્ધાં થાય! જ્યાં જુદું સંભળાય, ખોટું વંચાય ત્યાં ફેરફારો થાય જ.

એમ, (ટૂંકા કે લાંબા) એક જ કાવ્યનાં એકથી વધારે રૂપ મળે – એક જ કાવ્યની એકથી વધારે હસ્તપ્રતો મળે. અનેક કવિઓનાં કાવ્યોની આવી બહુસંખ્ય હસ્તપ્રત-પોથીઓ જૈન ભંડારોમાં ને પ્રાચ્ય વિદ્યાની વિવિધ સંસ્થાઓનાં ગ્રંથાલયોમાં સચવાયેલી છે.

એટલે, પ્રિન્ટિંગ પ્રેસ આવ્યું ત્યારે એ હસ્તપ્રતોને મુદ્રણ રૂપ આપતાં પહેલાં એના જાણકાર વિદ્વાનો, એક કૃતિની વિવિધ પ્રતોનો યોગ્ય અભ્યાસ કરીને એક મુખ્ય પાઠ(text) તારવે ને છોડી દીધેલા અન્ય પાઠો/શબ્દો ફૂટનોટ રૂપે નોંધે-સાચવે. એ સંશોધિત સંપાદન(critical text) પછી મુદ્રિત થાય.

‘અભિમન્યુ-આખ્યાન’નાં આવાં જે મહત્ત્વનાં સંપાદનો થયાં છે એ દરેકમાંના સ્વીકૃત પાઠો અને પાઠાન્તરો તપાસીને, કાવ્યમાંના લયની-ઢાળની-અર્થની સંવાદિતાને, એકવાક્યતાને તથા સુગમતાને ધ્યાનમાં રાખીને મેં સંકલિત કરેલા પાઠનું આ શાસ્ત્રીય ઈ-સંપાદન કર્યું છે. **(વિશેષ વિગતો માટે જુઓ છેલ્લે ‘અભિમન્યુ-આખ્યાન’નો આસ્વાદ-લેખ, ખંડ-૮ )**

**–સંપાદક**

# અભિમન્યુ-આખ્યાન – પ્રેમાનંદ

## કડવું ૧

[ કવિ મંગલાચરણ કરીને મહાભારતના દ્રોણપર્વની અભિમન્યુ-કથાનો નિર્દેશ કરે છે. બાર દિવસ સુધી કુરુક્ષેત્રના યુદ્ધમાં અર્જુન-અભિમન્યુનાં પરાક્રમથી વાજ આવેલા કૌરવપતિ, સેનાપતિ દ્રોણ પરાજિત થતાં, અભિમન્યુની સામે સ્વપક્ષને ઉગારવાની દ્રોણને વિનંતી કરે છે. દ્રોણ અભિમન્યુને મારવાની પ્રતિજ્ઞા કરે છે. શ્રીકૃષ્ણ ભાણેજ અભિમન્યુ નાશને શક્ય કરવા અર્જુનને સંશપ્તક પાસે તેડી જાય છે.]

### રાગ કેદારો

શ્રી શંભુસુતને હ્દે ધરી વર માગું વેગે કરી,
શ્રીહરિ ગાવાની ગત્ય આવડે રે. ૧

કમલાસનની કુંવરી! વાણીદાતા તું ખરી;
વાગીશ્વરી! વિદ્યા તમ જોતાં જડે રે. ૨

**ઢાળ**

જડે વિદ્યા નિર્મળી, જો સરસ્વતી હોયે તુષ્ટમાન;
પદબંધ કરવા ઇચ્છું છું અભિમન્યુનું આખ્યાન. ૩

વૈશંપાયન વાણી વદે : તું સુણ જનમેજય રાય!
દ્રોણપર્વની પાવન કથા સાંભળતાં દુ:ખ જાય. ૪

કુરુક્ષેત્રમાં રાજને અર્થે કૌરવ-પાંડવ વઢિયા,
દસમે દિવસે ભીષ્મપિતામહ બાણશય્યાએ પડિયા.૫

પાંડવનાં પ્રાક્રમ દેખીને કૌરવ માત્ર મન બીધા;
શકુનિશું દુર્યોધન સર્વ મળીને દ્રોણ સેનાપતિ કીધા. ૬

મહાતુમુલ ત્યાં યુદ્ધ હવું ને વહી ગયા બે દિન,
અર્જુન-અભિમન બેથી હાર્યા દ્રોણચાર્યા મુનિજંન. ૭
સુભટ સર્વે મળીને બેઠા દુર્યોધનને દ્વારે;
કોને બોલવાની શક્તિ નહીં જે સૌભદ્રેને મારે. ૮

કૌરવપતિએ બેહુ જોડી વીનવિયા ગુરુ દ્રોણ :
'સ્વામી! સૌભદ્રેરૂપી સાગર તમ વિના તારે કોણ? ૯

અર્જુને હસ્તી સંઘાતે હેલાં હણ્યો ભગદત્ત;
મુનિ! તમને મૂર્છા પમાડ્યા, અભિમન્યુ મહા ઉન્મત્ત.' ૧૦

એવું કહીને મુગટ ઉતારી ગુરુને પાગે ધરિયો;
'ગુરુ! બંધાવો તો હું બાંધું,' એમ અહંકારી ઓચરિયો. ૧૧

રીસ કરીને ઋષિજી બોલ્યા, કર ઉદક-અંજલિ લીધી;
અભિમન્યુને મારવાની ગુરુ દ્રોણે પ્રતિજ્ઞા કીધી. ૧૨

'સૌભદ્રે મેં કાલ મારવો,' ઋષિનાં વચન શ્રવણે પડિયાં,
હરખ્યો હસ્તિનાપુરનો રાજા, દુંદુભિ ત્યાં ગડગડિયાં. ૧૩

શ્રીકૃષ્ણ ગયા અર્જુનને તેડી સંશપ્તકને પાસ;
ભૂધરે ભાણેજ પોતાનો કૌરવ-પે કરાવ્યો નાશ. ૧૪

વૈશંપાયનનાં વચન સુણીને રાય જનમેજય પૂછે :
અભિમન્યુને મરાવ્યો મામે તે, કહોને, કારણ શું છે? ૧૫

**વલણ**

કહોને કારણ કૃષ્ણજીનું જે કીધો મોટો કરે રે.
ધૃતરાષ્ટ્ર પૂછે સંજયને : મામા-ભાણેજને શાનું વેર રે? ૧૬

## કડવું ૨
## રાગ કેદારો

[અભિમન્યુની પૂર્વકથાનો આરંભ. અયદાનવે મહાતપ દ્વારા મહાદેવને પ્રસન્ન કરી વરદાન પ્રાપ્ત કર્યું. દશ દિશાઓ જીતી, અધર્મ પ્રવર્તાવ્યો. ત્રસ્ત દેવો કૃષ્ણ-બલરામને વીનવવા દ્વારકા ગયા.]

સંજયનાં વાયક સુણી બોલ્યો હસ્તિનાપુરનો ધણી :
અતિઘણી સંદેહની મન વારતા રે. ૧

હરિને હેત અતિ ઘણો સૌભદ્રે જે પાંડવ તણો,
નવ ગણ્યો, ભાણેજને પ્રભુ મારતા રે. ૨

**ઢાળ**

મારવો અભિમન કેમ પડ્યો? ગોવિંદને શું વેર?
પ્રદ્યુમ્નની પેરે ઉછેર્યો જે પોતાને ઘેર. ૩

પ્રશ્ન સુણીને પ્રજ્ઞાચક્ષુને સંજય કહે કથાય :
વેરભાવ છે પૂર્વ જન્મનો, સાંભળ, ધૃતરાષ્ટ્ર રાય! ૪

એક અયદાનવ દૈત્યનો રાજા, તેણે મહાતપ કીધું,
થોડે દહાડે શ્રીમહાદેવે આવીને દર્શન દીધું. ૫

સાદ કરીને શંભુ બોલ્યા : 'માગ દાનવ! વરદાન;
તારું તપ અતિ નિર્મળ દેખી થયો હું તુષ્ટમાન.' ૬

અયદાનવ બેહુ કર જોડી લાગ્યો શિવને ચર્ણ :
'સ્વામી! માગું છું તમ પાસે, કો કાળે ન પામું મર્ણ. ૭

દેવ, દાનવ ને યક્ષ, વિદ્યાધર યુદ્ધે હુંથી હારે;
બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, શૂદ્ર કો, સ્વામી! મુને ન મારે. ૮

અઠ્ઠોતેર સો વ્યાધિ ન આવે શરીરે, પંચવદન!
ચૌદ લોકમાં ગત ગયાની, ભમું ત્રણે ભુવન. ૯

વ્યાલ ડસે તો વિષ નવ ચડે, પશુપંખી મારો આહાર;
લોહ, કાષ્ઠ, અગ્નિ નહિ અડકે, વશ વરતે સંસાર.' ૧૦

મહાદેવ કહેઃ 'તું સર્વને જીતીશ ત્રણ લોકને માંહ્ય,
પણ વૈકુંઠવાસી આદ્ય વિષ્ણુ, તેને નવ જિતાય.' ૧૧

અંતર્ધાન ઈશ્વર થયા એહવું કહી વચન;
અયદાનવ આવ્યો નિજ ધામે, માંડ્યું રાજ્યાસન. ૧૨

દશે દિશા જીતી વશ કીધી, ચલાવ્યો અધર્મ;
મુનિ માત્ર મારીને કાઢ્યા, મુકાવ્યાં ખટ કર્મ. ૧૩

ગુરુ શુક્રાચાર્યને પછે સોંપ્યો પુરનો ભાર;
અમરાપુરી મુકાવી ઇંદ્રને, લીધો પોતે અધિકાર ૧૪

દેવ માત્ર ટોળે મળીને ગયા દ્વારિકા ગામ,
અંતરિક્ષ રહીને સ્તુતિ કીધી, વીનવ્યા કેશવ-રામ. ૧૫

### વલણ

વીનવ્યા કેશવ-રામ રે, સંજય વાણી ઓચરેઃ
દેવનો પ્રેર્યો દીનાનાથ વેરીનો વધ કઈ પેરે કરે. ૧૬

## કડવું ૩

[દેવોની વિનંતીથી શ્રીકૃષ્ણે અયદાનવની સામે યુદ્ધ આદર્યું.
અયદાનવ હણાયો. એની ગર્ભવતી પત્ની પિયર ચાલી ગઈ.]

### રાગ આશાવરી

સંજય વાણી ઓચરે, ધૃતરાષ્ટ્ર તે શ્રવણે ધરે;
શું કરે શ્રીહરિ તે કહું રે. ૧

શું કરે તે સાંભળ, રાજા! આવ્યા તેત્રીશ ક્રોડ;
કુશસ્થલીમાં શ્રીકૃષ્ણજીને વીનવિયા કર જોડ : ૨

‘દેવકીનંદન, વિશ્વનંદન, દૈત્ય-નિકંદન સ્વામ!
દુઃખ ટાળો દેવતાનાં, દૈત્યનો ફેડો ઠામ. ૩

અયદાનવે અવની પરે વધાર્યો અધર્મ;
તે તમારે હાથે મરે, મહાદેવે કહ્યો મર્મ. ૪

અસુરને સંઘારવાને તમે લીધા દશ અવતાર;.
અયદાનવને સંઘારીને ઉતારો ભૂતલ-ભાર.’ ૫

ઊઠ્યા હરજી, શંખ લીધો, શબ્દ કીધો પ્રૌઢ;
ગદા સારંગપાણિએ લીધી, પલાણ્યો ગરુડ. ૬

સંકર્ષણ સાથે થયા જાદવ ક્રોડ છપ્પન;
શોણિતપુર ભણી સર્વે ચાલ્યા, દેવ હરખ્યા મન. ૭

અયદાનવ આવ્યો સામો ને રોપિયો રણસ્થંભ;
દેવ-દાનવ બંને મળીને માંડિયો મહારંભ. ૮

ખડ્ગ, ખાંડાં ને વળી ફરશી, ઝળકતી તરવાર;
શ્રી જગદીશના પ્રેર્યા જાદવ કરે મારોમાર. ૯

અયદાનવ ને અવિનાશી સન્મુખ આવી મળિયા;
કો કોને ગાંઠે નહિ, સમાન બેહુ બળિયા. ૧૦

દાનવે દીનાનાથજીને ઢાંક્યા શરની જાળ;
બાણપ્રહારે ગરુડ પરથી પૃથ્વી પડ્યા ગોપાળ. ૧૧

જીવરખી ને ટોપકવચ કૃષ્ણનાં નાખ્યાં કાપી,
બલિભદ્ર નાઠા રણ વિષેથી, ગડગડ્યો મહા પાપી. ૧૨

સેના નીરખી નાસતી ને ગાજ્યા શ્રીજગનાથ;
કોપ કરીને કૃષ્ણજીએ ચક્ર લીધું હાથ. ૧૩

સુદર્શન દેખી કરીને અદૃષ્ટ હવો અજાણ;
માયા કીધી, આકાશમારગે વરસતા પાષાણ. ૧૪

કરે કોરણ કાટકા ને અંતરિક્ષ અંધારું ઘોર,
‘ન જાયે જાદવ જીવતો, મારો માખણ-ચોર.’ ૧૫

કર્દમ કાંટા કાષ્ઠનો વરસે રુધિર વરસાત;
બ્રહ્માંડ લાગ્યું ડોલવા ને મંડાણો ઉત્પાત. ૧૬

સારંગ લીધું શામળે, શર ચડાવ્યું ગોપાળ;
વિદ્યુત-અસ્ત્રે માયા કાપી કીધો તાં અજવાળ. ૧૭

નિરાળો તવ દીઠો દાનવ, મૂક્યું સુદર્શન;
ચતુર્ભુજનું ચક્ર વાગ્યું, મસ્તક થયું છેદન. ૧૮

દેવતાનું દુઃખ ટળ્યું, પછે પડ્યા પુરમાં ત્રૂટી;
ભંડાર રીધ અસુરની તે દેવે લીધી લૂંટી. ૧૯

**વલણ**

લૂંટી રીધ દાનવ તણી, નાઠી અયદાનવની નાર રે;
તેના ઉદર માંહે ગર્ભ છે, ગઈ પિહેર મોઝાર રે. ૨૦

## કડવું ૪

[અયદાનવની પત્નીએ પિયરમાં પુત્ર અહિલોચન ને જન્મ આપ્યો. મોસાળમાં નાગબાળ સાથે રમતાં એક દિવસ ઝઘડો થયો. પાછા વળતાં સર્વ નાગે મળી એને મહેણું માર્યું કે એના પિતા, જન્મસ્થળ વગેરે સહુને અજાણ છે. ઓશિયાળા બનેલા અહિલોચનને હૈયામાં ઝાળ લાગી.]

**રાગ આશાવરી**

સંજય બોલ્યા વાણી રે : એક અયદાનવની રાણી રે,
નવ જાણી રે દેવે જાતી પિહેર વિખે રે. ૧

હાં રે તે કરતી આંસુપાત રે, દેખી રોયાં માત ને તાત રે;
સરવ વાત રે માંડીને કહેતી મુખે રે. ૨

હાં રે તેના પિતા પુંડરિક વ્યાલ રે, રાખી કુંવરીને તત્કાલ રે;
એક બાલ રે પૂરે માસે પ્રસવ હવો રે. ૩

પ્રસવતાં પુત્ર રોયો રે, જાણે પ્રલેકાળ તાં હોયો રે;
જોયો રે સર્વ નાગેણે દીકરો રે. ૪

માતાનું મન ઠરિયું રે, તેણે જાતકર્મ તાં કરિયું રે;
ધરિયું રે અહિલોચન નામ તેનું રે. ૫

દહાડેદહાડે પુત્ર મોટો થાયેરે, મોસાળ સાથમાં રમવા જાયે રે;
રમવા ગયો રે નાગના બાળ માંહ્ય રે. ૬

માંહોમાંહે બાળક વઢિયા રે, અહિલોચન ઉપર પડિયા રે;
ચડિયા રે વાંસા ઉપર ઊભા રહ્યા રે. ૭

અહિલોચન અતિશે બળિયો રે, તે તો નાદ કરી ઊછળિયો રે;
વળિયો રે પાછો બાળક કંઠે ગ્રહ્યો રે. ૮

તે બાળક પાડે બરકાં રેઃ 'અહિલોચન! આપણ સરખા રે.'
જેમ વરખા રે તેમ આંસુડાં ઝરતાં રે. ૯

નાગ સર્વ કોઈ ધાયા રે, અહિલોચનના કર સાહ્યા રે;
કહે : ‘ભાયા રે! તું કોણ નગરમાં ઊછર્યો રે? ૧૦

કો ન જાણે તારો બાપ રે, કોણે જણ્યો ને કોને સંતાપ રે.’
એમ મહેણાં રે સર્વે દીધાં અતિઘણાં રે. ૧૧

ત્યારે થયો ઓશિયાળો મન રે, હૈયે લાગ્યો હુતાશન રે;
કાંઈ તન રે કાંપે પોતા તણું રે. ૧૨

**વલણ**

તન પોતાનું કાંપતું, આવ્યો જ્યાં છે માત રે;
દીન દીઠો દીકરો, તેહની જનુની પૂછે વાત રે. ૧૩

## કડવું ૫

[માતાએ અહિલોચનને સત્ય હકીકતથિ પરિચિત કર્યો. અહિલોચન કૃષ્ણને હણવા તત્પર બન્યો. માતાનો વાર્યો ન રોકાતાં કૈલાસ પર્વત પર જઈ હઠયોગ આદર્યો. મહાદેવને પ્રસન્ન કરી, એમની પાસેથી વજ-પિંજર મેળવી અહિલોચન સ્વસ્થાને પાછો ફર્યો.]

**રાગ રામગ્રી**

પુત્ર કાંઈ દીઠો અતિશે રોતો જી,
હૃદયાફાટે, આંસુ લોહતો જી.
‘અરે અહિલોચન! મારા વહાલા જી!
કોણે કષ્ટિયો? કહેને કાલા જી. ૧

## ઢાળ

કોણે, કાલા! કષ્ટિયો જે પીડા પામ્યો તુંય?
આંખડીએ આંસુ ભર્યાં છે, સનમન્યો તે શુંય?' ૨

પુત્ર વળતું બોલિયો : 'માતાજી, અવિધારો;
સર્પ માત્રે મહેણું દીધું, મુને કહ્યો નઠારો. ૩

કોણ સ્થાનક આપણું રે? કોણ મારો તાત?
ઉદર ભરવા અહીં વસ્યાં તે કોણ કારણ, માત?' ૪

વચન સુણી કુંવર કેરાં ગળગળી થઈ નાર,
સ્વામીનાં સુખ સાંભર્યાં, નયણે વહે જળધાર : ૫

'પુત્ર! મુજને શું પૂછે છે? મેં કહ્યું કઈ પેરે જાય?
પેટ ભરો પરવશ થઈ, લખ્યું ફોક નવ થાય. ૬

બાપ તારો મહા બળિયો, પ્રસિદ્ધ તેનું નામ,
ચૌદ લોક ચરણે નમ્યાં, પણ કૃષ્ણે ફેડ્યો ઠામ.' ૭

સાંભળી સુત બોલિયો : 'મેં આજ જાણી પેર;
હવે કૃષ્ણના કટકા કરું, પછી વસું બાપને ઘેર.' ૮

જનુની કહે : 'જગદીશ મોટો, તું નોહે તેની જોડ;
તું છે જાતે એકલો, હરિને જાદવ છપ્પન ક્રોડ. ૯

તાત તારો જીતતો તે મહાદેવને વરદાન;
તુજને કો ઓળખે નહિ, બેસી રહે આ સ્થાન.' ૧૦

વળતો અહિલોચન ઓચરે : ‘જઈ ઈશ્વરને આરાધું;
અમર થઈને સંઘારું હું જાદવનું કુળ બાધું.’ ૧૧

એવું કહી ઊભો થયો, મા મૂકી મામા પાસ;
વાર્યો કોનો નવ રહ્યો, જઈ પરવર્યો કૈલાસ. ૧૨

નવે દ્વાર જ રૂંધિયાં ને બાંધ્યો શ્વાસોચ્છ્‌વાસ;
જમણા પગને અંગૂઠે ઊભો રહ્યો ખટ માસ. ૧૩

પછે પંચવદન પધારિયા, હુવા તે તુષ્ટમાન :
‘માગ માગ રે, બાળકા!’ મહાદેવ કહે : ‘વરદાન.’ ૧૪

અહિલોચન આવી નમ્યો ત્યારે સદાશિવને ચર્ણ :
‘વરદાન આપો એટલું, હુંથી કૃષ્ણ પામે મર્ણ.’ ૧૫

મહાદેવે મન વિમાસિયું જે મરે નહિ જગદીશ;
પછે વિચારીને આપિયું વજ્રપંજર શ્રીઈશ. ૧૬

પિપીલિકા પેસી નવ શકે, સાંચરે નહિ પવન,
એવી પેટી આપીને પછે બોલ્યા પંચવદન : ૧૭

‘જે કો પેસે પંજર વિષે’ એમ કહે પિનાકપાણ,
‘દ્વાર દેતામાં તેહના જશે નીસરી પ્રાણ.’ ૧૮

ઈશ્વર કહે : ‘હો અહિલોચન! જો હોય તુજમાં આય,
તો કંઠે ઝાલી કૃષ્ણજીને ઘાલ પેટી માંય.’ ૧૯

એવું કહીને અવિનાશી હવા અંતર્ધાન;
પુત્રે પેટી લીધી મસ્તક,  આવિયો નિજ સ્થાન.  ૨૦

### વલણ

સ્થાન નિજ માતા તણું, પાતાળમાં મોસાળ રે;
પેટી મૂકી માતા આગળ : 'મુને શિવ થયા કૃપાળ રે.'  ૨૧

## કડવું ૬

[ અહિલોચન કૃષ્ણનું વેર વાળવા જવાની આજ્ઞા માગે છે. માતા કૃષ્ણની સર્વશક્તિમત્તા વર્ણવી એને રોકવાનો પ્રયત્ન કરે છે.]

### રાગ ગોડી

પાય લાગી પુત્ર બોલિયો : 'હો માય રે,
મુને મળ્યા શ્રીમહાદેવ, લાગું પાય રે.  ૧

પેટી આપી પરપંચની, હો માય રે,
એથી કૃષ્ણ મરે તતખેવ, લાગું પાય રે.  ૨
હવે હું જાઉં છું દ્વારિકા, હો માય રે,
વાળવા પિતાનું વેર, લાગું પાય રે.  ૩

પછે રાજ કરું શોણિતપુરનું, હો માય રે,
તમો આવજો આપણે ઘેર, લાગું પાય રે.  ૪

હવે સુખના દહાડા આવિયા, હો માય રે,
હું સરખો પડ્યો પેટ પુત્ર, લાગું પાય રે.  ૫

દ્વારિકા લાવું ઊંચલી, હો માય રે,
સોને વસાવું ઘરસૂત્ર, લાગું પાય રે.  ૬

તત્પર થઈ રહેજો તમો, હો માય રે,
જાવાને નિજ ગામ, લાગું પાય રે. ૭

જાદવ છપ્પન ક્રોડ-શું, હો માય રે,
આવું કૃષ્ણને મારી ઠામ, લાગું પાય રે, ૮

વચન સુણી મા ઓચરે : 'હો વહાલા રે,
તમો બોલો વિચારી બોલ, કુંવરજી કાલા રે. ૯

ખદ્યોત ખીજ્યો શું કરે? હો વહાલા રે,
ને નોહે સૂરજ-સમતોલ, કુંવરજી કાલા રે. ૧૦

બળિયા-શું બળ કીજે નહીં, હો વહાલા રે,
પર્વત સાથે દેવી બાથ, કુંવરજી કાલા રે. ૧૧

તું તો જંતુ જળ તણો, હો વહાલા રે,
કૃષ્ણ ત્રિભોવનનો નાથ, કુંવરજી કાલા રે, ૧૨

એણે કેશી કંસ પછાડિયા, હો વહાલા રે,
એણે ધરિયો ગોવર્ધન, કુંવરજી કાલા રે. ૧૩

એણે કાળીનાગને નાથિયો, હો વહાલા રે,
તેને કેમ કરીશ બંધન? કુંવરજી કાલા રે. ૧૪

તે રૂપ ધરે નાનાવિધ તણાં, હો વહાલા રે,
તજી જોબન ડોસો થાય, કુંવરજી કાલા રે. ૧૫

જેની માયાએ બ્રહ્મા ભમ્યા, હો વહાલા રે,
જેને નિગમ નેતિ નેતિ ગાય, કુંવરજી કાલા રે. ૧૬

તાત તારો જેણે જીતિયો, હો વહાલા રે,
વળી ચીરી દીધો જરાસંધ, કુંવરજી કાલા રે. ૧૭

તે પેટીમાં પેસે નહીં, હો વહાલા રે,
તેને તું કેમ કરીશ બંધ? કુંવરજી કાલા રે. ૧૮

જો રે રહે તું જીવતો, હો વહાલા રે,
અહીં માતામહને ઘેર, કુંવરજી કાલા રે. ૧૯

તો રાજ પામ્યાં ત્રૈલોકનું, હો વહાલા રે,
જીત્યા કૃષ્ણ ને વળ્યું વેર, કુંવરજી કાલા રે. ૨૦

**વલણ**

વેર વળે કેમ આપણું, જો દુબળાં દૈવે કર્યાં?'
ઊઠી ચાલ્યો અહિલોચન, માતાનાં વચન શ્રવણે નવ ધર્યાં. ૨૧

## કડવું ૭

[અહિલોચને દ્વારકાની વાટ લીધી. સર્વજ્ઞ કૃષ્ણે જાણી લીધું કે આ તરફ આવતો અહિલોચન યુદ્ધમાં નહિ જિતાય, પ્રપંચથી મરાશે. અહિલોચનનો ઉત્સાહ, એનું પ્રસ્થાન, ગતિ વગેરેનું વર્ણન કાવ્યત્વનો સ્પર્શ પામ્યું છે. કૃષ્ણને પણ અહિલોચનનો પ્રભાવ કબૂલતાં કહેવું પડે છે 'કપટ વિના, જીત્યાની આશા ફોક રે.']

## રાગ ગોડી લહેકણી

અહીલોચન ઊઠીને ચાલ્યો, ન રહ્યો ઝાલ્યો હાથે;
સજ્યાં ટોપ, કવચ ને બખ્તર, પેટી લીધી માથે. ૧

સર્પ સર્વે વારી રાખે : 'વણખૂટ્યે મરે શાને?'
આવ્યો કાળ બાળકને લેવા, કહ્યું કોનું નવ માને. ૨

આંસુ ભરતી આંખડી રાતી, માતા મારગ પડતી;
અહિલોચન ઊઠીને ચાલ્યો જનુની મૂકી રડતી. ૩

ભેદી ભોમને બહાર નીસર્યો, ચાલ્યો પશ્ચિમ દિશ,
દ્વારામતીની વાટ પૂછતો, વસે છે જ્યાં જગદીશ. ૪

ઊજમ સહિત ઊઠીને ચાલ્યો ગ્રહેવા શ્રીગોપાળ;
કુંવરે કેશવ નહિ જાણ્યા, જે કાળ તણા છે કાળ. ૫

હીંડતા પગને પ્રહારે કરીને ધરા ધ્રમ ધ્રમ થાયે;
ટીંબા, ટેકરા, ગિરિ ને તરુવર ઠેસે ઊડ્યાં જાયે. ૬

કુમારગ સુમારગ કીધા, વાઘે છાંડ્યાં વંન;
પૂર્વ દિશાથી પશ્ચિમ જાણે ગાજી આવ્યો ઘંન ૭

રાતા ડોળા અગ્નિગોળા, ભ્રકુટિ તાણ્યું કોદંડ;
તાડ પ્રમાણે કાયા જેની, દેખૈતો પરચંડ. ૮

શકે પ્રૌઢ પારધી પંજર લઈને ચાલ્યો ગ્રહેવા કીર;
અંતર માંહે દ્વારામતીથી જાણ્યું શ્રી જદુવીર : ૯

'અહિલોચન આવે છે બળિયો તે જુદ્ધે નહિ જિતાય;
પેટીમાં પેસે એ પાપી એવો કરું ઉપાય. ૧૦

જુગતે મારું પ્રપંચ કરીને, એ ખીજ્યો નવ મરે;
કોપ્યો હોય તો વ્યોમ-વસુધા બંને એકઠાં કરે. ૧૧

### વલણ

કરે એકઠાં વ્યોમ-વસુધા, ઉજાડે ત્રણ લોક રે;'
કહે કૃષ્ણજી : 'કપટ વિના જીત્યાની આશા ફોક રે.' ૧૨

## કડવું ૮

[અહિલોચનને કપટથી જીતવા કૃષ્ણ શુક્રાચાર્યનું રૂપ ધારણ કરી માર્ગમાં એને મળ્યા. એમના વૃદ્ધત્વનું આલેખન પ્રેમાનંદના વર્ણનકૌશલનો એક સારો નમૂનો છે વૃદ્ધનું આ સ્વાભાવોક્તિ ચિત્ર, પ્રેમાનંદના 'સુદામાચરિત'માં કૃષ્ણને મળવા દ્વારામતી જઈ રહેલા સુદામાના ચિત્ર સ્મરણ કરાવે છે.]

### રાગ ગોડી ટૂંકડી

સંજય કહે : 'સાંભળિયે રાય! દેવકીનંદનનો મહિમાય;
મારવા દાનવ કેરો ભૂપ ભગવાને ધરિયું ભાર્ગવરૂપ. ૧

શત્રુ હણવાનું સાર્યું કાર્ય, શ્રીકૃષ્ણજી થયા શુક્રાચાર્ય;
વૃદ્ધ વપુ, કર ગ્રહી લાકડી, આવે ઠેસ ને પડે આખડી. ૨

મસ્તક બાંધ્યું ફાટ્યું ચીંથરું, જળજળાં નેત્ર, જુએ અરુંપરું;
થર થર દેહ ધ્રુજે જદુરાય, કાયામાં પ્રગટ્યો કંપવાય. ૩

મુખ-નાસિકા મોહનનાં ચુએ, કપાળે કર દેઈને જુએ;
પેટે વળી છે કરચલી, દીનબંધુ જાણે પેપલી ૪

ઉધરસ ને બહુ ચડે રે શ્વાસ, એવું રૂપ ધર્યું અવિનાશ.
નીસરી ખૂંધ, કટિ બેવડ વળી, પગે વાયુ ને માથે પળી; ૫

ખોડંગાતો ચાલેકાનુઓ, વાંકોઘૂંટણ ને પગે જાનુઓ,
રસના વળગે, આવે શૂળ, પહેર્યું મૃગચર્મ, ઓઢ્યું વનકૂળ. ૬

એવે રૂપે પરમેશ્વર પળ્યા, અહિલોચનને સામા મળ્યા;
નેત્ર ઉપર દેઈ આડો હાથ, દાનવને પૂછે જદુનાથ : ૭

'મસ્તક ભાર ઊંચળ્યો કોણ પાપ? પેટી માંહે છે ઘો કે સાપ?
સજ્યું કવચ, બાંધ્યાં હથિયાર, દીસો રાજપુત્ર, કાં ઊંચલ્યો ભાર? ૮

શું ભર્યું માણેકમોતી ઝવેર? કોને આપવા ચાલ્યો ઘેર?
રખે તું જાતો દ્વારિકા ભણી, કૃષ્ણિયો લેશે પેટી તુજ તણી. ૯

તે પાપીને હૃદયે દયા નથી, મારગુને મારે સર્વથી;
જેમ તેમ સ્વારથ પોતાનો કરે, પરપ્રાણ કોડી માટે હરે. ૧૦

જેણે મામા-માસીના લીધા પ્રાણ, અયદાનવ માર્યો સુજાણ,
તેને દેવા નથી કો શીખ, મુને માગતો કીધો ભીખ. ૧૧

**વલણ**

મુને ભીખ મગાવી કેશવે, માર્યો અયદાનવ રાય રે,'
એવું કહીને રોયા હરિ : 'જજમાન સાલે રુદિયા માહ્ય રે.' ૧૨

## કડવું ૯

[શ્રીકૃષ્ણ અને  અહિલોચન પરસ્પર સ્વપરિચય આપે છે. શ્રીકૃષ્ણ અહિલોચન સાથેનો પોતાનો સંબંધ જજમાનગુરુનો દર્શાવી વજ્રપેટી વિશે જિજ્ઞાસા વ્યક્ત કરે છે. અને પેટીનું પ્રમાણ નક્કી કરવા અહિલોચનને પેટીમાં પ્રવેશવા લલચાવે છે.]

### રાગ ગોડી ઝૂમખડી

વાયક સાંભળી સ્નેહ તણાં અસુર પામ્યો આનંદ જી;
પ્રેમે લાગ્યો પૂછવા, ન ઓળખ્યા ગોવિંદ, માયા મોટી જી.  ૧

પરમેશ્વર-શું પ્રીત કરી પણ અંતરમાં છે ખોટી જી,
નવ સમજ્યો દાનવ અલ્પમતિ, જે હરિની માયા મોટીજી   ૨

'કહો, ઋષિજી! ક્યાંથી આવ્યા? શું તમારું નામ જી?
મારા પિતાને કેમ સંભારો? કોણ વસ્યાનો ઠામ?
માયા૦   ૩

તમો તે મુજને શું જાણો? હું અયદાનવનો તન જી.'
એવું સાંભળી હરખ્યા હરજી, ધાઈ દીધું આલિંગન.
માયા૦   ૪

હાથે ઝાલી હડપચી ને બોલ્યા શ્રી ભગવાન જી :
'સાચે અયદાનવનો કુંવર, હું ગુરુ, તું જજમાન.
માયા૦   ૫

ગયાં નેત્ર અંધને આવે, વંધ્યા પ્રસવે તન જી,
એવું મારે થયું; હશે, ભાઈ! સાચું કે સ્વપન?
માયા૦ ૬

તું સરખો ભારે ભડ, ભાઈ! બેસી રહ્યો શું ઘેર જી?
કૃષ્ણ-શત્રુને હાથે હણ્યો નહિ, ન વાળ્યું બાપનું વેર!
માયા૦ ૭

શુક્રાચાર્ય તે નામ મારું, હુંથી કાળ પામે બીક જી;
દુઃખી થયો જજમાન જ મરતાં, જીવ્યું તે મારું ધીક.
માયા૦ ૮

કો જનુનીએ જન્મ્યો નથી જે જદુપતિયાને પછાડે જી,
દાઝ ઓલવી મયદાનવની, મુજને સુખ પમાડે.
માયા૦ ૯

કહે કુંવર, તું કેમ ઊછર્યો? મેં હવે હાથે ઝાલ્યો જી;
વજ્રપંજર ક્યાંથી પામ્યો? આ મારગે કેમ ચાલ્યો?'
માયા૦ ૧૦

શમીવૃક્ષની છાયા હેઠળ બેઠા બંને એકાંત જી;
અહિલોચને વાત જ માંડી, આવ્યો ન જાણે અંત.
માયા૦ ૧૧

વહાલો ગુરુ જાણીને કુંવર કર જોડી ઓચરિયો જી :
'પાતાળમાં પ્રસવ થયો ને મોસાળમાં ઊછરિયો.
માયા૦ ૧૨

ઈશ્વર આરાધી પંજર પામ્યો, એહથી કારજ સરશે જી;
કૃષ્ણને ઘાલું પેટી માંહે, અકળાઈ આફણિયે મરશે.'

માયા૦ ૧૩

એવું સાંભળી હરજી બોલ્યાઃ 'એ કામ કઈ પેરે થાશે જી?
દ્વાર પેટીનું સાંકડું દીસે તે શામળો કેમ સમાશે?

માયા૦ ૧૪

કામ કાચું ન કીજે, કુંવર! જ્ઞાન-દૃષ્ટે નીરખો જી;
પેસીને જુઓ પરમાણું પેટીનું, કૃષ્ણિયો છે તુજ સરખો.

માયા૦ ૧૫

પાસે મૂક્યા બદલાઓ બંને, જૂજુઆ નવ ઓળખાઓ જી;
માટે પેટીમાં પેસી નીસરો, પછે સંગ્રામે જાઓ.

માયા૦ ૧૬

**વલણ**

'જાઓ પછે સંગ્રામ કરવા,' એમ બોલ્યા શ્રીગોવિંદ રે;
અહિલોચનને પછે શું કીધું, તે કહે ભટ પ્રેમાનંદ રે.

માયા૦ ૧૭

## કડવું ૧૦

[કૃષ્ણની પ્રપંચવાણીમાં ફસાયેલો અહિલોચન પેટીમાં પ્રવેશવા તૈયાર થાય છે; પણ માતાની શીખ સાંભરી આવતાં શંકા કરે છે. કૃષ્ણ વિશેષ છલવાણી ઉચ્ચારી એને વિશ્વાસમાં લે છે અહિલોચન પેટીમાં પ્રવેશી અત્યંત ગૂંગળામણ અનુભવે છે. કૃષ્ણ સત્ય હકીકતનો ઘસ્ફોટ કરે છે.]

## રાગ વેરાડી

સંજય કહે : સાંભળિયે, રાય! પરપંચ પ્રભુનો નવ પ્રિછાય;
મોહને નાખ્યો માયા-ફંદ, અહિલોચન પામ્યો આનંદ. ૧

'ધન્ય ધન્ય, મારા ગુરુજી સુજાણ! હું જોઉ પેટીનું પ્રમાણ;
મારું શરીર જો માંહે ફરે, તો જાણીએ જદુપતિયો મરે. ૨

પછે સુખે રાજ્યાસન કરું, ભાર સર્વ તમ મસ્તક ધરું.'
ગુરુ કહે : 'હો કુંવર ગુણવંત! હવે મારું માન્યું ચંત. ૩

શત્રુ કૃષ્ણ તે સર્વથા મૂઓ, પુત્ર! પેટીનું પરમાણું જુઓ.
બળિયા બે વસુદેવના તન, તુજ વિના કોણ કરે નિધન?' ૪

મૂક્યાં ટોપ, કવચ, ને શસ્ર, કાછડો વાળ્યો એકે વસ્ત્ર,
શત્રુ શ્યામનો મર્મ ન લહ્યો, પુત્ર પેસવા તત્પર થયો. ૫

દ્વાર ઉઘાડ્યું હાથે કરી, ત્યારે શિખામણ માની સાંભરી :
'માતાએ વાક્ય કહ્યાં અનૂપ : જદુપતિયો ધરશે જૂજુઆં રૂપ. ૬

એ શુક્રાચાર્ય મારો ગુરુ નથી, એ કપટી કૃષ્ણ આવ્યો સર્વથી :
ઉતાવળો થઈ પ્રવેશ જ કરું, એ દે તાળું, હું નિશ્ચે મરું.' ૭

એવો ભય હૃદેમાં ધર્યો, પેટીથી પાછો ઓસર્યો.
'ગુરુજી! કારમી દીસે છે પ્રીત, પેસતાં મારું ન માને ચિત્ત ૮

મોહ રાખતી નવ કીજે વાત, ન હોય ગુરુ, વેરી સાક્ષાત.'
કુંવરનાં વચન એવાં સાંભળી, પડ્યા કૃષ્ણ ને મૂર્છા વળી. ૯

જાગ્યા હરિ કરે આંસુપાત, નયણે નીર જાણે વરસાત.
નિઃશ્વાસ મૂકી બોલ્યા ગોપાળ : ‘હું અભાગી, મારું ફૂટ્યું કપાળ. ૧૦

કર્મ કરે તે નવ કરે કોય, વહાલાં કહીએ એ વેરી હોય.’
એમ આક્રંદ કરતા દીઠા હરિ, અહિલોચને વાણી ઓચરી : ૧૧

‘હાવાં વહાલ જાણ્યું તમ તણું, હું માટે રોયા અતિઘણું;’
કહી પેટી માંહે પગ મૂક્યો તન, વળી માતાનાં સાંભર્યાં વચન : ૧૨

‘રખે માયા કરી કૃષ્ણિયો રડે, બ્રહ્માને ભેદ એનો ના જડે.’
બહાર નીસર્યો અહિલોચન : ‘મુનિ! મારું નથી માનતું મન.’ ૧૩

ગુરુ કહે : ‘મુને કૃષ્ણનું પાપ, જે દુષ્ટે માર્યો તારો બાપ.
જો ન હોઉં બ્રાહ્મણ કેરી કાય, તો મુજને લાગે સ્ત્રીહત્યાય. ૧૪

સગો મામો માર્યાનું અધર્મ, ન હોઉં ગુરુ તો લાગે કર્મ.
પરશુરામે ક્ષત્રી હણ્યા બહુ વાર, મિથ્યા બોલું તો શિર પર ભાર. ૧૫

હવે તુને નહિ આવે વિશ્વાસ, તો મેં કરવો કંઠે પાશ.’
એહેવું કહી રોયા પરિબ્રહ્મ, અહિલોચને નહીં પ્રીછ્યો મર્મ : ૧૬

‘અઘરી અગડ જ્યારે ગોરે કરી, હોયે ગુરુ, હોયે નહિ હરિ.’
વાહ્યો વિઠ્ઠલજીનો ગયો, મૂરખ મરવા તત્પર થયો. ૧૭

જેમ તેતરને તેડે વાઘરી, એમ કાળે પેટી આગળ ધરી.
જેમ કોશ વિશે પેસે તરવાર, તેમ દૈત્ય પેઠો પેટી મોઝાર. ૧૮

જેમ સર્પને સૂંઘાડે જડી, કંડિયા માંહે ઘાલે ગારુડી;
ગોવિંદ ગારુડી, અહિલોચન સર્પ, ભેદ કીધો ભાંજવાને દર્પ. ૧૯

જ્યાં પેટીમાં પેઠો કુમાર, ત્યાં ધાઈ હરિએ દીધું દ્વાર.
પ્રભુ કહેઃ 'પરમાણું જુઓ, હરો-ફરો, લાંબા થઈ સૂઓ. ૨૦

જો દ્વાર દેતાં અડકે નહીં, તો શત્રુ કૃષ્ણ મરાયે સહી.'
'હે મારા ગુરુજી મનભાવતા! રખે તાળું તમે સપટાવતા.' ૨૧

કૃષ્ણ કહે : 'ક્યમ કીજે કેર? એ વાતે વસુધા દે વેર.'
કુંવર જેમ સૂતો કડથલે, તેમ તાળું દીધું વિઠ્ઠલે. ૨૨

વાયુ તણો તવ થયો રે રોધ, અકળાયો અંધારે જોધ.
શરીરથી ચાલ્યો પ્રસ્વેદ, નીરસવા નવ જાણ્યો ભેદ. ૨૩

ચો દિશ ફંફોસે કુમાર, ન જડે પેટી કેરું દ્વાર.
અકળાયો બાળકનો પ્રાણ, 'ગુરુ!' કહી મુખ બોલ્યો વાણ : ૨૪

'મારા ગુરુજી! ઉઘાડો દ્વાર, જાશે જીવ જો લાગશે વાર.
શા માટે સાંભળતા નથી? જીવ જાયે મારો સર્વથી. ૨૫

ચો દિશ લાગ્યો હુતાશંન, બહાર-ભીતર દાઝે છે તંન;
કાઢો બહાર, મન કરુણા ધરો, મેં જોયું પ્રમાણું, રિપુ મરશે ખરો.' ૨૬

બોલ્યા હરિ : 'કૃષ્ણ તે હું ય, ઘેલા! ગુરુ કોનેકહે છે તું ય?
મેં કીધો મોટો પરપંચ, તુને મારવાનો એ સંચ. ૨૭

**વલણ**

સંચ તુજને મારવા તણો મેં કીધો હો મૂઢ રે!'
એવું કહીને ગાજિયા મુખે ગરુડારૂઢ રે. ૨૮

## કડવું ૧૧

[પોતાને પેટીમાંથી બહાર કાઢવા ભાર્ગવરૂપ શ્રીકૃષ્ણને અહિલોચનની વિનંતી. એ તો હજી પોતાને પેટીમાં પૂરવાના ગુરુના કાર્યને મજાક-મશ્કરી જ માને છે.
કડવાની પ્રત્યેક પંક્તિ 'ગુરુજી'થી અંત પામે છે. 'મામેરું'માં કુંવરબાઈના સીમંત પ્રસંગે સાસુ જે પત્ર લખાવે છે એમાં પ્રત્યેક પંક્તિને છેડે આવતા 'વહુજી' શબ્દની સમગ્ર લઢણ અહીં પણ રસપ્રદ છે.]

### રાગ ગોડી મલ્હાર

પેટીમાંથી કહે છે કુંવર : 'શું બોલો છો વ્યંગ, ગુરુજી?
તમારે તો હસવું થાયે, મુને અગ્નિ લાગ્યો અંગ, ગુરુજી! ૧

બીજે સ્થાનક કૌતુક કીજે, જ્યાં હોય હસ્યાનો ઠાર, ગુરુજી!
વિલંબ થાશે એક પલકનો, તો મુજ જીવ જાશે નિર્ધાર, ગુરુજી! ૨

શા માટે મુખથી નવ બોલો? બોલોને શુક્રાચાર્ય, ગુરુજી!
વહાલા થઈને વેર વાળો છો, રખે કરતા કૃષ્ણનું કાર્ય, ગુરુજી! ૩

તમને સમ છે બ્રહ્મા-ભૃગુના, જો ન ઉઘાડો દ્વાર, ગુરુજી!
તમારા સમ, જો અંત આવ્યો, તો મૂઓ નિરાધાર, ગુરુજી! ૪

બધિરપણું શું હવણાં આવ્યું, જે નથી સાંભળતા વાણ? ગુરુજી!
જો નહિ કાઢો આ સંકટથી, તો માતાપિતાની આણ. ગુરુજી! ૫

ઓ શીત વ્યાપ્યું શરીરે મારે, કંઠે પડિયો શોષ, ગુરુજી!
મનના મનોરથ મનમાં રહ્યા, મારે જાવું પડ્યું જમલોક, ગુરુજી! ૬

અંબુજમાં બંધાયો મધુકર, પેસે જાણી વાસ, ગુરુજી!
તેમ હું પેટી માંહે પેઠો આણી તમારો વિશ્વાસ, ગુરુજી! ૭

ઘરમાં ઘાલી ઘાત ન કીજે, જ્યારે ખોળે મેલ્યું શીશ, ગુરુજી!
જે પોતાનો તેને દુઃખ દેતાં દુભાયે જગદીશ, ગુરુજી! ૮

ગુરુ પિતા! હું પુત્ર તમારો, હવે નિશ્ચે જાયે પ્રાણ, ગુરુજી!
મારી માતા ટળવળીને મરશે, ભેદશે દુઃખનાં બાણ, ગુરુજી! ૯

**વલણ**

ભેદશે બાણ ને પ્રાણ જાશે, માતા તો નિશ્ચે મરે.'
અકળાયો અહિલોચન, પછે અવિનાશી વાણી ઓચરે. ૧૦

## કડવું ૧૨

[કેવા કપટથી પોતાનો અર્થ સાર્યો છે એ વર્ણવી ને કૃષ્ણ અહિલોચનને બહાર નીકળવાની આશા ત્યજી દેવા જણાવે છે; ત્યારે અહિલોચન કૃષ્ણને ઉપાલંભ આપે છે.]

**રાગ સામેરી**

દુરિજનની એહવી દીન વાણી સુણી બોલ્યા સારંગપાણિ :
'મૂકો બહાર નીસરવાના કોડ, હું તો જદુપતિ શ્રી રણછોડ. ૧

તારી માએ રાખ્યો તુને વારી, તેં ન લહી વિદ્યા મારી.
મેં તો રૂપ ઋષિનું લીધું, તુને મારવાનું કારજ કીધું. ૨

હાડે જાણ્યો મેં તુજને બળિયો, માટે મારગમાં આવી મળિયો.
જો હોય પૂરવ જનમનું પાપ, તો મૂકીએ સાણસે ઝાલ્યો સાપ. ૩

હવે મુજને તું શું કરશે? અકળાઈ આફણિયે મરશે.
હું તો વેરી છું રે તારો, મેં અર્થ સાર્યો છે મારો. ૪

### ઢાળ

મેં મારો અર્થ સારિયો, આશા મૂકો જીવ્યા તણી.
વેરણ તારી તું જાણજે જે પેટી લાવ્યો શિવ તણી. ૫

હું, બ્રહ્મા ને વળી ભોળો એ ત્રણે જાણો એક રે;
અમે વર સાટે વિદારિયા, તું સરખા અનેક રે.' ૬

એવાં વચન સુણી વિશ્વંભરનાં, હૈયે લાગ્યો હુતાશંન રે.
ક્રોધ કરીને કુંવર બોલ્યો કૃષ્ણ પ્રત્યે વચંન રે : ૭

'ધિક્કાર જાદવ કુળને, જ્યાં તું સરખા ઉત્પન્ન રે;
કુળનો વાંક કશો નથી, ભૂંડું ભરવાડાનું અન્ન રે. ૮

હાથ લાકડી, ખાંધ કામળી, વૃંદાવન ચારી ગાય રે;
ગત ક્યાંથી ગોવાળિયાને? નિર્દય નહિ દયાય રે! ૯

પશુપાળ પાપી, વિશ્વાસ આપી, કપટ કરી વાહ્યો મુને રે;
અભ્યંતરનો હરખ હણિયો, "નીચ" લોક કહેશે તુને રે. ૧૦

ગોવર્ધન તેં કર ધર્યો, ઉતાર્યો ઇંદ્રનો અહંકાર રે,
કેશી-કંસ પછાડિયા, તે તારા બળને ધિક્કાર રે. ૧૧

રુક્મિણીનું હરણ કીધું, દીધો દુષ્ટ જનને માર રે,
જરાસંધને જીતિયો, તે બળને પડો ધિક્કાર રે. ૧૨

નરકાસુરને મારી પરણ્યો પ્રેમદા સોળ હજાર રે,
પારિજાતક વૃક્ષને લાવ્યો, તે બલને પડો ધિક્કાર રે. ૧૪

રૂપ લીધું મીન કેરું ને વેદ વાળ્યા ચાર રે,
શંખાસુરને સમાવિયો, તે પ્રાક્રમને ધિક્કાર રે. ૧૫

ભૂંડરૂપે થયો ભૂધર ને ધર્યો ભૂતલ ભાર રે,
નક્ષત્રી ભૃગુરૂપે કીધી, તે બળાને પડો ધિક્કાર રે. ૧૬

પાષાણ તાર્યા પાણી વિષે ને સેના ઉતારી પાર રે,
રાવણ રોળ્યો રણ વિષે, તે બળને પડો ધિક્કાર રે. ૧૭

ભગત તાર્યા, અસુર માર્યા, ધરી દશ અવતાર રે,
ઉર્વી-ભાર ઉતારિયો, તે પ્રાક્રમને ધિક્કાર રે. ૧૮

બળ જો મારા હાથનું કાઢીને મુજને બહાર રે;
કપટ કરીને કાં હણે? મુને વકારીને માર રે. ૧૯

**વલણ**

વકારીને માર, મોહન! અભિલાષ છે જુદ્ધનો ઘણો;
પ્રપંચ કરી પેટી માંહે ઘાલ્યો, ઉગાર્યો પ્રાણ પોતા તણો.' ૨૦

## કડવું ૧૩

[અહિલોચનનું શ્રીકૃષ્ણને યુદ્ધ માટે આહ્વાન. ધૂંધવાયેલા અહિલોચનનું બળપ્રદર્શન. એના ધમપછાડાનું આખું વર્ણન છટાદાર અને ધમકભર્યું છે. કવિ એના ધમપછાડાની કૃષ્ણ પર ને પ્રકૃતિનાં વિવિધ અંગો ઉપર પડેલી અસરને વર્ણવે છે. અંતે કૃષ્ણ પેટી લઈ આવી સુભદ્રાને સોંપે છે. કૃષ્ણની રાણીઓને પેટી વિશે કૌતુક જાગે છે.]

### રાગ સામેરી

સાંભળી અસુરની વાણી, એમ બોલ્યા સારંગપાણી :
'શક્તિ હોયે જો શરીર મોઝાર, પેટી ભાંગીને નીસર બહાર. ૧

### ઢાળ

બહાર નીસર જૂદ્ધ કરવા, પેટી માંહાં શું પડી રહ્યો?'
અગ્નિ લાગ્યો અસુરને, જ્યારે કઠણ બોલ કૃષ્ણે કહ્યો. ૨

હાક મારી ઊછળ્યો, વાણી વિશ્વંભરની સાંભળી;
પાદપ્રહારે પેટી ઊછળી, આકાશે જઈ આફળી. ૩

ચળ્યો ચંદ્ર ને સૂર્ય નાઠો, ઉડુગણ તે ઊંચા ગયા;
અમર સર્વે સ્થાનક મૂક્યાં, ભયભીત બ્રહ્માજી થયા. ૪

ધરા ઉપર પડી પેટી, ખળભળ્યું પાતાળ;
એક ગુફા દીઠી સમીપે, ત્યાં સંતાયા ગોપાળ. ૫

થાયે કોરણ કાટકા, આવર્યો અંધકાર;
દશે દિશા થઈ ઝાંખી, જાણે થયો પ્રલયકાળ. ૬

બ્રહ્માંડ લાગ્યું ડોલવા ને અવળી સર્વ નદી વહી;
'ન જાય જાદવ કરું પ્રાજે' એમ ઊછળતાં વાણી વદી. ૭

સાત વાર આકાશે આફળી, તોયે પેટી ન પામી ભંગ;
પછે રોધ હવો પવન તણો, થયું શીતલ અંગ. ૮

કંઠરોધન, દ્વારબંધન, શમી મુખની વાણ;
'ત્રાહે ત્રાહે ત્રિકમ નવ મૂઓ', એમ કહેતાં નીસર્યા પ્રાણ. ૯

જદુનાથે જાણિયું, જે રિપુ પામ્યો નાશ;
જોઉં મૂઓ કે નથી મૂઓ, એમ આવ્યા પેટી પાસ. ૧૦

વજ્રપિંજર લીધું મસ્તક, મોહન મંદિર સંચર્યા;
વિપરીત લીલા નાથજીની, એમ પ્રાણ પાપીના હર્યા. ૧૧

વિચાર કીધો વિઠ્ઠલે 'એના પ્રાણ છે પેટી વિશે;
જો અવતરશે અવની વિષે, તો કો નહિ રહેશે સુખે.' ૧૨

પેટી સોંપી સુભદ્રાને હરિએ કીધું હેત;
વારી ભગિની : 'ઉઘાડી જોશો તો થાશે વિપરીત.' ૧૩

કૃષ્ણજીની કામિની ટોળે મળી સમસ્ત;
'પેટી સોંપી બહેનને આપણથી છાની વસ્ત.' ૧૪

**વલણ**

એ વસ્ત અમૂલક દીસે છે, આપણને કહ્યું નહીં;
ચાલો, વાહીએ સુભદ્રાને, પેટી તપાસી જોઈએ સહી. ૧૫

## કડવું ૧૪

[કૃષ્ણની રાણીઓ પેટી વિશેનું કૌતુક શમાવવા સુભદ્રાની પાસે જાય છે અને સુભદ્રાને કિંમતી વસ્ત્રાભૂષણો ધરી ફોસલાવવા-પટાવવા માંડે છે.]

### રાગ દેશાખ

એવી વાત સર્વે વિચારી રે, ગઈ નણંદને મંદિર નારી રે;
જોઈ એ શું લાવ્યા ગિરધારી રે, તે ચોરી કીધી અમારી રે. ૧

આવ્યાં સુભદ્રાને આવાસ રે, જ્યારે પધાર્યા અવિનાશ રે;
ત્યારે નણંદ થયાં પ્રસન્ન રે, આપ્યાં સોળ સહસ્ર આસંન રે. ૨

પછે નણદી હરખે પૂછે રે, 'ભાભી સર્વે આવ્યાં તે શું છે રે?'
સુણી સુભદ્રાની વાણી રે, ત્યારે બોલ્યાં રુક્મિણી રાણી રે : ૩

'આવવાનુંથાનક અમારું રે, તે તો બાઈ ભુવન તમારું રે;
અમો ભાભી સોળ હજાર રે, તેને તમારો આધાર રે. ૪

જ્યારે તમો જાશો સાસરડે રે, શું આપશે વસુદેવ ઘરડો રે?
સાસરવાસો તમને બાઈ રે, અમો કરશું સર્વે ભોજાઈ રે. ૫

અમ સરખું કામ કાંઈ દીજો રે, મન ગમે તો માગી લેજો રે;'
જ્યારે એમ વદ્યાં મુખે રામા રે, ત્યારે બોલ્યાં સત્યાભામા રે ૬

'સુભદ્રા! તમ ઊફરું કાંઈ નહિ રે, નણંદી તે દૂધ ને દહીં રે;
હવે આપ્યાનો શો ઉધારો રે, આ લ્યોની હાર અમારો રે. ૭

આપણ ક્યાં ખરચીશું ગર્થ રે, સાસુ-નણંદ તે મોટું તીર્થ રે;'
આપ્યો હાર સત્યભામા સતી રે, ત્યારે ઊઠિયાં જાંબુવતી રે. ૮

'આ પે'રો સુભદ્રા ચીર રે, તાજું એકલું છે હીર રે;'
રુક્મિણીએ કર્યું મન બહોળું રે, આપ્યું પહેરવાનું પટોળું રે. ૯

એક કહે : 'લ્યો સુભદ્રા બહેન રે, માળા આપી મોટી મોહન રે.'
કોણે આપી કંકણ ચૂડી રે, નણંદ કહે 'ભાભીઓ રૂડી રે.' ૧૦

ધોળા સાળુ છાંટ્યા કેસર રે, મોટાં મોતી, નાકે વેસર રે;
કો જોડ આપે અણવટની રે, કો છોડે કટિમેખલા કટની રે. ૧૧

કલ્લાં, કાંબી ને ઝાંઝરિયાં રે, નણદીને અર્પણ કરિયાં રે;
એમ આભરણ આપ્યાં સર્વે રે, ત્યારે સુભદ્રા બોલ્યાં ગર્વે રે : ૧૨

'આજ હું ઘણું માન પહોતી રે, ઘણી ભાભીની નણંદ પનોતી રે;
આજ ભાભી પ્રાહુણા રહિયે રે, વળી કામ અમ સરખું કહીએ રે.' ૧૩

સુણી સુભદ્રાની વાણી રે, ત્યારે બોલ્યાં રુક્મિણી રાણી રે :
'જેવાં કરશો તેવાં થઈએ રે, વહાલી વાત તે તમને કહીએ રે. ૧૪

કહું છું : સુભદ્રાબાઈ રે, આજ આવ્યા હુતા તમારા ભાઈ રે;
પેટી હતી તે ભિયા કને રે, આવીને આપી છે તમને રે. ૧૫

એ પિંજરમાંહે શું છે રે, ભાભી સાથ સર્વ કો પૂછે રે;
આપણે બોલવું ચાલવું શાનું રે, એને જોઈ જાશું અમો છાનું રે. ૧૬

માટે ઉઘાડો પિંજરનું તાળું રે, અમો વેગળાં રહીને ભાળું રે;'
સુભદ્રા કહે : 'કેમ કીજે રે, વિઠ્ઠલે વારી છે તે ઘણું બીજે રે. ૧૭

સોંપી છે શ્રી જદુનાથે રે, તમો ઉઘાડી જુઓ હાથે રે;
ઓ નેવ ઉપર છે કૂંચી રે, હરિ મૂકી ગયા છે ઊંચી રે. ૧૮

શું જાણીએ ઘો કે સાપ રે? તમે દેજો હરિને જબાપ રે;'
ત્યારે સત્યભામા એમ પૂછે રે, 'બાઈ આવડું બીહો તે શું છે રે? ૧૯

તમ ઉપર કોપશે શ્યામ રે, ત્યારે લેજો અમારું નામ રે,
જો હરિ દેખાડે મુને બળ રે, તો ઉતારું હું ઝાકળ રે.' ૨૦

ત્યારે બોલ્યાં જાંબુવતી રે, 'એક મેં વિચારી છે મતિ રે.
આપણ અઘરી પ્રતિજ્ઞા કીજે રે, કો આગળ વાત ન કીજે રે.' ૨૧

**વલણ**

ન કીજે વાત વિઠ્ઠલની ચોરી, જાંબુવતી એમ ઓચરે રે,
સંજય કહે : સુણો ધૃતરાષ્ટ્ર, શ્યામા સંચ કેઈ પેરે કરે રે. ૨૨

## કડવું ૧૫

[સુભદ્રાએ પેટી ઉઘાડતાં બધાંને તો એમાં માત્ર મડદું જોવા મળ્યું. રાણી 'કંથની કમાઈ' જોઈ મજાક કરવા લાગી. તત્ક્ષણ પેટીમાં વળગી રહેલો અહિલોચનનો જીવ સુભદ્રાના પાંચ માસના ગર્ભમાં પ્રવેશ્યો. રાણીઓને તો 'ખોદ્યો ડુંગર ને કાઢ્યો ઉંદર' જેવો ઘાટ થતાં, હળવેથી બધીએ આપેલી ભેટસોગાદ પાછી માગી લીધી!]

## રાગ મારુ

જાંબુવતી કહેઃ ‘બહાર જઈ જે કરે પેટીની વાત;
તેને માથે ભાર એટલો, નહિ પિતાની જાત.’ ૧

સુભદ્રાના હાથમાં સર્વે આપ્યું સત્ય વચંન;
વસ્ત્રાભૂષણ રહ્યાં જોઈ, માન્યું માનુનીનું મંન. ૨

ચાલી સુભદ્રા પિંજર પાસે, કૂંચી કરમાં સાહી;
એકલીએ તાળું ઉઘાડ્યું, જુએ વેગળી રહી ભોજાઈ. ૩

દ્વાર બેઉ જૂજવાં મૂક્યાં, અળગું મૂકી તેહેકાર;
મહે મૃતક મોટું દીઠું ત્યારે હસી રાજકુમાર. ૪

અહિલોચનનો પ્રાણ રહ્યો’તો વળગી પેટીના પુટમાંય;
હસતાં પ્રાણે પ્રવેશ કર્યો હરિવદનીના ઘટમાંય. ૫

અબળાને ગર્ભ છે અર્જુનનો, થયા છે પંચ માસ;
તે પિંડ માંહે પાપી પ્રાણે સદ્ય પૂર્યો વાસ. ૬

જીવ વિમાસે અહિલોચનનો, ‘હું આવ્યો હરિને ઘેર;
ન થાઉં પ્રસવ, મરે સુભદ્રા, વળે પિતાનું વેર.’ ૭

કૃષ્ણજીની કામિનીએ કૌતુક દીઠું, મરકલડે મુખ તાણ્યું :
‘કમાઈ જુઓ આપણા કંથની, મડું મસાણથી આણ્યું!’ ૮

તાળી દેઈ સત્યભામા બોલ્યાં, સર્વ સ્રીમાં ડાહ્યાં,
‘ભાઈએ હેત કર્યું ભગિનીને, અવની લોક અભડાવ્યા. ૯

પીતાંબરનો પાલવ ઢાંકી, પ્રભુએ પિંજર આણ્યું;
મારે મંદિર  ન આવ્યા, મેં ત્યારથી કૌતુક જાણ્યું.' ૧૦

મુખ મરડે ને તાણે સડકા, કરવા લાગી ઠીઠોળી;
સુભદ્રાને વીંટી વળી ત્યાં, સોળ સહસ્રની ટોળી. ૧૧

રુક્મિણી કહે : 'મારે મંદિર ટબકલી છીંટ છે આછી;
તે તમને કાલે  આપીશ, પટોળી લાવો પાછી.' ૧૨

જાંબુવતી કહે, 'બત્રીસલક્ષણો બાઈ તમારો વીર;
તે જાણે તો મુને ઠામ જ મારે, માટે આપો મારું ચીર.' ૧૩

સાંસતાં રહી સત્યભામા બોલ્યાં, હાથ દઈને ગાલે;
'આજ તો હાર લાવોની પાછો, જોઈએ તો લેજો કાલે.' ૧૪

એક કહે, 'આપણું કેમ રાખે? શું એ ભિયા છે ભિખારી?
હસ્તિનાપુરમાં કેમ જાશે અંગૂઠી લેઈ મારી?' ૧૫

એક કહે, 'એ ભિયાને આપતાં આપણું હૈયું હીસે;
પાછું લેઈએ એટલા માટે, પિયરમાં વરણાગી દીસે.' ૧૬

માન દેઈ અપમાન માંડ્યું, વસ્તુ પેટીની જાણી;
મૂળગું વસ્ત્ર જે સુભદ્રાનું, ભાભીએ લીધું તાણી! ૧૭

બડબડતાં બોલ્યાં સુભદ્રા, 'હું ઘણી માનું મોટી;
હવે સાલ્લા સોતી જાવા દ્યો, ભાભીની ભાવજ પહોતી.' ૧૮

## વલણ

પહોતી ભાવજ ભાભીની, એમ નણદે ત્રસકો ત્રોડિયો રે;
લટપટ કરીને વસ્ત્ર હરી, આપ આપણે મંદિર દોડીઓ રે. ૧૯

## કડવું ૧૬

[શ્રીકૃષ્ણ અને બલરામ સુભદ્રાના સીમંત પ્રસંગે મોસાળું લઈ ગયા. પ્રેમાનંદે તત્કાલીન સીમંતવિધિ અને રિવાજોનો ઉપયોગ આ પ્રસંગમાં કર્યો છે. આ પ્રકારનું સમકાલીન સમાજદર્શન એનાં આખ્યાનોને ગુજરાતીપણાના સ્પર્શવાળાં બનાવી મૂકે છે.]

### રાગ રામગ્રી

સંજય કહે : રાય સાંભળો, એ અટપટી વાત;
મર્મ જ કો પ્રીછે નહિ, જાણે છે જુગ-તાત. સંજય૦ ૧

તે સમે અર્જુન ત્યાં હતા, સાસરડે મહાલે;
પંચ માસ ત્યાં રાખિયા વિઠ્ઠલજી વહાલે. સંજય૦ ૨

સુભદ્રાને સીમંત આવિયું, ભાવિયું સર્વ સાથ;
પારથ પ્રત્યે બોલિયા, કુશસ્થળીના નાથ. સંજય૦ ૩

‘ઇન્દ્રપ્રસ્થ જાઓ ઉતાવળા, અર્જુનજી તમો;
મોસાળું લઈ આવું છું, પૂંઠળથી અમો.’ સંજય૦ ૪

સવ્યસાચી પછે સંચર્યા, સાથે સુભદ્રા નારી;
નકુળ-સહદેવ સામા આવિયા, મળ્યા ગાંડિવધારી. સંજય૦ ૫

જયજયકાર વરતી રહ્યો, હરખ્યા રાજા ધર્મ;
શાસ્ત્રે કહ્યાં સીમંતનાં જે, કીધાં તે તે કર્મ. સંજય૦ ૬

મોહન મોસાળું લાવિયા, આવ્યા તે સાથે રામ;
જેને ઘટે તેવું આપિયું, ખરચ્યા બહુ દામ. સંજય૦ ૭

દુ:શલાએ બાંધી રાખડી, થયો નકુળ બુસટિયો;
વેવાઈ થઈને માગતો વૃકોદર મહાહઠિયો. સંજય૦ ૮

‘કહો જાદવ, તમો આવિયા, લેઈને મોસાળું;
પૂરું પડે તો આંહીં રહો, નહિ તો કાઢો કરવાળું. સંજય૦ ૯

‘કૃપા કરો,’ કહે કૃષ્ણજી, ‘રામ પાડશે પૂરું;
તમ સરખા સગા છો, ક્યમ રહેશે અધૂરું?’ સંજય૦ ૧૦

**વલણ**

અધૂરું કાંઈ રહેશે નહિ, રામ આપશે તે લેઈ નહિ શકો રે;
બળભદ્ર કહે, ‘સહુ ઊભા રહો, જોઈએ તે કાગળમાં લખો રે.’ ૧૧

## કડવું ૧૭

[ભીમ હળધરજી પાસે મોસાળા પ્રસંગે કરવાના વ્યવહારની લાંબી યાદી લખાવડાવે છે. આ આખી જ યાદી ‘મામેરુ’માં કુંવરબાઈની વડસાસુએ કરાવેલી યાદી સાથે સામ્ય ધરાવે છે. માત્ર વિગતસામ્ય નહિ, કડવાના ઢાળનો રાગ પણ એકસરખો જ છે.]

## રાગ ગોડી મલ્હાર

ભીમ કહે, ‘લખો કાગળ માંહે : એક સહસ્ર માતંગ,હળધર;
સાજ સંગાથે પાણી પંથા, પાંચ સહસ્ર તોરંગ હળધર. ૧

રથ સુરભિ, પટકૂળ ને પામરી, ઘટે તે રોકંત હળધર;
આજ ઇન્દ્રાસન માગીએ, આપનાર શ્રીકંત, હળધર. ૨

કૃપ, દ્રોણ ને ભીષ્મ પિતામહ, કાકાનો પરિવાર, હળધર;
વિદુર, યુધિષ્ઠિર કુંતા માતા, અમો બાંધવ ચાર, હળધર. ૩

માતાનું મન તો વહુ મનાવશે, વસ્ત્રાદિક ત્યાંહાં જેહ, હળધર;
રોક જોઈએ કાંઈ સોનું રૂપું, પારથને પૂછો તેહ, હળધર. ૪

છોકલડાં લાખેક લખો, તેનો અહીં શો આંક? હળધર;
ગાય, ભેંશ તો સહુ કો આપે, જે હોય દરિદ્રી રાંક, હળધર. ૫

કોઈ ગામ ઘટે મામેરા મધ્યે, તો હાથ ઓડે ધર્મરાય, હળધર;
શત ગામ આપવાં કરીને, નમો નરપતિને પાય, હળધર. ૬

સો કૂડી લખો સાળુની, તો પિછોડી પામે દાસ, હળધર;
જાડાં છાયલ લાખક જોઈએ, કિંકરીઓ કરે આશ, હળધર. ૭

ભાર કનક આપો ભગિનીને, જેણે બાંધી છે રક્ષાય, હળધર; ૮
બે ભાર  આપો બુસટિયાને, જે કારજ ચાલતું થાય, હળધર. ૮

ભૂરશી દક્ષિણા લખો બ્રાહ્મણને, મળ્યા છે વીસ સહસ્ર, હળધર;
એકેકાને સવાશેર સોનું, એક અબોટિયું વસ્ત્ર, હળધર. ૯

એટલું તો આશરે લખાવ્યું, જો આપશો આજ, હળધર;
લખ્યાથી અદકું કરો તે તમારા ઘરની લાજ, હળધર. ૧૦

### વલણ

લાજ વધશે તમ તણી, જો લખ્યાથી અદકું કરો રે;
હાથ નવ પહોંચે હળધરજી, તો અમારું લઈ છાબે ભરો રે. ૧૧

## કડવું ૧૮

[યાદી કરતાંય વિશેષ મોસાળું કરનાર કૃષ્ણ દ્રૌપદીને વીસરી ગયા! દ્રૌપદીએ અર્જુનને શાપવાનું તો ટાળ્યું, પણ મનકલ્પના કહી સંભળાવી કે સુભદ્રા અને અર્જુન પુત્રવધૂનું સીમંત નહિ જુએ. અને આજે ચીર પૂરવાને બદલે દુ:ખવેળાએ ચીર પૂરવાનું કૃષ્ણ પાસે માગી લીધું.

આવું વિસ્મરણ એ પણ હકીકતે તો કૃષ્ણની કપટયોજનાનો જ એક ભાગ હતો! ભાણેજવધ માટે શાપનું એક નિમિત્ત એમણે દ્રૌપદી દ્વારા ઊભું કરી લીધું.]

### રાગ ધનાશ્રી

જે જે લખાવ્યું પવનપુત્રે, તે આપ્યું અવિનાશ જી;
વિશેષ કીધું વિશ્વંભરે, સર્વની પહોતી આશ જી. ૧

પહેરામણી કરી પાંડવને, પરવર્યા વનમાળી જી;
તેણી વેળા વીસરી ગયા, હરિ-હળધર પાંચાળી જી. ૨

ક્રોધ કરી બોલ્યાં પટરાણી, સુભદ્રાની પ્રત્યે જી;
‘બાઈ! હરિ તો ભ્રાત છે મારો, પણ સંત્રશ કીધો સત્ય જી.’ ૩

એવું કહી ગઈ અંતઃપુરમાં, અર્જુનને દેતી આળ જી;
સુભદ્રા ગઈ કૃષ્ણની પાસે, પડી પેટમાં ફાળ જી. ૪

સાન કરી કહ્યું હરિ પ્રત્યે, 'વીસર્યાં પટરાણી જી;'
એકે શ્વાસે ધાઈ આવ્યા, ઘરમાં સારંગપાણિ જી. ૫

દ્રૌપદીએ કર ઉદક લીધું, શાપ અર્જુનને દેવા જી;
એવે હરિ આવી રહ્યા ઊભા, વચન ન દીધું કહેવા જી. ૬

આસન મૂકી ઊભી થઈ, મનમાં લજ્જા પામી જી;
'બેસો, બેસો, મારા સમ,' નરહરિ બોલ્યા શિર નામી જી. ૭

કહે દ્રૌપદી, 'હું ભલે ટાળી, સુભદ્રા ભાગ્યવંત જી;
અમો શાપત નરનારીને, પણ તમો દુભાવો ચંત જી. ૮

મનકલ્પના ટળે નહિ મારી, મને ભર્યામાં ઉવેખી જી;
સુભદ્રા ને સવ્યસાચી પુત્રવહુનું સીમંત ન દેખે જી. ૯

આજને આપ્યે શું થાશે? દુઃખવેળા પૂરજો ચીર જી;
સુભદ્રા ત્યમ મુને જાણો, તમો અમારા વીર જી.' ૧૦

મન મનાવી વળિયા મોહન, ભાણેજને દેવડાવી શાપ જી;
અભિમન મૂઓ, રે ધૃતરાષ્ટ્ર, તે દ્રૌપદીનો પ્રતાપ જી. ૧૧

વાત રાખી મનમાં મોહન ત્યાંથી પાછા વળિયા જી;
નવસેં નવાણું પૂર્યાં સભામાં, મોસાળાને બોલ પળિયા જી. ૧૨

આજ્ઞા માગી પાંડવ કેરી, ચાલ્યા કૃષ્ણ ને રામજી;
સુભદ્રાને સાથે તેડી, આવ્યા દ્વારકા ગામ જી. ૧૩

દેવકી, રોહિણી આવી મળિયાં, આદરે આલિંગન દીધાં જી;
સોળ સહસ્ર ભાભી પાયે લાગી, સર્વે સ્વાગત કીધાંજી. ૧૪

**વલણ**

સ્વાગત કીધાં કારજ સીધ્યાં, દિન દિન નેહ નવો નવો રે;
જન પ્રેમાનંદ એમ કહે, પ્રસવ પુત્રનો ક્યમ હવો રે. ૧૫

## કડવું ૧૯

[પ્રસવ ન થતાં સુભદ્રાની પીડા ઉત્કટ બને છે. દેવકી, રોહિણી, વગેરે એનો ઉપાય કરવા વસુદેવને વિનવે છે. કૃષ્ણ-બલરામ ભૂવા-ગાતરિયાથી માંડી મંત્ર-તંત્ર-જંત્રના વિવિધ ઉપચારો કરે છે. કવિએ ગર્ભવતી સ્ત્રીની પીડાનું હૂબહૂ વર્ણન કર્યું છે અને એમાં કૃષ્ણે યોજેલા ઉપચારોમાં સમકાલીન ઉપચારોનું જ આલેખન કર્યું છે.]

### રાગ વેરાડી

સંજય કહે, સાંભળિયે રાજા, સુભદ્રાનું દુઃખ;
હવું નથી ને હોતું નથી, કહેતાં ન આવે મુખ. ૧

સુખે રમતાં જમતાં તેને, વહી ગયા દશ માસ;
અગિયારમે તે અકળાઈ અબળા, પાપીએ પૂર્યો વાસ. ૨

અહિલોચનનો અંશ ઉદરમાં ઊપન્યો મહાક્રોધી;

પ્રૌઢ શરીર પોતાનું કીધું, રહ્યો પેટને રોધી. ૩

ત્વચા તણાઈ, ને તાપ ઊપન્યો, શરીરે વાધ્યું શીત;
થર થર ધ્રૂજે ને કાંઈ નવ સૂઝે, ભમવા લાગ્યું ચિત્ત. ૪

પાધરું બોલાય નહિ, ને ટૂંકડી થઈ રસનાય;
નસ નીસરી કર પદ કેરી, ઊભાં નવ થવાય. ૫

હબક હેડકી ને શૂળ આવે, શ્યામાને શરીર;
ઝળઝળાં નેત્ર કાચ સરખાં હરનિશ વહેતું નીર. ૬

હાલકહૂલક હરિને મંદિર, વસુદેવે જાણી વાત;
પુત્રીની પીડા અતિશે જાણી રોવા લાગ્યો તાત. ૭

રૂડું થાવા સુતાને અર્થે માએ આખડી લીધી;
સાત દિવસ રોહિણીજીએ જળ–અંજલિ નવ પીધી. ૮

ત્રાહે ત્રાહે કરે તારુણી, ટોળે મળ્યો સર્વ સાથ;
દેવકી રોહિણી મળીને વીનવ્યા વસુદેવ નાથ. ૯

'સ્વામી' સુભદ્રા મરણ પામે છે, દુઃખ હ્દે નથી ધરતા;
વિપત્ય વેળા લજ્જા શાની? ઉપાય શેં નથી કરતા? ૧૦

એ મૂઆનું દુઃખ નથી, મરે માનવ માત્ર;
ફરી ફરી સાલે છે મુને, ક્યાંથી ધનંજે જામાત્ર? ૧૧

નાનપણામાં ગઈ હોત તો , દુઃખ નહોતું કેને;
આજ મોટી થઈને મૂકી જાય છે, બાળ્યાં સુભદ્રાબહેને. ૧૨

લઘુ વયમાં લાડ કુંવરી, મરવું જીવવું નવ લહેતાં;
આજ જાણતાં થઈ જમલોક પામશે, વય થઈ દુઃખ સહેતાં. ૧૩

પરમેશ્વરે પૃથ્વી પછાડ્યાં, આપણને ઝાલી ચરણે;
કહો કંથજી, કોણ પાપથી, દીકરી મરે દુર્મરણે.' ૧૪

વસુદેવ બોલ્યા આંસુ ભરતા, પુત્રી હુંને દેખી લાજે;
તમો રામ-કૃષ્ણને સંભાળવો, જે પાળ બાંધે સાજે.' ૧૫

વાત સાંભળી આવ્યા વીરો, સુભદ્રાને જાણી અસાધ્ય;
ભૂવા ખાતરિયા તેડાવ્યા, આવ્યા એકે સાદ. ૧૬

તંત્રમંત્ર ને જંત્ર કરીને, પાયે મંતરી પાણી;
દંભી દંભ કરીને વળીયા, વેદના નવ જાણી. ૧૭

રાજવૈદ્ય નવા નવા આવે, ગ્રહતા કુંવરીની નાડી;
ત્રણ સંવત્સર વહી ગયા, પણ વ્યાધિ કોણે ન કાઢી. ૧૮

પાપી રહ્યો પ્રાણને લેવા પેટમાંહેથો હાલે;
સ્થૂળ શરીરે હરે ફરે તે સુભદ્રાને સાલે. ૧૯

**વલણ**

સાલે દુઃખ સુભદ્રાને, પડી પામવા મરણ રે;
શ્યામા સર્વ રોતી સાંભળી, ધાઈ આવ્યા અશરણશરણ રે. ૨૦

## કડવું ૨૦

[વૈદ્યરૂપ ધારીને સુભદ્રાની નાડી જોવા બેઠા. ચક્વ્યૂહ ચીતરાવીને બહેનને એ સંભળાવવા લાગ્યા. સાતમા કોઠાના ભેદની લાલચે અહિલોચન પુત્ર રૂપે જન્મ પામ્યો.]

### રાગ મેવાડો

સંજય કહે : સાંભળો હો રાજા! વૈદ્ય થયા વિશ્વનાથ જી;
નાડી ગ્રહવાને બેઠા નરહરિ, જુએ ભગિનીનો હાથ જી. ૧

'ત્રાહે ત્રાહે' કરી કૃષ્ણ કહે છે, 'સર્વ નીસરો બહાર જી';
તાતભ્રાતને આજ્ઞા આપી, વોળાવી સર્વે નાર જી. ૨

ચીતર્યો ચક્રાવો ચતુર્ભુજે, ભગિનીને કહે ભગવંત જી;
'અરે સુભદ્રા સન્મુખ થાઓ, સાંભળજો એકે ચંત જી. ૩

આ જન્મ પામ્યાનો જંત્ર છે, હું કહું તે ધરજો કાન જી;
ચક્રાવો એ નામ એહનું, ભેદ રાખજો ધ્યાન જી. ૪

પહેલે કોઠે એક બારણું, અવળાં દ્વાર છે ત્રણ જી;
મધ્ય બે વાંકે પેસે તે વીર ન પામે મરણ જી. ૫

નવ દ્વાર છે બીજે કોઠે, તેહનો કહું છું ભેદ જી;
છેલ્લે બારણે જે પેસે તે જીતે, એમ કહે ધનુર્વેદ જી. ૬

ત્રીજે કોઠે વીશ બારી છે, તે મધ્યે મારગ ત્રણ જી;
દક્ષિણનું દ્વાર અતિ વાંકડું, ત્યાં પહેલું ભરવું ક્રમ જી. ૭

ચોથે ચક્રે બત્રીશ બારી, એક મધ્યે મોટું દ્વાર જી;
તે માંહે જે જાયે જોદ્ધો તે જીતે નિરધાર જી. ૮

પાંચમે ગુલ્મે બે બારણાં છે, આઠ ત્યાં અવળાઈ જી;
દક્ષિણ દ્વારે પૂંઠ કરીને, વામાંગે પેસવું ધાઈ જી. ૯

છઠ્ઠે કોઠે ચોસઠ નાકાં, ભુલવણીનો ઠામ જી;
પાંચ ને સાઠ્ય મધ્યે પેસવું', એમ કહે સુંદરશ્યામ જી. ૧૦

જે જે ભેદ કહ્યો ભગવાને તે ગર્ભે ગોખ્યો મુખ જી;
હાલતો ચાલતો રહ્યો પેટમાં, સુભદ્રા પામ્યાં સુખ જી. ૧૧

શાતા થઈ શ્યામા શરીરે, તત્ક્ષણ નિદ્રા આવી જી;
ભગવાને ભણવું મૂકી છાંડ્યું, બહેનને ન બોલાવી જી. ૧૨

પેટમાંહેથી પુત્ર બોલ્યો, હરિને દેઈ હોંકારો જી;
'છ કોઠા હું તો શીખ્યો મામા, સાતમો વિસ્તારો જી;' ૧૩

અકસ્માત એવું સાંભળીને, મર્મ લહ્યો મોરાર જી;
એહથી અધિક શીખવું, જો તું નીસરે બહાર જી. ૧૪

કહેતામાંહે પ્રસવ થયો તે વિદ્યા ભણવાના કોડ જી;
વેરી જાણી ચક્રાવો ભાંગી ઊઠી ચાલ્યા રણછોડ જી. ૧૫

સુભદ્રાએ પુત્ર પ્રસવ્યો, વાત ચાલી ચોફેર જી;
હાથા તોરણ હરિને મંદિર, વાજે વાજિંત્ર ભેર જી. ૧૬

વસુદેવ-દેવકી આનંદ પામ્યાં, હૈડે હરખ્યા રામ જી;
જાચકજન સર્વે સંતોષ્યા, બળિભદ્રે ખરચ્યા દામ જી. ૧૭

વધામણી મોકલી ઇન્દ્રપ્રસ્થમાં હરખ્યા રાજા ધર્મ જી;
વિપ્રને બહુ દાન દીધાં, અર્જુને કીધું જાતકર્મ જી. ૧૮

**વલણ**

જાતકર્મ કીધું, કારજ સીધ્યું, વહી ગયા સાત માસ રે;
આણું કરવા સુભદ્રાને, ધર્મે મોકલ્યા નકુલ ભ્રાત રે. ૧૯

## કડવું ૨૧

[પુત્ર સાડા ત્રણ વર્ષનો થયો ત્યારે નિકુળજી સાથે કૃષ્ણ અને બલરામે બહેન સુભદ્રાને સાસરે વિદાય કરી. ઇન્દ્રપ્રસ્થમાં બધાએ બાળકનું નામ 'અભિમન્યુ' રાખ્યું. બે વર્ષે કૃષ્ણ ઇંદ્રપ્રસ્થ ગયા ત્યારે અભિમન્યુએ મામને પદપ્રહાર કરી ટોણો માર્યો કે 'મામાને મારવાનો જે પંથ તમે ચલાવ્યો છે તેને જ હું અનુસરું છું.' કૃષ્ણે એમાં અહિલોચનના વેરભાવનો અણસાર પારખી લીધો.]

### રાગ આંદોલ

સ્વામી, નકુલ આણે આવિયા, કાંઈ ભાવિયા ભૂદરને મન;
સુભદ્રાને હૈડે હરખ ન માય રે, ખોળે ઊઠ વરસનો તન. ૧

**ઢાળ**

તન સાડા ત્રણ વરસનો, પિતા પેં રૂપવાન;
તે માટે સમોતાં સાસરે; મનમાંહાં છે માન. ૨

નારાયણ ને નકુળ ભેટ્યા, કહી કુશળની વાત;
પછે સાસરવાસો સુભદ્રાને, કરે બંન્યો ભ્રાત. ૩

ઉગ્રસેન રાજા વસુદેવજી, રીઝ્યા શ્રી રણછોડ;
સાસરવાસો સર્વે કીધો; પો'ત્યા મનના કોડ. ૪

ભાઈ ભોજાઈને ભેટ્યાં, માઈને મળી કુમારી;
વોળવી પાછા વળ્યા, બળભદ્ર–શ્રીમોરારિ. ૫

નકુળ જાતાં બોલિયાં : સાંભળો શ્રીપરબ્રહ્મ;
'માસ એક પૂંઠે પધારજો, મળવા ઇચ્છે છે ધર્મ.' ૬

એવું કહી ઇન્દ્રપ્રસ્થ આવ્યાં, વહુ નમ્યાં કુંતાને પાગ;
પાયલાગણું ઘણું કીધું, જે પિયેરની સૌભાગ્ય. ૭

પાંડવને આનંદ અતિશે, થયો જેવડો ધામ;
અભિલાષ મન પૂરણ હવો, 'અભિમન્યુ' ધરિયું નામ. ૮

બે સંવત્સર વહી ગયા, પ્રાહુણા આવ્યા શ્રીહરિરાય;
ભેટ્યા મળ્યા ભગવાનને, મળી બેઠા પાંચે ભાઈ. ૯

કિંકરી લાવી કુંવરને, અદ્‌ભુત તેહનું તેજ;
અવિનાશીએ ઉછંગે લીધો, જાણી પોતાના ભાણેજ. ૧૦

સભા સઘળી દેખતાં રમાડે ભગિનીબાળ;
ત્યારે અભિમન્યુએ મૂછ ઝાલી તાણિયા શ્રીગોપાળ. ૧૧

પાદપ્રહાર કીધા પેટમાંહે, હરિ પામિયા કષ્ટ;
બાળકમાં ગોપાળે દીઠી, અહિલોચનની દષ્ટ. ૧૨

મુકાવ્યો મૂકે નહિ મોહન-મૂછના વાળ;
કૃષ્ણજીએ કુંવર દીઠો, મહા કૃતાંત કાળ. ૧૩

હાસ્ય કરીને હરિ કહે, 'આણે માંડ્યું અદ્‌ભુત;
મામાને મારે નહિ, જે ભગિની કેરો સુત.' ૧૪

કુંવર કહે, 'રે કૃષ્ણજી, તમે ચલાવ્યો છે પંથ;
કંસ મામો મારિયો, ભાણેજ થઈ ભગવંત. ૧૫

તમો કીધું તે અમો કરવું, રખે મૂકો વીલો;
અમો કાંઈ લોપું નહિ, મામા! તમારો ચીલો. ૧૬

**વલણ**

ચીલો તે લોપું નહિ, વળી બાળક કહે મુખે રે;
સભા સર્વે હાસ્ય કીધું, હરિએ વાત રાખી હૃદયા વિખે રે. ૧૭

## કડવું ૨૨

[અભિમન્યુની કથા ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવાનું હોઈને કથાકાર પ્રેમાનંદ દ્યૂત, પાંડવોનું વનગમન વનવાસ, ગુપ્તવાસ વગેરે મહાભારતના પ્રસંગો અતિસંક્ષેપમાં સમેટી અભિમન્યુના પ્રસ્તુત કથાપ્રસંગ ઉપર આવે છે.
આ તેર વર્ષ અભિમન્યુએ મોસાળમાં વિતાવ્યાં. પાંડવો મત્સ્યદેશમાં છતા થયા. વિરાટરાજા તરફથી ઉત્તરાના લગ્નનો પ્રસ્તાવ મુકાતાં, યુધિષ્ઠિરે કૃષ્ણને ઉત્તરા-અભિમન્યુનો સંબંધ પસંદ પડે તો જાન જોડી લાવવાની વીનવણી કરતો પત્ર મોકલ્યો. કૃષ્ણ અભિમન્યુની જાન જોતરીને થોડે દિવસે મત્સ્યદેશ પહોંચ્યા.]

## રાગ દેશાખ : ચાલ ટૂંકી

સંજય કહે : સાંભળ હો રાય, અભિમન્યુ તણો મહિમાય;
જે અભિમન બોલ્યો વિપરીત, તે વયણ વિઠ્ઠલે રાખ્યાં ચિત્ત. ૧

કુંતાને ભેટ્યા કમળાપતિ, પછે પધાર્યા દ્વારામતી;
એક વાર પાંડવે કીધું અકૃત્ય, દુર્યોધન-શું રમિયા દ્યૂત. ૨

હાર્યા રાજ્ય, ભર્યા ભંડાર, વસવું વન સંવત્સર બાર;
પાંચાળીશું ગયા વનવાસ, ત્યાં મળવા આવ્યા અવિનાશ. ૩

પાંડવને ભેટ્યા જદુવીર, કહ્યું કષ્ટ, નયણાં ભરી નીર;
અભિમન-સુભદ્રાને આણું કરી, દ્વારકામાં આવ્યા શ્રીહરિ. ૪

ભાણેજ ભાવ ભગવંતે ગણ્યો, પ્રદ્યુમ્ન સાથે વિદ્યા ભણ્યો;
તેર વરસ મોસાળે રહ્યો, સત્તરનો સૌભદ્રે થયો. ૫

પાંડવના દિવસ  પૂરણ થયા, એવે મત્સ્યદેશમાં પ્રગટ હવા;
રાય વિરાટે સ્તુતિ કરી, પાંડવશું વિનતી ઓચરી. ૬

મેં કીધું મહા કૂડું કર્મ, જે પાસા-પ્રહારે પીડ્યા ધર્મ;
આ દ્રૌપદી સતી સુંદરી, તેને મેં કહી કિંકરી. ૭

દુઃખે નિર્ગમ્યા દ્વાદશ માસ, પૃથ્વીપતિને મેં કીધા દાસ;
તે ભાર ઓશિંકળ કરો, ઉત્તરાકુંવરી મારી વરો. ઋણમુક્ત કરો ૮

ભણાવી કીધી અટપટી, માટે પરણવા ઘટે કિરીટી;
કન્યાદાન લો ગાંડિવપાણ,' ત્યારે પાર્થ બોલ્યો વાણ : ૯

‘ભણાવી જેને પુત્રી કરી, તેને કેમ કહું સુંદરી?
ગુરુ ઇચ્છે શિષ્યાથી સંતાન, તો ઉદયાચળ ન ઊગે ભાણ. ૧૦

અભિમન્યુ છે મારો બાળ, જેનો મામો શ્રીગોપાળ;
તેને પુત્રી આપો તમો, સગા વેવાઈ થઈએ અમો.’ ૧૧

સુણી સવ્યસાચીનાં વચન, મત્સ્યપતિનું હરખ્યું મન;
પછે યુધિષ્ઠિર કાગળ લખે, મોકલવા દ્વારિકા વિખે : ૧૨

‘સ્વસ્તિ શ્રીપુરી દ્વારામતી, લક્ષણપૂરણ લક્ષ્મીપતિ;
ત્રિકમજી, ત્રિભુવનના ધણી, કૃપા કરો તેથી કરજો ઘણી. ૧૩

લિખિતંગ પત્ર ધર્મનરેશ, અમો ઉદે થયા મત્સ્યને દેશ;
તમારી કરુણાની છે લહેર, વરસ ઊતર્યાં વિરાટને ઘેર. ૧૪

મત્સ્યપતિને છે દીકરી, તે અભિમનને પરણાવા કરી;
જો તમોને ગમે ગોપાળ, તો કીજે એ વેવિશાળ. ૧૫

જેવું હોય તેવું કહાવજો, જાન વિશેષ કરી લાવજો;
આખું ગામ તેડી કુશસ્થલી, જે હોય જાદવની મંડળી. ૧૬

અભિમન્યુ છે તમારી પાસ, પરણવા લાવજો,અવિનાશ;
અમો બેસી રહ્યા તમ થકી, વહેલા પધારજો કમળાપતિ.’ ૧૭

પત્ર આપી વોળાવ્યો દાસ, ગયો જ્યાં હુતા અવિનાશ;
સભામાં જઈ ઊભો રહ્યો, બોલ એક કર જોડી કહ્યો. ૧૮

'હું આવ્યો પાંડવની વતી, આ કાગળ લીજે કમલાપતિ;'
એવું સાંભળી ઊઠ્યા હરિ, લેઈ પત્રિકા મસ્તક ધરી. ૧૯

ઉકેલી જોયું શામળે, વાંચ્યું જ્યમ સરવ સાંભળે;
લખ્યાં વાયક પાંડવ તણાં, વહાલાં વિઠ્ઠલજીને ઘણાં. ૨૦

સમાચાર સારો સાંભળ્યો, જે અભિમનનો વિવા' મળ્યો;
આનંદ્યું દ્વારિકા ગામ, મનમાંહાં દુઃખ પામ્યા રામ. ૨૧

જો પાંડવ થયા કુશળે છતા, તો કૌરવે ખાધી ખતા;
એટલો હરખ હૈડામાં હળ્યો, જે અભિમન્યુનો વિવા'મળ્યો. ૨૨

પછે ઘરમાં ધાઈ સેવકી, વીનવિયાં રોહિણી-દેવકી;
માતાજી સાંભળિયે વાત, કુશળ છે પાંડવ પાંચે ભ્રાત. ૨૩

મત્સ્યને મંદિર નષ્ટચર્યા કરી, પ્રગટ હવા તે પુરમાં ફરી;
વૈરાટને ઉત્તરા દીકરી, તે અભિમનને પરણાવવા કરી; ૨૪

એવે આવ્યા હળધર ને હરિ, માતા પ્રત્યે વાણી ઓચરી;
'જનુની! કેહ છે જે કિંકરી, તેહ વારતા નિશ્ચે ખરી. ૨૫

વધૂ માત્ર કરો સાંતરી, ઓ બારણે વે'લ્યો જોતરી;'
એવું કહી વળ્યા ભગવાન, આવી તત્પર કીધી જાન. ૨૬

ફરે જાંદરણી મોડામોડ, લેખે થાતી છપ્પન ક્રોડ;
અભિમનને પીઠી ચોળાય, મામીમાત્ર મંગળ ગાય. ૨૭

દુંદુભિનાદ શબ્દ બહુ હોય, સાંતરાં થઈ ચાલ્યાં સર્વ કોય;
ઉગ્રસેન, વસુદેવ જ બેહ, નગર રાખવા મૂક્યા તેહ. ૨૮

કોટિ જોધ મૂક્યા રખેવાળ, જાન લઈ ચાલ્યા શ્રીગોપાળ;
થોડે દહાડે પહોંતા મત્સ્યદેશ, તે વાત પુરમાં થઈ પ્રવેશ. ૨૯

**વલણ**

પુર વિખે સમાચાર આવ્યા,જાન લાવ્યા હળધર-હરિ રે;
યુધિષ્ઠિર અતિ હર્ષ પામ્યા, સામૈયાની સામગ્રી કરી રે. ૩૦

## કડવું ૨૩

[સમાજરસિયો પ્રેમાનંદ સામે બેઠેલા શ્રોતાજનોના ગમા-અણગમાને બરાબર પ્રીછે છે. એટલે એનાં આખ્યાનોમાં લગ્નવિધિ, મામેરું જેવા સામાજિક રિવાજોને વર્ણવવાની એકે તક એ જતી કરતો નથી. ‘ઓખાહરણ’ અને ‘મામેરું’માં કરેલાં એવાં આલેખનોની જેમ, અહીં પણ એણે અભિમન્યુના લગ્નપ્રસંગની તક લઈ વરરાજા, જાન, જાનૈયાઓ અને એમના સામૈયાનું સરસ વર્ણન કર્યું છે. કડવું વર્ણનાત્મક અને તત્કાલીન સમાજનું પ્રતિબિંબક છે.
‘આ તો રૂડું ને રઢિયાળું’ના ઉપાડવાળું આખું કડવું એની વિશિષ્ટ હલક સાથે ગવાતું સાંભળતાં જ એનું સાચું સૌંદર્ય આસ્વાદી શકાય.]

### રાગ ધનાશ્રી

આ તો રૂડું ને રઢિયાળું રે, જાન લાવ્યા શ્રીજદુપતિ રે;
આ તો રૂડું ને રસાળું રે, પ્રજા સહુ સામી જતી રે. ૧

આ તો રૂડું ને રઢિયાળું રે, હરખ હવો પાંચે વીરને રે;
આ તો રૂડું ને રસાળું રે, આવો મળિયે શ્યામશરીરને રે. ૨

આ તો રૂડું ને રઢિયાળું રે, અર્જુન નકુળ સામા આવિયા રે;
આ તો રૂડું ને રસાળું રે, દેખી પરમેશ્વરને પાળા થયા રે. ૩

આ તો રૂડું ને રઢિયાળું રે, અન્યોન્ય આવી મળ્યા રે;
આ તો રૂડું ને રસાળું રે, દીઠે તાપ તનના ટળ્યા રે. ૪

આ તો રૂડું ને રઢિયાળું રે, કહી કુશળની વારતા રે;
આ તો રૂડું ને રસાળું રે, દુઃખ હ્દેનાં વિસારતા રે. ૫

આ તો રૂડું ને રઢિયાળું રે, ઉત્તરકુંવર સામો આવિયો રે;
આ તો રૂડું ને રસાળું રે, સામોણું શુભ લાવિયો રે. ૬

આ તો રૂડું ને રઢિયાળું રે, જાન ચાલી પુર ભણી રે;
આ તો રૂડું ને રસાળું રે, જુએ નાર નગર તણી રે. ૭

આ તો રૂડું ને રઢિયાળું રે, જાંદરણી ગીત ગાયે ઘણી રે;
આ તો રૂડું ને રસાળું રે, અડક દડક ભોંય ચીકણી રે. ૮

આ તો રૂડું ને રઢિયાળું રે, જાદવના પુત્ર સાબેલડા રે;
આ તો રૂડું ને રસાળું રે, અશ્વે ચઢ્યા અલબેલડા રે. ૯

આ તો રૂડું ને રઢિયાળું રે, મલપંતા મેગળ આગળે રે;
આ તો રૂડું ને રસાળું રે, જાય નચાવંતા ભાગળે રે. ૧૦

આ તો રૂડું ને રઢિયાળું રે, શોભે અંબાડી ને ધજા રે;
આ તો રૂડું ને રસાળું રે, ઝીણી વે'લે જોડ્યા અજા રે. ૧૧

આ તો રૂડું ને રઢિયાળું રે, વસ્ત્ર કેસરમાં ઝકઝોળિયાં રે;
આ તો રૂડું ને રસાળું રે, માથે તે નવરંગ મોળિયાં રે. ૧૨

આ તો રૂડું ને રઢિયાળું રે, રાતા ને રૂપે માંકડા રે;
આ તો રૂડું ને રસાળું રે, મોટી તે મૂછ કેરા આંકડા રે. ૧૩

આ તો રૂડું ને રઢિયાળું રે, વરજી ચઢિયા ઘોડલે રે;
આ તો રૂડું ને રસાળું રે, પ્રદ્યુમ્નજી જેને જોડલે રે. ૧૪

આ તો રૂડું ને રઢિયાળું રે, નગરની નારી નીરખતી રે;
આ તો રૂડું ને રસાળું રે, વરનું વદન જોઈ ને હરખતી રે. ૧૫

આ તો રૂડું ને રઢિયાળું રે, મામા કાકાના સાથમાં રે;
આ તો રૂડું ને રસાળું રે, નાળિયેર લીધું વરે હાથમાં રે. ૧૬

આ તો રૂડું ને રઢિયાળું રે, અંબુજવરણી આંખડી રે;
આ તો રૂડું ને રસાળું રે, જાણે પંકજની પાંખડી રે. ૧૭

આ તો રૂડું ને રઢિયાળું રે, આ તોરો મોળિયાં ઉપર રે;
આ તો રૂડું ને રસાળું રે, ભામણે જાઉં એવો કુંવર રે. ૧૮

આ તો રૂડું ને રઢિયાળું રે, ઓ કાને કુંડળ લળકતાં રે;
આ તો રૂડું ને રસાળું રે, એ માંહે માણેક ચળકતાં રે. ૧૯

આ તો રૂડું ને રઢિયાળું રે, આંખે અંજન કીધલું રે;
આ તો રૂડું ને રસાળું રે, ગાલે ટબકલું દીધલું રે. ૨૦

આ તો રૂડું ને રઢિયાળું રે, કંઠે માળા મોતી તણી રે;
આ તો રૂડું ને રસાળું રે, તે મધ્ય મોટો મણિ રે. ૨૧

આ તો રૂડું ને રઢિયાળું રે, બાઈ; માંડીને જુઓ મીટડી રે;
આ તો રૂડું ને રસાળું રે, હાથે તે વેઢ ને વીંટડી રે. ૨૨

આ તો રૂડું ને રઢિયાળું રે, છે ચિત્ર-લંકી એની કટિ રે;
આ તો રૂડું ને રસાળું રે, તેણે બાંધી સોનેરી પટી રે. ૨૩

આ તો રૂડું ને રઢિયાળું રે, ઓ ચમર ચોપાસે ઢળે રે;
આ તો રૂડું ને રસાળું રે, મહાસતી જોતાં ચળે રે. ૨૪

આ તો રૂડું ને રઢિયાળું રે, ઉત્તરા ભાગ્યવાન અતિ ઘણી રે;
આ તો રૂડું ને રસાળું રે, જેને વરશે આવો ધણી રે. ૨૫

આ તો રૂડું ને રઢિયાળું રે, ધન્ય એહની માવડી રે;
આ તો રૂડું ને રસાળું રે, જેના પુત્રની શોભા આવડી રે. ૨૬

આ તો રૂડું ને રઢિયાળું રે, ધન્ય તે ગોકુળ ગામને રે;
આ તો રૂડું ને રસાળું રે, જે જુએ છે સુંદરશ્યામને રે. ૨૭

આ તો રૂડું ને રઢિયાળું રે, કોઈ ચતુરા ચઢતી છજે રે;
આ તો રૂડું ને રસાળું રે, તે તો ઝરૂખે જોતી ભજે રે. ૨૮

આ તો રૂડું ને રઢિયાળું રે, ગાજતે મંદિર આવિયા રે;
આ તો રૂડું ને રસાળું રે, વર સાસુએ વધાવિયા રે. ૨૯

આ તો રૂડું ને રઢિયાળું રે, વર માંહ્યરા માંહે લીધલા રે;
આ તો રૂડું ને રસાળું રે, ગોત્ર-ઉચ્ચાર ત્યાં કીધલા રે. ૩૦

આ તો રૂડું ને રઢિયાળું રે, હથેવાળો હેલામાં મળ્યો રે;
આ તો રૂડું ને રસાળું રે, વૈરાટને સાંસો ટળ્યો રે. ૩૧

આ તો રૂડું ને રઢિયાળું રે, કોમળ હાથની હથેલડી રે;
આ તો રૂડું ને રસાળું રે, અલબેલે ગ્રહી અલબેલડી રે. ૩૨

આ તો રૂડું ને રઢિયાળું રે, રૂપે ન જાયે વરણિયાં રે;
આ તો રૂડું ને રસાળું રે, તે વરકન્યા પરણિયાં રે. ૩૩

આ તો રૂડું ને રઢિયાળું રે, કન્યાદાન વૈરાટે દીધલું રે;
આ તો રૂડું ને રસાળું રે, શરીર-સંકલ્પ કીધલું રે. ૩૪

આ તો રૂડું ને રઢિયાળું રે, રીતભાત્ય આપી ઘણી રે;
આ તો રૂડું ને રસાળું રે, પાંડવને કીધી પહેરામણી રે. ૩૫

**વલણ**

પહોરામણી કીધી સર્વ કોને, ઊલટ અંગ ન માય રે;
આંખે પાટા બાંધિયા તે લોક જૂઠું ગાય રે. ૩૬

## કડવું ૨૪

[મહાભારતનું યુદ્ધ આરંભાયું એના દસમે દિવસે ભીષ્મ પડ્યા; દ્રોણ સેનાપતિ બન્યા. બળિયા અભિમન્યુએ કૌરવસેનાને નસાડી. દ્રોણે અભિમન્યુને મારવાની પ્રતિજ્ઞા લીધી. એ સમાચાર સાંભળી પાંડવો દિગ્મૂઢ બન્યા. સંશપ્તકો તરફથી યુદ્ધનું આહ્વાન મળતાં અર્જુન કૃષ્ણની સાથે સંશપ્તકો સામે લડવા ગયો. અભિમન્યુએ કૌરવરચિત ચક્રવ્યૂહ જીતવાની માતા પાસે પ્રતિજ્ઞા લીધી.
પહેલા કડવાને અંતે જનમેજયના 'અભિમન્યુને મરાવ્યો મામાએ તે કહોને કારણ શું છે?' એ પ્રશ્નના પ્રત્યુત્તરમાં બીજા કડવાથી આરંભાયેલી અભિમન્યુની પૂર્વકથાનો સાંધો આ કડવાની અધવચે મળી રહે છે અને એ રીતે પહેલા કડવામાં ઉલ્લેખાયેલા યુદ્ધપ્રસંગના અનુસંધાનમાં જ હવે અભિમન્યુકથા આગળ ચાલે છે. વસ્તુસંકલનાની દૃષ્ટિએ આ કડવું એથી નોંધપાત્ર બને છે.]

### રાગ દેશાખ

અભિમન્યુનો વિવાહ કીધો, પછે વળિયા વૈકુંઠરાય;
જાન સર્વે ગઈ દ્વારકા, એક રહ્યો સૌભદ્રાય. ૧

માસ એક પૂંઠે કૃષ્ણને તેડી આવ્યા છે અર્જુન;
સેના મળી સાત અક્ષૌહિણી, લેવાને રાજ-આસન. ૨

કુરુક્ષેત્રમાં આવી ઊતર્યા, પાંડવ થયા હોશિયાર;
કૌરવ સર્વ કો આવિયા, લાવિયા અક્ષૌહિણી અગિયાર. ૩

દશમે દિવસે ભીષ્મ પડિયા, શિખંડીને હાથ;
પછે સેનાપતિ દ્રોણ કીધા, મળી કૌરવ સાથ. ૪

બીજે દિવસે રણમાં અર્જુને હણ્યો ભગદત્ત;
મુનિ દ્રોણ મૂર્ચ્છા પમાડિયા, અભિમન મહા ઉન્મત્ત. ૫

નાઠી સેના દુર્યોધનની સૌભદ્રેને માર;
કો’ને વાળવા શક્તિ નહિ, કૌરવે ખાધી હાર. ૬

શિબિરે જઈને સાથ મળિયો, ઋષિ બોલ્યા વાક :
‘કાલે અભિમનને મારું નહિ, તો પડું કુંભીપાક. ૭

સુભટ સર્વે હરખિયા ને હવો જયજયકાર;
તેણી વેળાએ ત્યાંહાં હુતા પાંડવના અનુચાર. ૮

શીઘ્રે સેવક આવિયો, જ્યાં હતા પાંચે ભ્રાત;
દ્રોણે પ્રતિજ્ઞા જે કરી, તે કહી માંડી વાત. ૯

કુંતાકુંવર કાંપિયા ને ગયાં ઊડી નૂર-મુખ;
દિગ્મૂઢ સર્વે થઈ રહ્યા, સભા પામી દુઃખ. ૧૦

એવે એક ત્યાં આવિયો, પાંડવનો અનુચાર;
શોક સહિત તે બોલિયો, કરીને નમસ્કાર. ૧૧

ચક્રવ્યૂહ તે કાલ્ય રચશે, કૌરવે કીધું કપટ;
અર્જુનને અળગા તેડી જાશે સંશપ્તક સુભટ. ૧૨

અર્જુન કહે તમો સાંભળો, કુંવરને મારે દ્રોણ;
મેં સંગ્રામ આપવો સુશર્માને, પાળવું જોઈએ પોણ. ૧૩

અભિમનના જીવ્યા તણી, નથી મુને આશ;
ભીમને જઈ ભાળવિયે, એક એનો છે વિશ્વાસ.’ ૧૪

એવું કહીને ઊઠ્યા અર્જુન, સાથે શ્યામ શરીર;
સુભટ સર્વ કો પરવર્યા, આપઆપણે શિબિર. ૧૫

અભિમન્યુ ત્યાં આવિયો, સુભદ્રાની પાસ;
'માતા! દ્રોણે પ્રતિજ્ઞા કીધી, મુજને કરવા નાશ. ૧૬

ગુરુના બિહાવ્યા સર્વ બીન્યા, જે રખે મારે રુખ;
ચક્રવ્યૂહ મુને લેતાં આવડે, પણ મૌન કીધું મુખ. ૧૭

સાત્યકિ ને ચાર કાકા, છઠ્ઠો ધૃષ્ટદ્યુમ્ન;
જોઈએ પારથ પાખે કોણ કરે છે વ્યૂહ લીધાનું મન? ૧૮

અંતે હારવા નહિ દેઉં, જોઉં સુભટના સણસારા;
કૌરવને મેં મારવા, વ્યૂહ કરું તારેતાર.' ૧૯

**વલણ**

કરું કટકા વ્યૂહ તણા, કુંવરે પ્રતિજ્ઞા કરી રે;
તેણી વેળા સુભદ્રાને વધૂ ઉત્તરા સાંભરી રે. ૨૦

## કડવું ૨૫

[પુત્રવધૂ આવે તો કદાચ પુત્ર યુદ્ધ કરવાનું ટાળે એમ વિચારી સુભદ્રાએ દ્રૌપદી દ્વારા યુધિષ્ઠિરને ઉત્તરાનું આણું મોકલવા કહેવડાવ્યું. 'નળાખ્યાન', 'મામેરું' કે 'સુદામાચરિત', 'દશમસ્કંધ', જેવાં આખ્યાનોમાં પ્રેમાનંદે જે રસનિષ્પત્તિ સાધી છે એના પ્રમાણમાં આ આખ્યાન ઊણું ઊતરવું હોવા છતાં, રસવૈવિધ્ય અહીં જોવા તો મળે જ છે. 'દશમસ્કંધ'ના દેવકી વિલાપ જેટલો ઉત્કટ ભલે નહિ, છતાં આછોપાતળો ય, માતાની હૃદયવ્યથામાંથી નિષ્પન્ન થતો કરુણ અહીં આસ્વાદવા મળે છે.]

## રાગ મેવાડો

બોલ સાંભળ્યો અભિમન્યુ બાળ જી, સુભદ્રા કાંપી પડી પેટ ફાળ જી;
‘હવે શું થાશે વિધાતા જી, રખે કુંવર  ઊઠી રણે જાતા જી. ૧

ઊઠી અબળા મૂકે નિઃશ્વાસ જી, આવી રોતી દ્રૌપદી પાસ જી;
હ્રદિયા ફાટે, નવ બોલયે જી, વડી રાણીને પડિયાં પાય જી. ૨

‘શું છે સુભદ્રા?’ પૂછે પાંચાળી જી,’ કાં રુઓ છો આંસુ ઢાળી જી?
દુઃખ લાગ્યું છે અંતર ઊંડું જી, કોણ સુભટને ઇચ્છો ભૂંડું જી?’ ૩

બોલ્યાં સુભદ્રા, ‘હ્રદયા ફાટે જી, હું આવી છું મહા ઉચાટે જી;
દ્રોણે પ્રતિજ્ઞા કપરી કીધી જી, અભિમન હણવો તેણે, હું બીધી જી. ૪

સાલ હ્રદેનું સહી ક્યમ રહું જી? કુંવર સાથે નહિ દીઠી વહુ જી;
જો આવે હો ઉત્તરા તો રહીએ બળતાં જી,
હાથ ઘસીશું હો આપણ વળતાં જી. ૫

મેં માગ્યું હતું હો વચન સંભારોજી;
વર આપ્યો છે હો ‘વંશ રહેશે તારોજી’
જો વહુ આવે ને પુત્ર લોભાય જી, યુદ્ધ કરવાને રણ નવ જાય જી. ૬

રાખ્યો નવ રહે કોનો પુત્ર જી, આપણું  દ્રોણ ભાંજશે ઘરસૂત્ર જી;
કહો રાજાને એવું જાણીજી,’ વાત સાંભળી ઊઠ્યાં રાણી જી. ૭

ધર્મની પાસે આવ્યાં દ્રુપદતનયા જી, પાણિ જોડી ભૂપ વીનવિયા જી;
‘હો સ્વામી ધર્મનરેશ જી, આણું મોકલોને મત્સ્યદેશ જી. ૮

વંશ તમારો રાખવો જાણો જી, તો શીઘ્રે ઉત્તરાને આણો જી;
છે અવળી કલાની રાત જી, કોણ જાણે શું ઉત્પાત જી. ૯

મોકલો સાંઢ્ય લઈને રબારી જી, વા'ણે આવે વિરાટકુમારી જી.' ૧૦

**વલણ**

કુંવરી તેડાવો સુદેષ્ણાની, મળે આપણા પુત્રને રે;
વિલંબ ન કરશો કંથજી, જો વધારો ઘરસૂત્રને રે. ૧૧

## કડવું ૨૬

[યુધિષ્ઠિરના મનમાં દ્રૌપદીની વાત ઠસી જતાં જુદ જુદા રબારીઓને તેડાવી મંગાવ્યા. અંતે રાયકો નામનો ચોથો રબારી પાછલા રાત્રિપ્રહરે ઉત્તરાને અહીં હાજર કરવા તૈયાર થયો. આભૂષણોથી શણગારીને રાયકાએ સાંઢણી પલાણી.]

**રાગ કાફી**

એવું કહીને વળ્યાં પાંચાલી, સમાચાર ત્યાં છાનો રે;
પશુપાલકને તેડાવ્યા વેગે, ભૂપને લાગ્યો તાનો રે. ૧

દ્રુપદતનયા જૂઠું ન બોલે, જે બોલે તે સાચું રે;
એ વાતે વિલંબ ન કરવો, કામ ન કીજે કાચું રે. ૨

પછે સેવકના તેડ્યા આવ્યા, રાય પાસે રબારી રે;
'અમો નીચ ન્યાતને કોણ કામે મહારાજાએ સંભારી રે?' ૩

બેહુ કર જોડીને ઊભા, રહેતા નમાવી શિર રે;
યુધિષ્ઠિરે એક પાસે તેડ્યો, સોમો નામે આહીર રે. ૪

'કહે સોમા તારે સાંઢ્ય કેટલી? ઉતાવળી કાંઈ ચાલે રે?
મત્સ્યસુતાને આણું કરીને આવે સવારે કાલે રે. ૫

'હા સ્વામી, સાંઢ્ય છે મારે, વા'ણા ઓરી જાય રે;
ઉત્તરાને તેડી લાવતાં કાલ સંધ્યાકાળ થાય રે.' ૬

વળી રબારી બીજો તેડ્યો, દેવો જેનું નામ રે;
'અરે, તારી સાંઢ્ય કો જાયે, થાય ઉતાવળું કામ રે?' ૭

દેવો કહે, 'હું પાળું છું એ તો સાંઢ્ય તમારી રે;
કાલ્ય મધ્યાહ્નને આણી આવું વૈરાટ-રાજકુમારી રે.' ૮

ત્રીજો રબારી ગાંગો નામે, તેને પૂછ્યું તેડી રે;
'અલ્યા, તારે સાંઢ્ય છે સબળી, જોઈ છે કહીં ખેડી રે?' ૯

'સ્વામી, એક સહસ્ર સાંઢ્ય મારે, કેસરી નામે કહાવે રે;
ઉત્તરાને ઉતાવળી તેડી, પહોર દિવસમાં લાવે રે.' ૧૦

વળી રબારી ચોથો તેડ્યો, રાયકો એનું નામ રે;
તે આવી ઊભો રહ્યો, કીધો દંડપ્રણામ રે. ૧૧

'કહે રાયકા, તારે સાંઢ્ય છે, જે હીંડે વહેલી વહેલી રે?
મત્સ્યસુતાને અહીં આણી જોઈએ વા'ણું વાતાં પહેલી રે.' ૧૨

'ત્રણ સહસ્ર સાંઢ્ય રાખું છું' રાયકો બોલ્યો વાણી રે;
મનવેગી ને પવનવેગી, તમને કેઈ છે અજાણી રે? ૧૩

પૂરવથી મૂકું પશ્ચિમ તો એક દિવસમાં જાય રે;
ચાલતી ચિત્રાના સરખી, તેનો પૃથ્વી ન અડકે પાય રે. ૧૪

મનવેગીને પહોંચી ન શકે ઐરાવતની જોડો રે;
પવનવેગીની સાથે મૂકો સૂરજ કેરો ઘોડો રે. ૧૫

આંહીં આણવી મેં ઉત્તરાવહુ, જ્યારે રાત પાછલી પહોર રે;
જુઓ, કાર્ય કરું છું કેવું, નહિ ઊગવા દેઈશ ભોર રે.' ૧૬

એવું કહીને વળ્યો રબારી, રાયની શીખ લીધી રે;
મનવેગીને ઘેર જઈને શીઘ્ર સાંતરી કીધી રે. ૧૭

પાખર નાખી પલાણ માંડ્યું, કમખા નેપૂરવાળી રે;
હીરા રત્ન, ઝવેર જડિયાં, જડી દાંતની જાળી રે. ૧૮

મણિમય મોરડો મુખ વિષે ને ઝૂમખે મોટાં મોતી રે;
ફૂમતડાં હાલે કંઠ વિષે, ને દુગદુગી રહી છે દ્યોતી રે. ૧૯

નીલી ધજા ઉપર વિરાજે, ઘંટા ઘમકે કોટ્ય રે;
અસવાર થયો રાયકો, ડચકારે દે છે દોટ્ય રે. ૨૦

એક દ્રૌપદી ને સુભદ્રા વળી રાય યુધિષ્ઠિર જાણે રે;
બાકી કો પ્રીછે નહિ, જે ગયો રબારી આણે રે. ૨૧

સાંઢ્ય ગઈ સવા પહોર રાતે, મત્સ્ય તણે ભવંન રે;
એવે ઉત્તરાને નિદ્રામાંહે આવિયું ઘોર સ્વપંન રે. ૨૨

**વલણ**

સ્વપ્ન ઘોર આવ્યું શ્યામાને, તત્ક્ષણ ઊઠી જાગી રે;
થરથર ધ્રૂજે, કાંઈ નવ સૂઝે, ઝાળ અભ્યંતર લાગી રે. ૨૩

## કડવું ૨૭

[આ આખ્યાનમાં આછાપાતળા નિષ્પન્ન થતા કરુણનું એક આલંબન જો સુભદ્રા છે, તો બીજું છે ઉત્તરા. નિદ્રામાંથી જાગી જઈને એ દુઃસ્વપ્નની વાત રજૂ કરે છે. લગભગ આખું કડવું ઉત્તરાના વ્યથાસભર ઉદ્દ્ગાર આલેખાયું હોઈ એની વેધકતા જળવાય છે.
કડવાના અંતમાં, રાયકો ત્યાં પહોંચીને ઉત્તરાના આણાની તૈયારી કરવા કહે છે.]

### રાગ સોરઠી

સ્વપ્ન મુને લાધ્યું રે, રુદિયા દાઝ્યું રે.
તેણે કાળજ ખાધું રે, સ્વપ્ન તો મુને લાધ્યું રે. સ્વપ્ન૦ ૧

સાંભળો, સુદેષ્ણા માતા રે, મેં દીઠી કૌતુક વાત રે;
સ્વપ્નમાં મેં એવું દીઠું, કાંઈ થાશે મહાઉત્પાત રે. સ્વપ્ન૦ ૨

શું કહું મારી માવડી? મુને હૈયે લાગ્યો ચોળો રે;
જન્મ તો એળે ગયો રે, કાંઈ નવ પહોતો સોળો રે. સ્વપ્ન૦ ૩

ધિક ધિક મારાં કરમડાં, દેખું હું અતિ કઠોર રે;
જોવનિયું મારું એળે ગયું, જ્યમ વગડામાંનું બોર રે. સ્વપ્ન૦ ૪

અતિ આદરે ઉછેરે માળી, પાણી સીંચી વેલી રે;
જ્યારે કળી પ્રગટી પુષ્પની, ત્યારે ભોગી ચાલ્યો મેલી રે. સ્વપ્ન૦ ૫

કાજળ વિનાની આંખડી, કેશ વિના કાંઈ માથ રે;
નિલવટ નહિ મારે ચાંદલો, મારા ચૂડલા વો'ણા હાથ રે. સ્વપ્ન૦ ૬

લોઢાનું પાત્ર ને ખીરનું ભોજન, માંહે તેલની ધાર રે;
સુભદ્રાનો જાયો જમતો દીઠો, કોટે કરેણનો હાર રે. સ્વપ્ન૦ ૭

ઊંટ ઉપર બેસીને ચાલ્યાં, હું ને મારો કંથ રે;
શ્યામ વસ્ત્ર એકેકું ઓઢ્યું, ચાલ્યાં દક્ષિણ પંથ રે. સ્વપ્ન૦ ૮

પૃથ્વી પડ્યો મારો ચાંદલો રે, ખાંડો દીઠો મેં સૂર રે;
સરોવરિયાં લોહીએ ભરિયાં, દીઠું સૂકું સાગર-પૂર રે. સ્વપ્ન૦ ૯

તે શું હશે, મારી માવડી? એવાં કૌતુક દીઠાં ક્રોડ રે;
ત્યારે સુદેષ્ણાજી બોલિયાં, 'કાંઈ જમાઈજીને ખોડ રે.' સ્વપ્ન૦ ૧૦

એવી વાત કહે છે જેટલે, આણું આવ્યું બહાર રે;
રાયકો કહે રાણીજીને, 'મોકલો રાજકુમારી રે. સ્વપ્ન૦ ૧૧

ચક્રવ્યૂહ રચી રહ્યા છે, કૌરવ પ્રાણી માત્ર રે;
અર્જુન ગયા સંશપ્તક સાથે, ગઢ લેશે તમારો જામાત્ર રે. સ્વપ્ન૦ ૧૨

**વલણ**

જામાત્ર ચઢશે જુદ્ધને માટે, મોકલ્યો મુને મહારાજ રે;
પાછલી રાતે પહોંચવું કરો સાસરવાસાનો સાજ રે. સ્વપ્ન૦ ૧૩

## કડવું ૨૮

[માતા રડતે હૈયે ઉત્તરાને શીખ-વચન કહી વિદાય આપે છે. અન્ય કવિઓએ તો અહીં અપશુકન વગેરેનો વિસ્તાર કર્યો છે. અર્વાચીનોમાં તો ક્યાંક ઉત્તરાના છ પૂર્વાવતારની વાત પણ આવે છે.
**ઉત્તરાના વિદાયદૃશ્યમાં કરુણ નિષ્પન્ન થાય છે.**]

### રાગ રામગ્રી સલૂણી

રાયકા કેરાં વચન સુણીને બોલ્યાં રોતાં રાણી રે;
'સ્વપ્ન તો સાચાં થયાં, વાત આગળથી જાણી રે;
મારી ઉત્તરકુંવરી રે. ૧

ઉતાવળાં સાસરે પધારો, સારો સર્વ શણગાર રે;
કરમ લખ્યાં તે ક્યમ ટળે? ક્યાંથી એવા ભરથાર રે. મારી૦ ૨

રાતડી માંહ્યે ધર્મરાયે, આણું મોકલ્યું કરી ખપ રે;
રાખજે હરજી, જીતશે વરજી, જો ચાંદલો તારે તપ રે. મારી૦ ૩

દુખડાં સહેજો ને ડાહ્યાં રહેજો, કહેડાવજો કાંઈ રૂડું રે;
સુભદ્રા-પાંચાળી સામો ઉત્તર ન દેશો, રખે કહાવતાં કૂડું રે. મારી૦ ૪

બારણે રહિયે ને 'જીજી' કહિયે, સાસુ કરે જ્યારે સાદ રે
સુભદ્રા હાંકે ને તરછોડી નાંખે, તોયે સામો ન કીજે સંવાદ રે. મારી૦ ૫

વહેલાં થાઓ, ઉતાવળાં જાઓ, પહોંચો જેમ સવારાં રે;
રાખશે હરજી, ને જીતશે વરજી, જો ભાગ્ય હશે તમારાં રે.' મારી૦ ૬

રુદન કરતી આંસુ ભરતી, બોલી રાજકુમારી રે;
'ઓપટીનું આણું, કેમ મૂકિયે ભાણું? રહું કેની વારી રે?
મારી સુદેષ્ણા માવડી રે ૭

સાસરવાસો લાવો ખાસો, જાવું છે મોટાંને ઘેર રે;'
માતને મળિયાં, આંસુ ઢળિયાં, બેઠાં સાંઢ્ય ઉપેર રે. મારી૦ ૮

ઉત્તરાને લીધી, ઉતાવળ કીધી, રાયકો વાટ નીસરિયો રે.
સાંઢ્યને ખેડી, વહુને તેડી, ગવાળો ઘેર વીસરિયો રે. મારી૦ ૯

**વલણ**

વીસરી ગવાળો ઘેર રહ્યો, ઉત્તરા થવા લાગી સાંતરી,
અરે, રાયકા પટકૂળ ક્યાં પડ્યાં?
હવે સાસરે જાઉં ક્યમ કરી? ૧૦

## કડવું ૨૯

['હેલી હાં હાં રે...'ની વિશિષ્ટ લઢણની પ્રત્યેક પંક્તિવાળું આ કડવું ઉત્તરાની હૃદયાવ્યથા, વ્યગ્રતા અને પતિમિલનની ઝંખનાના ભાવોને વ્યક્ત કરે છે. એનો રાગ જ શોક રામગ્રી છે એ આખ્યાનકારે પ્રસંગાનુરૂપ કે ભાવનુરૂપ કેવી લય-સંગીતસૂઝ રાખવી પડતી હશે એનું નિદર્શક છે.
લગ્ન પછી પહેલે આણે સાસરે જતી કન્યાને વસ્ત્રોનીસંપત્તિ વિના સાસરે પગ મુકતાં કેવું અડવાપણું-અભાગિયાપણું લાગે? રાયકો સાંઢ પાછી વાળે છે. સુદેષણાએ મોકલેલી બીજી સાંઢ દ્વારાએ ગવાળો મળે છે.]

## રાગ શોક રામગ્રી

હલી  હાં હાં રે, પટકૂળ પડિયાં પંથમાં રે,
હલી  હાં હાં રે, ઉત્તરાનું મન ગયું કંથમાં રે. ૧

હલી  હાં હાં રે, સાસરડે કેમ સંચરું રે?
હલી  હાં હાં રે, પાય લાગણું શું કરું રે? ૨

હલી  હાં હાં રે, હું છું પિયરની સોભાગણી રે;
હલી  હાં હાં રે, મુને લોક કહેશે અભાગણી રે. ૩

હલી હાં હાં રે, રાયકાજી પાછા વળો રે;
હલી  હાં હાં રે, વસ્ત્ર જોવા વાટ્યે પળો રે. ૪

હલી હાં હાં રે, સાંઢ્યને પાછી વાળતો રે;
હલી હાં હાં રે, જાય મારગડો નિહાળતો રે. ૫

હલી હાં હાં રે, બન્ને જણ વેગે વળ્યાં રે;
હલી હાં હાં રે, પિહેરને પંથે પળ્યાં રે. ૬

હલી હાં હાં રે, સુદેષ્ણાએ સાંઢ્ય મોકલી રે;
હલી હાં હાં રે, તે મારગમાં આવી મળી રે. ૭

હલી હાં હાં રે, ગવાળો જે વીસર્યો રે;
હલી હાં હાં રે, તે ઉત્તરાની આગળ ધર્યો રે. ૮

હલી હાં હાં રે, માતાએ વેળા જાળવી રે;
હલી હાં હાં રે, વસ્ત્ર મોકલ્યાં ભાળવી રે. ૯

હલી હાં હાં રે, પટકૂળ લીધાં હાથમાં રે;
હલી હાં હાં રે, જાવા સાસરિયાંના સાથમાં રે. ૧૦

હલી હાં હાં રે, ઉત્તરા ચાલ્યાં હરખ શું રે;
હલી હાં હાં રે, આજ પરણ્યા પિયુને નીરખશું રે. ૧૧

હલી હાં હાં રે, રાયકા, સાંઢ્ય હાંકો ઉતાવળી રે;
હલી હાં હાં રે, જે નાથ જાયે મુજને મળી રે. ૧૨

હલી હાં હાં રે, ચાર ઘડી દા’ડો ચડ્યો રે;
હલી હાં હાં રે, ત્યારે રબારી રણમાં પળ્યો રે. ૧૩

હલી હાં હાં રે, સંજય વાણી એમ કહી રે;
હલી હાં હાં રે, એ કથા તો અહીં રહી રે. ૧૪

હલી હાં હાં રે, ઉત્તરાને આણું ગયું રે;
હલી હાં હાં રે, એટલે રણમાં શું થયું રે? ૧૫

**વલણ**

રણ મધ્યે શું થયું? સંજય વાણી ઓચરે;
અભિમન્યુ રણમાં ચઢે, તે સામગ્રી કેવી કરે? ૧૬

## કડવું ૩૦

[ચક્રવ્યૂહ જીતવાના થનગનાટવાળો અભિમન્યુ આયુધસજ્જ થવમાં પ્રવૃત્ત છે, તો માતાનું મન પુત્રવધૂના આગમનની ચિંતામાં પડ્યું છે. પુત્ર માત પાસે કવચટોપ લેવા દોડ્યો તો માતા એ આયુધો સંતાડી દઈ, એને શોધવાનો ડોળ કરતી વિલંબ કરવા લગી; ઉત્તરા આવી પહોંચવાની લગનમાં.

સુભદ્રાના માતા તરીકેના મનોગતને, એના વ્યક્તિત્વને કેવો કલાત્મક ઉઠાવ મળ્યો છે! એક તરફ અભિમન્યુનો જુસ્સો, બીજી તરફ માતાની વિહ્વળતા, અભિમન્યુનું શત્રુસંહારનું લક્ષ્ય તો માતાનો સભાન વિલંબપ્રયાસ - આ બધું કલાત્મક રીતે ઊપસી આવ્યું છે. યુધિષ્ઠિર, માતાનુ રક્ષણ મળે ને એ બહાને સમયનો વિલંબ થાય આ આશયે, અભિમન્યુને કુંતા પાસે મોકલે છે. પાત્રોનાં ક્રિયાત્મક ચિત્રણો દ્વારા આ કડવું આસ્વાદ્ય બને છે.]

## રાગ ગોડી

સંજય ભણે, ભૂપતિ સુણો, મહિમા કહું સૌભદ્રેતણો;
પાછલી રજની રહી ઘડી ચાર, તે વેળા ઊઠ્યા ક્ષત્રીકુમાર. ૧

દંતધાવન ને કીધાં સ્નાન, જાચક જનને દીધાં દાન;
રાય યુધિષ્ઠિર જોતા વાટ, ન આવી ઉત્તરા, થયો ઉચાટ. ૨

સુભદ્રા મારગને જુએ, વહુ ન આવી તે દુઃખે રુએ;
જાગ્યો અભિમન, ઉતાવળ ઘણી, સાચવે વેળા ખટકર્મ તણી. ૩

‘લાવો માતા, કવચ ને ટોપ, કૌરવ ઉપર મારે કોપ;
એકએકને રણમાં હણું, દુઃખ ટાળું માતા દ્રૌપદી તણું. ૪

છે આશ યુધિષ્ઠિરને બહુ, તેમાં કાલના થાક્યા સહુ;
જઈ કાકાને આપું આધાર, વ્યૂહ જીત્યાનો લેઉં શિર ભાર.’ ૫

કહે જનુની, ‘લિયો આયુધ,’ ગઈ ઘરમાં નહિ શરીરે સૂધ;
‘અરે દૈવ મારે શું થશે? વહુ ન આવી, તે વિઘન હશે?’ ૬

સંતાડી આયુધ ખોળવા જાય, જેમ તેમ વાર લગાડે માય;
અભિમન કહે, ‘શું માવડી, શસ્ત્રને વાર લગાડે આવડી? ૭

સંગ્રામ કરવા થાય અસૂર, કૌતુક કરશે મારાં શૂર;     મોડું, અસૂરું
કાલ સભામાં સૌભદ્રે બક્યો, બીન્યો તે આવી નવ શક્યો.’ ૮

એવું કહીને આઘો પળ્યો, લેઈ આયુધ ને પાછો વળ્યો;
પહેર્યાં વસ્ત્ર, સન્નાહ, જીવરખી, થનાર વાત લલાટે લખી. ૯

નીલા અશ્વ ને નીલી ધજા, સારથિએ અશ્વ કીધો સજા;
ખડ્ગ તોમર બાંધ્યાં કેડ કસી, ચઢ્યો રથ જેમ મૃગ પર શશી. ૧૦

જેવાં પ્રગટે ભાસ્કરનાં કિરણ, આવી નમ્યો રાય ધર્મને ચરણ;
‘શું ધર્મધુરંધર બેસી રહ્યા? ઓ શત્રુ સામા તત્પર થયા.’ ૧૧

‘આવો, રૂડા ડાહ્યા દીકરા, તમો કૌરવને જીતો ખરા,
હવે વે’લા થાઓ સઘળા જોધ,’ એવું કહી કરે સેનારોધ. ૧૨

‘જાઓ કુંવર કુંતાને પગે લાગવા, સંગ્રામની આજ્ઞા માગવા;’
એવું કહી મોકલ્યો કુમાર, વહુ અર્થે લગાડે વાર. ૧૩

યુધિષ્ઠિરને બે મનમાં વાતઃ લાગે વાર, રક્ષા કરે માત;
જો આશીર્વચન ઉચરે સતી, તો પુત્ર મરે નહિ કોની વતી. ૧૪

અભિમન્યુ કુંતા કને ગયો, પાગ લાગીને ઊભો રહ્યો;
‘ચક્રાવો લેવાને કાજ, મુને આજ્ઞા આપો આજ. ૧૫

દ્રોણે પ્રતિજ્ઞા કીધી ઘણી, માતાજી મુજને મારવા તણી;
તેહ થકી બીન્યો નહિ હુંય, ભિક્ષુક મુજને કરશે શુંય.’ ૧૬

એવું જ્યારે બોલ્યો બાળ, કુંતાના પેટમાં પડી ફાળ!
‘જે વેળા આદરિયા દ્રોણ, ત્યારે કુંવરને રાખે કોણ? ૧૭

નર-નારાયણ બન્ને નથી, કૌરવે કપટ કીધું સર્વથી;
જો ગયા મૂકીને જદુરાય, તો એને બાંધું રક્ષાય. ૧૮

‘કૌરવ ત્રણ લોક જો ટોળે ફરે, તોય કુંવર માર્યા નહિ મરે;
સતીએ તેડ્યો પોતા કને, ‘આવ, રક્ષા, ભાઈ, બાંધું તને.’ ૧૯

**વલણ**

તને રક્ષા હું કરું, પણ રાખનારો શ્રી હરિ રે;
જન પ્રેમાનંદ એમ કહે, કેઈ પેરે રક્ષા કરી રે. ૨૦

## કડવું ૩૧

[કુન્તા રક્ષાબંધન કરી અભિમન્યુને વિદાય કરે છે, કપટપરંપરા સર્જતા શ્રીકૃષ્ણ બ્રાહ્મણરૂપ ધારણ કરી અભિમન્યુને માર્ગમાં મળે છે અને એને મહેણાં મારી તેમજ સ્વપુરુષાર્થનું પોરસ ચડાવી એની પાસે કુન્તાએ બાંધેલો રક્ષાતંતુ તોડી નંખાવે છે.
આ કડવું વાંચતાં રક્ષાબંધનના પ્રસંગનું સમગ્ર ગુજરાતી પ્રજાને કંઠસ્થ એવું ‘કુન્તા અભિમન્યુને બાંધે અમ્મર રાખડી રે...’ એ લોકગીત કયા ગુજરાતીને સ્મરણે નહિ ચઢે?]

### રાગ મેવાડો

કુંતા કહે, ‘રે કુંવર, તુજને રાખે રણદેવ્યાય જી;
મસ્તકે મહાદેવજી રાખે, ભ્રૂકુટિએ બ્રહ્માય જી. ૧

કપોલે કાલકાની રક્ષા, નાસાએ નારાયણ જી;
અંબિકા આંખડીએ રાખો,શ્રવણે સારંગપાણ જી. ૨

દંતે દિનાનાથ રખવાળો, રસનાએ રણછોડ જી;
કંઠે કમલભૂની તનયા, સ્કંધે શિવકુમાર જી. ૩

પેટે રક્ષા પંચ કન્યાની, વાંસે વાસવધીશ જી;
કટિએ કૌશિક ઋષિની રક્ષા, જંઘાએ જમધીશ જી. ૪

પાગે હો ક્ષમાની રક્ષા, ત્વચાએ દિશા ચાર જી;
અસ્થિએ પર્વતની રક્ષા, રોમે ભાર અઢાર જી. ૫

મેદ રુધિરે સાગર રાખે, નિશાએ નવકુળ નાગ જી;
મારગે તુજને ગણપતિ રાખે, જૂધે જુગદીશ પાગ જી. ૬

શર્વરીએ સોમની રક્ષા, દિવસે દિવાકર જી;
લોહ, કાષ્ઠ, ઉદક ને અગ્નિ, નહિ ભેદે તારે અંગ જી. ૭

સાત તાંતણા સૂતરના બાંધ્યા, વોળાવ્યો કુમાર જી;
એહવે બ્રાહ્મણ-રૂપ ધરીને આવ્યા વિશ્વાધાર જી. ૮

હાથ લાકડી લીધી જદુપતિ, કાયા કીધી ઘરડી જી;
કટકડાટ હાડકાં વાજે, ઊભા ત્યાં દાંત કરડી જી. ૯

મારગ માંહે ત્યાં અભિમનને મોહન આવી મળિયા જી;
હાથે ઝાલી હડપચી, ‘ક્યાં પધારશો બળિયા જી! ૧૦

આ દોરડો કોણે બાંધ્યો, આવી તાવની ઝરેળી જી!
તું સરખો જોદ્ધો થયો રોગિયો, દેખી મુને ચઢે કરેળી જી.'  ૧૧

અભિમન્યુ ત્યારે એમ ઓચરે, 'એમ શું બોલ્યા ઋષિરાય જી;
હું જાઉં ચક્રાવ્યૂહ લેવા, કુંતાએ બાંધી રક્ષાય જી.'  ૧૨

વાયક સાંભળી કુંવર કેરાં, મોહને મૂર્છા ખાધી જી;
'અરે જોધ! તું એ શું બોલ્યો, લજ્જા ખોઈ કુળની બાધી જી.  ૧૩

પિતા તારે ત્રણે લોકને એક  ધનુષ્યે ધંધોળ્યું જી;
તે અર્જુનનું નામ આજથી, અભિમનિયા! તેં બોળ્યું જી.  ૧૪

મચ્છવેધ ને ખાંડવ-દહને, જીત્યા શ્રી ત્રિપુરાર્ય જી;
તે વેળા નો'તી બંધાવી અર્જુને રક્ષાય જી.  ૧૫

કપૂત પેટ પડ્યો પારથને, જીતશે ડોશી સારું જી;
અમો તો પરમારથ કહું છું, પણ તેજ ઘટે છે તારું જી.  ૧૬

કુંતાથી શત્રુ મરતા હોય તો, રક્ષા બંધાવે નકુલ-સહદેવ જી;
પણ વાંક તારો નહિ રે બાળકા, છે છોકરવાદીની ટેવ જી.  ૧૭

મામો તારો એવું જાણશે, તો દુભાશે જગદીશ જી;
અર્જુન તો અદકું કરશે, છેદશે તાહરું શીશ જી.  ૧૮

કદાપિ તું કૌરવને જીતીશ, કરીને સંગ્રામ જી;
તો તુજને કો નહિ વખાણે, થાશે કુંતાનું નામ જી.'  ૧૯

એવું સાંભળી સૌભદ્રેએ તોડી નાંખ્યાં તંત જી;
'ધન્ય ધન્ય' કહી હેલામાંહે અદૃષ્ટ થયા ભગવંત જી. ૨૦

આનંદ પામ્યા શ્રીઅવિનાશી, રક્ષા કરાવી ફોક જી;
બ્રહ્માનો માર્યો મરત નહિ, શીઘ્રે જાશે જમલોક જી. ૨૧

અભિમન ચાલ્યો સંગ્રામે, ન પ્રીછ્યો કપટ જી;
મામોજી ઓળખ્યા નહિ, સાચું માન્યું સુભટ જી. ૨૨

**વલણ**

સુભટે સાચું માનિયું, જુધ કરવા રણમાં પળે રે;
વિપ્ર પ્રેમાનંદ એમ કહે, ઉત્તરા કેમ સામી મળે રે. ૨૩

## કડવું ૩૨

[સુભદ્રા ઉત્તરાને માટે ઉત્કંઠ છે, અભિમન્યુ યુદ્ધને માટે. અભિમન્યુ પાંડવોની સાથે યુદ્ધ માટે પ્રસ્થાન કરે છે.]

### રાગ રામગ્રી

સાસુ જુએ છે વાટડી, 'ઉત્તરા શેં ન આવી જી?
રબારી વેરી થયો, વાત કરમને ભાવી જી. સાસુ૦ ૧

વાયદો વટ્યો નિશા તણો, ઓ ઊગ્યા ભાણ જી;
કુંવર રાખ્યો નવ રહે, શું કરું ભગવાન જી?' સાસુ૦ ૨

ધર્મ દુઃખ મન માંહે ધરે, 'શેં લાગી આવડી વાર જી?'
એવે કુંતા કનેથી આવિયો, અભિમન્યુકુમાર જી. સાસુ૦ ૩

ધર્મને કહે, 'કાં બેસી રહ્યા? ધરોને આયુધ જી;
દિવસ ચઢે છે આપણો, હવે કરવું છે યુદ્ધ જી.' સાસુ૦ ૪

લાવ્ય સારથિ! રથને,' કહેતાં માંહે લાવ્યો જી;
સેના સર્વે તત્પર કરી સેનાપતિ આવ્યો જી. સાસુ૦ ૫

પછે યુધિષ્ઠિર યુદ્ધે ચઢિયા, જોયું જ્ઞાન વિચારી જી;
નિરમ્યું તે ટળશે નહિ, કર્તા શ્રીમોરારિ જી. સાસુ૦ ૬

નિર્ઘોષ નિસાણના ગડગડે, ધજા પૂરે વાય જી;
શરણાઈ નફેરી નવનવા, નોબત ઝણઝણાય જી. સાસુ૦ ૭

ફૂંક્યા ગોમુખ ગાજતાં, હોકારા રણતૂર જી;
લોહમય બખ્તર પહેરિયાં, સોંઢ્યા છે રણશૂર જી. સાસુ૦ ૮

હંસલા હરખી, હરણિયા, હય કરે હણહણાટ જી;
કાળા, કચ્છી ને કાબરા, ચાલતા સડસડાટ જી. સાસુ૦ ૯

વાયુવેગી  વાનરિયા, ભલા વાદે નાચંતા જી;
પીળા, પાખરિયા ને પોપટા, પારેવા પાણીપંથા જી. સાસુ૦ ૧૦

ઘૂંટ ઘોડા ગંગાધરા, ગોરા કરે તે ગેલ જી;
ઊંચા ઊંટમુખા ને આરબી, ચાલંતા જલને રેલ જી. ।સાસુ૦ ૧૧

હાથી બહુ આગળ કર્યા, શોભે ઉપર અંબાડી જી;
જોઈ જોઈ આંસુડાં ભરે છે સુભદ્રા માડી જી. સાસુ૦ ૧૨

‘શા માટે વહુ આવ્યાં નહિ? જાયે કંથ તમારો જી;
મળી વંશ વધારો માનુની જાતો વંશ અમારો જી. સાસુ૰ ૧૩

નિકુળ સહદેવ તેડિયા, સુભદ્રા તે નાર જી;
મારા કુંવરને કો છે નહિ, તમે કરજો એની સાર જી. સાસુ૰ ૧૪

મામો મુરારિ મૂકી ગયા, દીસે છે કાંઈ ગમતું જી;
પુત્રનું પ્રાક્રમ વાધિયું તે ક્યમે નથી શમતું જી. સાસુ૰ ૧૫

દિયર, તમારે આશરે દીકરો,’ એવું કહીને રોઈ જી;
નિકુળ સહદેવ સંચર્યા, આંસુડાં તે લ્હોઈ જી. સાસુ૰ ૧૬

ચઢ્યું સૈન્ય પાંડવ તણું, બહુ વીર વિરાજે જી;
બ્રહ્માંડ ત્રણ જાગ્રત થયાં, દુંદુભિને ગાજ્યે જી. સાસુ૰ ૧૭

ભીમ, યુધિષ્ઠિર ને સાત્યકિ, વળી ધૃષ્ટદ્યુમંન જી;
એ ચાર રથીના યૂથ આગળ, ચાલ્યો શૂર અભિમંન જી. સાસુ૰ ૧૮

વૈરાટ, દ્રુપદ ને કશીપતિ, પૂંઠે કુંતીભોજ જી;
પાંચ પુત્ર દ્રૌપદી તણા, ચાલ્યા આગલી ફોજ જી. સાસુ૰ ૧૯

નકુલ સહદેવ મોઢે રહ્યા, સુભટ શોભાળા જી;
એક કોટિ ત્યાં દરબડે, આગળ ચાલે પાળા જી. સાસુ૰ ૨૦

**વલણ**

પાળા ને અસવાર સર્વે, સેના તે પંથે પળી રે;
દિવસ ઘટિકા ચાર ચઢતે, માર્ગમાં ઉત્તરા મળી રે. સાસુ૰ ૨૧

## કડવું ૩૩

[પ્રેમાનંદે પોતાનાં અન્ય ઉત્તમ આખ્યાનોમાં ખીલવ્યો છે એવો હાસ્યરસ પ્રસ્તુત આખ્યાનમાં ખીલવવાની તક નહિવત્ હોવા છતાં એવી તક ક્વચિત ઝડપી છે ખરી. આ કડવામાં યુદ્ધપ્રસ્થાન કરતી આખી ય સેના, ઉત્તરા સામી મળતાં, ક્ષણાર્ધ તો મોહવિવશ બની જતી આલેખાઈ છે. 'નળાખ્યાન'ના દમયંતીસ્વયંવર-પ્રસંગમાં દમયંતીને જોઈ વિવશ બનતા રાજાઓ અને દેવોની ચેષ્ટા દ્વારા નિષ્પન્ન કરેલા હાસ્યરસની આરંભદશા અહીં દેખી શકાય છે. કડવાના ઉત્તરાર્ધમાં ઉત્તરા-અભિમન્યુની 'મળી દૃષ્ટોદૃષ્ટ'નું શૃંગારરસિક આલેખન છે. બન્ને પરસ્પરને જોતાં સ્નેહાકર્ષણ અનુભવે છે.]

### રાગ નટની ચાલ

મળી મહિલા મારગ માંહે, વાહન વિના પાળી;
સર્વ સેનાને જાતી જુદ્ધે મૃગાક્ષી રહી ભાળી. ૧

વીર માત્ર વિસ્મે થયા, નારી-રૂપ અપાર;
ચળ્યાં ચિત્ત ને ચાબક પડિયા, ચિત્ર-લખ્યા અસવાર. ૨

રથી સાન કરે સારથિને, 'હય હાંકો પ્રેમદા પાસ.'
મોહ્યા સારથિ, સૂધ નહિ, તેહનાં પડ્યાં પરોણા રાશ. ૩

વિપરીત ધજા ગ્રહી સેવકે, જેષ્ટિકા ઊંચી કીધી;
હય હસ્તી ભટક્યા સેનામાંહે, ઉત્તરાકુંવરી બીધી. ૪

ખચકી સેના મોહ પામી, ને મારગનો થયો રોધ;
સેનાપતિ ને સાત્યકિ જાદવ, આવ્યા બેઉ જોધ. ૫

સેના સર્વ ચાલતી કીધી, ઓળખી મત્સ્યકુમારી;
સાત્યકિએ જઈ કહ્યું ધરમને, 'આવી વધૂ તમારી.' ૬

અભિમન્યુએ ઉત્તરા દીઠી, ઉત્તરાએ અભિમન્ય;
નરનારી બેઉ રૂપ વખાણે, 'બ્રહ્મા તુંને ધન્ય.' ૭

અન્યોન્ય મીટ મળી, ઓળખે નહિ કો કોને;
જોતાં જોતાં તૃપ્તિ ન પામે, ચંદ્રકળા દ્યુતિ બેઉને. ૮

ઉત્તરાએ અભિમન્યુ નીરખી નયણે ભરિયાં આંસુ;
'આવા નાથનો હાથ ન ઝાલ્યો અવતાર ખોયો ફાંસુ! ૯

હરિ હર બ્રહ્માએ મળીને એ પુરુષને ઘડિયો;
ચંપકવર્ણ વપુ છે એનો, કનકની ખોલે મઢિયો. ૧૦

ધન રે માતા તાત તેહનાં, ધન્ય કુટુંબ પરિવાર;
ધન્ય નારી વ્રત કરનારી, જેને આવો હશે ભરથાર. ૧૧

'મેં સુકિત કાંઈ કીધું નથી, તો ક્યાંથી આવો સ્વામી?'
અભિમન્યુ વિચારે મનમાં, રથ રાખ્યો મોહ પામી : ૧૨

'બ્રહ્માએ નિરમી એ નારી, વળી સૃષ્ટિમાં હદ્દ;
એના રૂપથી ચળે જોગી શંકર સરખા સિદ્ધ. ૧૩

રતિ, તિલોત્તમા ને રંભા, એહ સ્વરૂપથી હારે;
કોની કુંવરી, ક્યાંથી આવી, ચરણ ધરણ કેમ ચાલે?' ૧૪

### વલણ

ચરણ ધરણ કેમ પ્રેમદા, આંહીં આવી કોણ કાજ રે?
અભિમન પૂછે ધરમને, મૂકી મનની લાજ રે. ૧૫

## કડવું ૩૪

[સદાયને માટે આવી પડનારા વિયોગ પહેલાંનું ઉત્તરા-અભિમન્યુના મિલનશૃંગારનું આલેખન. યુધિષ્ઠિરે માર્ગમાં તણાવેલા શિબિરભવનમાં ઉત્તરાને ઋતુદાન અર્પી અભિમન્યુ યુદ્ધ માટેની વિદાય માગે છે. જેમ 'ઉત્તરાએ અભિમન્યુનો ઘસી છેડો ઝાલિયો', એમ જ મિલનશૃંગારનો છેડો, ધસી આવતો કરુણ કેવો ઝીલી લે છે!]

### રાગ કેદારો

અભિમન્યુ એમ ઓચરે, ધર્મરાય શું વિનતિ કરે;
'પરવરે આ કોણ પાળી પ્રેમદા રે? ૧

કપટ-ભાવ મુજમાં નથી, આ અબળા આવી ક્યાં થકી?
સરવથી સહેજે મન પામ્યો મુદા રે. ૨

### ઢાળ

મુદા પામ્યો મન વિષે, જોઈ એનું રૂપ;'
અભિમનનાં વચન સુણીને વદે યુધિષ્ઠિર ભૂપ. ૩

રાય કહે કુંવર પ્રત્યે, 'એ મત્સ્યરાયની કુમારી;
ઉત્તરાકુંવરી નામ જ એનું, એ તો વધૂ તમારી. ૪

દારુણ જુદ્ધ થાવું જાણી, વધૂ વેગે આવ્યાં;
મોકલ્યો રબારી સાંઢ્ય લેઈને, અમો શીઘ્ર તેડાવ્યાં.' ૫

વાત સાંભળી થયો વ્યાકુળ, સજળ થયાં બહુ નેત્ર;
અભિમન્યુને ત્યાં મૂકી પાંડવ ચાલ્યા જૂધ-ક્ષેત્ર. ૬

ધર્મરાયે તે મારગ માંહે તણાવ્યું શિબિર-ભુવંન;
અભિમન લાજે તે માટે મૂકી, ગયા સર્વ રાજંન. ૭

ઉત્તરા આવી અંતઃપુરમાં, દીઠો સુંદર સ્વામી;
'મેં કોણ પુણ્ય કીધું પૂર્વે જે ભરથાર આવો પામી?' ૮

હરખ-આંસુ હવાં બંન્યોને, મળવા હૃદિયાં ફાટે;
અરે દૈવ તેં એ શું કીધું? વિયોગ પડ્યો શા માટે? ૯

સંજય કહે, 'સાંભળ્ય રે, સાચું, ધૃતરાષ્ટ્ર રાજન;
પછે ઉત્તરાને અભિમન્યે, આપ્યું ત્યાં ઋતુદાન. ૧૦

યુગ્મ ઘડી ત્યાં રહ્યો યોદ્ધો, કરી સ્નાન સજ્યાં આયુધ;
'કાં અબલા, આજ્ઞા છે તારી? કરવા જાઉં છું જુદ્ધ. ૧૧

વિધાતાએ જે લખ્યું તે આગળથી થાય;
આજ મેળાપ લખ્યો આપણને, કરતાં કલ્પના જાય. ૧૨

જો તુંને હું જાણું આવી, તો કેમ રહે વિયોગ?
સુખપ્રાપ્તિ ત્યારે હવી, જ્યારે ટળ્યા કરમના ભોગ.' ૧૩

**વલણ**

‘ટળ્યા કરમના ભોગ, મહિલા!’ એવું કહી રણ ચાલિયો રે;
ઉત્તરાએ અભિમન્યુનો ધસી છેડો ઝાલિયો રે. ૧૪

## કડવું ૩૫

[અભિમન્યુને યુદ્ધ નહિ ચડવા ઉત્તરા વિનંતી કરે છે. પણ એની દલીલો એના વ્યક્તિત્વને ઝાંખું કરનારી-પ્રાકૃત લાગે છે. ઉત્તરાને યુયુત્સુ અભિમન્યુ વીરત્વ અને મર્દાનગીભર્યો પ્રત્યુત્તર વાળે છે.]

### રાગ કેદારો

એમ બોલ્યાં ઉત્તરા નારી, ‘સ્વામી, વાત સાંભળો મારી;
મારાં પ્રગટ્યાં કરમનાં કર્તુ, હું રાંક ને તમો ભર્તુ. ૧

પાતળિયા પિયુજી મારા, તમ જોગ નથી હું દારા;
રહી પ્રીતડી લાગી થાવા, તો કેમ દેઉં તમને જાવા? ૨

નારીને તે નાથજી ધન્ય, સુખે પાળે ને આપે અન્ન;
ભાઈ બાપ ને જે માડી, ઘણું કરે તો પહેરાવે સાડી. ૩

સાસુ, સસરો તે ધણી માટે, બાકી નહિ કો’ સાસરિયાની વાટે;
થનાર હશે તે દેઈશ થાવા, પણ નહિ દેઉં તમને જાવા. ૪

બીજા જુદ્ધ કરીને થાક્યા? રાજ કરશે પરભારું કાકા;
તો તમારે શું વઢવું? બાંધી બાકરી કૌરવ પર ચઢવું.’ ૫

એમ કહ્યું મસ્તક નામી, ત્યારે બોલ્યા અભિમન સ્વામી;
'મિથ્યા કરવી અભિલેખા, નહિ ટળે કરમની રેખા. ૬

ફરી પેસે કુંજરના દંત, તોયે રણ ન મૂકે બળવંત;
શરીર થાય જો ચૂરાચૂર, તોયે રણ ન મૂકે શૂર. ૭

મહિલા, એક વાર છે મરવું તો રણથી શું ઓસરવું?
માટે પ્રેમદા પાલવ મૂકો, તમો ચતુર થઈ કાં ચૂકો?' ૮

### વલણ

'ચૂકો મા ચતુરાં થઈને,' એવું કહી ચાલ્યો નાથ રે;
ત્યાં મત્સ્યસુતા એમ ઓચરે, ઝાલી અભિમનનો હાથ રે. ૯

## કડવું ૩૬

[ઉત્તરા અભિમન્યુને કૌરવદળના સમર્થ મહારથીઓનો ભય દર્શાવી
પોતાને હૈયે પડેલી ફાળ વ્યક્ત કરે છે.]

### રાગ ધનાશ્રી

'પિયુજી! શું થાશે રે, મારા પિયુજી! શું થાશે?
આજનો દહાડો મારો ક્યમ જાશે? પિયુજી શું થાશે રે? ૧

કોણ સારુ વઢવા સંચરો, ચક્રાવો લેવો છે કપરો;
કૌરવ જોધમાં તમો છો બાળ, તેણે મારા પેટમાં પડે છે ફાળ.
પિયુ૦ ૨

વ્યૂહને મુખે ઊભા છે દ્રોણ, તમને જીતવાનું કીધું પોણ;
પ્રતિજ્ઞાનો તે પ્રતિપાળ, તેણે મારા પેટમાં પડે છે ફાળ.

પિયુ૰ ૩

શકુનિ કૈતવ, પાપી કર્ણ, જેને દીઠે પામિયે મર્ણ;
દુષ્ટ હ્રદેના નથી રે દયાય, તેણે મારા પેટમાં પડે છે ફાળ.

પિયુ૰ ૪

જયદ્રથ સરખા જોધ નવનવા, મહાભયાનક ભૂરિશ્રવા;
કૃતવર્મા છે કૃતાંત કાળ, તેણે મારા પેટમાં પડે છે ફાળ.

પિયુ૰ ૫

દુષ્ટ હ્રદેનો દુર્યોધન, મનનો મેલો છે દુઃશાસન;
કૌરવ ઝેરી જેવા વ્યાળ, તેણે મારા પેટમાં પડે છે ફાળ.

પિયુ૰ ૬

અશ્વત્થામા ભડ મહામલ્ય, વળી સિંહ સરખો સામો શલ્ય;
નાખશે તમને શરની જાળ, તેણે મારા પેટમાં પડે છે ફાળ.

પિયુ૰ ૭

વરસશે બાણ તણા વરસાદ, અંતરિક્ષ અંધારું ઉલ્કાપાત;
અગ્ન્યસ્રની ઊડશે જ્વાળ, તેણે મારા પેટમાં પડે છે ફાળ.

પિયુ૰ ૮

ભોગળ મુગદળ ગદા ને ફરસી, આયુધ અંગ પરમ રહેશે વરસી;
તે વેળા શી કરશો ચાલ? તેણે મારા પેટમાં પડે છે ફાળ.

પિયુ૰ ૯

કાકા કેરી ત અલ્પ સગાઈ, અર્જુન હોય તો આવે ધાઈ;
પાસે નથી મામો શ્રીગોપાળ, તેણે મારા પેટમાં પડે છે ફાળ.

પિયુ૰ ૧૦

આંખડી મારી જમણી ફરકે, હ્રદય મારું ઉચાટે ઉધરકે;
હું કેવો દેખીશ સંધ્યાકાળ, તેણે મારા પેટમાં પડે છે ફાળ.

પિયુ૰ ૧૧

### વલણ

સંધ્યાકાળ હું દેખીશ કેવો ઘડી જુગ સરખી થશે રે;
નિમેષ નહિ મળે નયણે, જોઈ રહીશ એણી દિશે રે. ૧૨

## કડવું ૩૭

[અભિમન્યુની આ સલાહ ઉત્તરોને દૃઢ બનાવા પ્રેરે છે. શત્રુદળને હણવા એ અભિમન્યુને ઉત્સાહભરી વિદાય તો આપે છે, પણ પ્રસ્થાન કરતા પતિની પીઠ જોતાં જ ભાંગી પડતી અને ચોધાર આંસુ સારતી ઉત્તરાનું લાઘવયુક્ત ચિત્ર કરુણરંગી બને છે. અભિમન્યુ યુદ્ધે ચઢે છે.]

### રાગ સામેરી

ઉત્તરાનાં વાયક સાંભળી, અભિમન્યુ તે બોલ્યો વળી;
'મારા સમ જો આંસું ભરો, કાં આંખલડી રાતી કરો? ૧

નારી તમો છો ક્ષત્રાણી, તો નવ ઘટે દીન વાણી;
રણ થકી જો ઓસરવું, મહિલા, તે પેં ભલું મરવું. ૨

તમે આજ્ઞા કરો,' એવું જાણી, પછે બોલ્યાં ઉત્તરારાણી :
'સ્વામી, મન છે તો પધારો, જઈ શત્રુને સંહારો. ૩

તમારી માતાને ભાગ્યે ઊગરજો, તે શત્રુનાં શીશ તમો હરજો;
તમે યુદ્ધ કરવાને જજો સ્વામી, થવાયે તેવા થાજો. ૪

કંથજી, કુળને દીપાવજો, યશ ઉપજાવી ઘેર આવજો;'
એવું કહીને પાગે લાગી, અભિમન ચાલ્યો આજ્ઞા માગી. ૫

પ્રેમદા ફરી ફરી પાછું જોતી, ખરે આંસુડાં નિર્મળ મોતી;
વ્હાલાજીનો વાંસો નવ ખમાય, વળી જુએ તો વારુ થાય. ૬

વલવલાટ ઘણુંએક કરી, રોતી મંદિરભણી પરવરી;
નયણે આંસુ મૂક્યાં રેડી, સખી ગયાં ઘરમાંહે તેડી. ૭

મળ્યાં સુભદ્રા ને પાંચાલી, પાયે લાગી મત્સ્યની બાળી;
જ્યારે અભિમન્યુ રણ ચાલ્યો, રથપ્રહારે મહીધર હાલ્યો. ૮

પેલી સેના રહી આથડી, સામાસામાં રહ્યાં દળ ચઢી;
દુંદુભિ-નાદ બહુ ગડગડે, મેહ અષાઢો જેમ ધડધડે. ૯

**વલણ**

ધડધડે સેના મેઘની પેરે; ઘોષ જઈ લાગ્યો ગગન રે;
કૌરવને કંપાવતો રણ આવિયો અભિમંન રે. ૧૦

## કડવું ૩૮

[કવિને હાથે પરંપરાગત ઉપમાઓની માલાથી નવાજતા અભિમન્યુના રણપ્રવેશનું અને કૌરવસૈન્ય ઉપર પડેલી એની હાકનું વર્ણન.]

**રાગ મારુ**

કૌરવને થયું રે જાણ, અભિમન્યુ આવ્યો રે;
ચૂક્યાં સુભટનાં ઓસાણ, રણથંભ મુકાવ્યો રે. ૧

એ ગતિએ કરી પવંન, અભિમન્યુ આવ્યો રે;
પ્રતાપે હુતાશંન, રણથંભ મુકાવ્યો રે. ૨

એ તો યુદ્ધે જાણે ઇન્દ્ર, અભિમન્યુ આવ્યો રે;
શીતળતાએ જેવો ચન્દ્ર, રણથંભ મુકાવ્યો રે. ૩

ગંભીરપણે સાગર, અભિમન્યુ આવ્યો રે;
મહિમાએ બીજો હર, રણથંભ મુકાવ્યો રે. ૪

સ્થિરતાએ જેવો મેર, અભિમન્યુ આવ્યો રે;
ગદાયુદ્ધે બીજો કુબેર, રણથંભ મુકાવ્યો રે. ૫

વાણીએ ગંગાજળ, અભિમન્યુ આવ્યો રે;
એ તો રૂપે જેવો નળ, રણથંભ મુકાવ્યો રે. ૬

ધસિયો શાર્દૂલની ફાળ, અભિમન્યુ આવ્યો રે;
એ ક્રોધે જેવો કાળ, રણથંભ મુકાવ્યો રે. ૭

ઓ ચાપ ચઢાવ્યું છે હાથ, અભિમન્યુ આવ્યો રે;
નીલા અશ્વ જોડ્યા છે રથ, રણથંભ મુકાવ્યો રે. ૮

ઓ લીલી ધજા ફરકે, અભિમન્યુ આવ્યો રે;
આપણથી દૃષ્ટ ન ચૂકે, રણથંભ મુકાવ્યો રે. ૯

ભૂષણ શોભે ભવ્ય, અભિમન્યુ આવ્યો રે;
ભાથાથી ભીડ્યા સવ્યાપસવ્ય, રણથંભ મુકાવ્યો રે. ૧૦

બાણે ગગન તણો પૂરનાર, અભિમન્યુ આવ્યો રે;
એ તો ચક્રાવાનો ચૂરનાર; રણથંભ મુકાવ્યો રે. ૧૧

ત્યારે દ્રોણે કીધો શંખનાદ, અભિમન્યુ આવ્યો રે;
સૌભદ્રે સામો કીધો સંવાદ, રણથંભ મુકાવ્યો રે. ૧૨

**વલણ**

સંવાદ કીધો સુભટ સર્વે, બોલે દુંદુભિ ઘન જેમ રે;
ચક્રવ્યૂહ અભિમન્યે લીધો, કૌરવ જીત્યા કેમ રે? ૧૩

## કડવું ૩૯

[પાંડવ અને કૌરવનાં દળો અને એમની વ્યૂહરચનાનું વર્ણન, વર્ણાનુપ્રાસ ને આંતરપ્રાસનો કારણે તેમ જ ઝૂલણાનો ઉપયોગ કરવાને લીધે આકર્ષક બન્યું છે.]

**રાગ છંદ, ઝૂલણાની ચાલ**

આવ્યાં દળ બેહ, ઊલટ્યાં જ્યમ મેહ, કૌરવવ્યૂહ કપરો સાજે;
મુખ રહ્યા દ્રોણ, કરીને પોણ, સૂરજ સરખા ઋષિ વિરાજે. ૧

ધ્રુજાવતો ધર્ણ, ભયાનક કર્ણ, અચળ જાણે ધ્રુવનો તારો;
અશ્વત્થામા ચંદ્ર, દુર્યોધન ઇન્દ્ર, કૃપાચાર્ય બૃહસ્પતિનો તારો. ૨

કૃતવર્મા ધંન, મંગળ દુઃશાસંન, વીજળીતુલ્ય જયદ્રથ રાણો;
બાહ્લિક મહાબાહુ, ભૂરિશ્રવા રાહુ, શકુનિ શનીશ્વર જાણો. ૩

ઉછાળે આયુધ, કરવાને જૂધ, ઠેકાવી અશ્વને આગળ થાતા;
વિકરાળ છે મોઢાં, હણહણે ઘોડાં, ધરણ્ય ધ્રુજાવતા વીર ધાતા. ૪

ખળકે સાંકળ, મોટાં મદગળ, ફરકે ધજા ઊંચી અંબાડી;
રંગીલા રાય, શોભે સેનાય, વ્યૂહ વિરાજે જેવી વાડી. ૫

પાંડવોના શૂર, મહાબળ પૂર,ગરુડ-વ્યૂહ જેણે કીધો વીર;
કુંતીકુંવર, જાણે અમર , શોભા સર્વ અભિમન ધીર. ૬

બ્રહ્મા જેવો ધર્મ, ભયાનક કર્મ, ભીમરૂપે શ્રી ઇન્દ્રરાય;
નિકુળ ભાસ્કર, વાસુકિ વૈશ્વાનર, કૌરવે તાપ સહ્યો નવ જાય. ૭

સહદેવ સાગર, મુકાવે પાર, દ્રૌપદીબાળ કૃતાંત કાળ;
શિખંડી પ્રચંડ, ગદા જમદંડ, ધૃષ્ટદ્યુમ્ન વાસુકિ વ્યાળ. ૮

કુંવર કુંતીભોજ, રહ્યા દક્ષિણફોજ, વૈરાટ દ્રુપદ શોભે ભૂપ;
ગયો અભિમંન, વ્યૂહને વદંન, વિષ્ણુ જેવું વિરાજે રૂપ. ૯

**વલણ**

રૂપ વિરાજે કુંવર કેરું, લાજે કોટિ અનંગ રે;
ઉભય દળ ભેગાં થયાં, વ્યૂહ **કેમ પામ્યો** ભંગ રે? ૧૦

## કડવું ૪૦

[અભિમન્યુનું પરાક્રમ, પાંડવકૌરવ સૈન્યના મહારથીઓએ આદરેલું યુદ્ધ, શસ્ત્રોનો ખડખડાટ, શરસંધાન, પશુઓના કોલાહલ વહેતી લોહીની નીકો વગેરે વર્ણવી આખુંય યુદ્ધચિત્ર પ્રેમાનંદે તાદૃશ કરી આપ્યું છે. યુદ્ધવર્ણનમાંના ઉત્સાહને અનુરૂપ અને ઓજસને વ્યંજિત કરતો વર્ણવિન્યાસ, આંતરપ્રાસ અને યમસાંકળીની

યોજનામાં પ્રેમાનંદનું ભાષાપ્રભુત્વ પરખાઈ આવે છે. પ્રેમાનંદની આ શક્તિ વિકસીને 'રણયજ્ઞ'નાં કેવાં રસિક યુદ્ધવર્ણનો આપે છે!]

### રાગ છંદ ત્રિતાળો

મુખે રહ્યા ગુર, પૂંઠે સર્વ શૂર, ઉરાઉર અભિમન્યુ આવ્યો,
વાજતે રણતૂર, મહાબળ શૂર, ચક્રાવો ચૂર કરવાને ધાયો. ૧

ગાજે સાગરજળ, એવાં બેઉ દળ, કળ ન પડે કિકિયાડે;
રોધાણ થયું રણ, વહાલાને વ્રણ, ધર્ણ ધ્રૂજે અભિમન્યુ ત્રાડે. ૨

આચાર્ય ને અભિમન, આવ્યા વદન, ધન ધન દેવતા બોલે;
ભીમસેન ને શલ્ય, બેય મલ્લેમલ્લ, અટળ તે ઉછાળે શેષ ડોલે. ૩

કુંતીભોજ ને કૃપ, ખીજ્યા જેમ સર્પ, દર્પ અન્યોઅન્ય હણે;
અશ્વત્થામા વીર, સાત્યકિ રણધીર, શરીર વેધ્યાં દુ:ખ નવ ગણે. ૪

સેનાપતિને સાધે, આવીને વાધે, સાથે વેધ્યા ધનુર્ધારી;
વિરાટ બાહૂલિક, યુદ્ધે તે અધિક, નીક રુધિર તણી રે કારી. ૫

શકુનિ મામો, સહદેવ સામો, પામ્યો મોહ  માદ્રેને મારે;
ભૂરિશ્રવા ને નકુળ, જેવા શાર્દૂલ, મૂળગા લેશ તે કો નવ હારે. ૬

સોમદત્ત ને દ્રુપદ, માતંગના મદ, હદ લોપી આઘેરા  ખસિયા;
દુર્યોધન ને ધર્મ, કરે બહુ કર્મ, ચર્મભર્યાં શર ધનુષે કસિયા ૭

દ્રૌપદીના તન, સામો દુ:શાસન, ગગન છાયું છે બાણજાળે;
ટૂંકડી તરવાર, કરે મારોમાર, કો હાર ન પામે અંતકાળે. ૮

ગદા ને મુગદળ પડે મૂશળ, કોલાહલ મોટો રે થાયે;
ધસી મારે ઢીક, હૈયે આવે હીક, છીંક ખાતાં જીવડો રે જાયે. ૯

રોળાયા, રોળિયા, અશ્વના ટોળિયા, ઝોળિયે ઘાતિયા વીર જાતા.
ભલા રે ભડ, માથાં વિના ધડ, કડકા ઊડે લોહીએ રાતા. ૧૦

શરના સડસડાટ, રથના ખડખડાટ, ઝળહળાટ તાય તલવારના ઝટકા;
સાંગ લોહ તણી, ભાલા તણી અણી, ઘણી ભોગળના થાય ભડકા. ૧૧

સાથીએ સાથી, હાથીએ હાથી, કાલ-ભાથી ઊતરે કૂંડે;
તૂટે બખ્તર, પડે પાખર, નગ્ન આયુધથી અગ્નિ ઊડે. ૧૨

ભીમસેન મહાભડ, ધાયા દડબડ, ધડ માથા-વિહોણાં રે કીધાં;
ધાયો મદ્રરાય, પાળો થઈ જાય, સમુદાય દેખીને સર્વ બીધા. ૧૩

શું કાળના કાળ, મહા વિકરાળ, ફાળ દેઈ કૂંડે રે ચઢિયા;
મહા મોટા મલ્લ, ભીમ ને શલ્ય, ભલા ભીલું વાદે રે વઢિયા. ૧૪

ભીમસેન ધાય, મારે ગદાય, ત્યારે રાય મદ્ર મુખે રે હસિયો;
'ફટ બહુ-આહારી, સોટી શું મારી! જો ગદા મારી' કહીને ધસિયો. ૧૫

'એમ ન ત્રાડિયે, આમ વજાડિયે, પાડિયે રિપુને એક પ્રહારે;,
કટિ મધ્યે લાગી, ગદા મર્મે વાગી, લાગી લેહેર ભીમ પડિયો બહારે. ૧૬

ગ્રહી દ્રુમ-દંડ ધાયો પ્રચંડ, હેડંબ હાકંતો રણ આવ્યો;
દેખી પર્વત કાય, નાઠો મદ્રરાય, સાહ્ય કરી ભીમને મુકાવ્યો. ૧૭

**વલણ**

મુકાવ્યો ભીમને ઘટોત્કચે, રાક્ષસે સેના બહુ હણી રે;
દ્રોણ દીઠા ક્રોધે ભર્યા, અભિમન ગયો ગુરુજી ભણી રે. ૧૮

## કડવું ૪૧

[આડત્રીસમા કડવાથી માંડીને લગભગ આખ્યાનના અંત સુધી હવે યુદ્ધવર્ણન જ ચાલે છે, જેમાં અભિમન્યુને ચક્રવ્યૂહના એક પછી એક છ કોઠા જીતતો અને અંતે સાતમે કોઠે હણાતો દર્શાવાયો છે. આગલાં કડવામાં યુદ્ધ તૈયારી અને પાંડવ-કૌરવ પક્ષે ખેલતા સામાન્ય યુદ્ધને સર કરવાનો પ્રારંભ કરતો કવિ બતાવે છે.]

**રાગ સામેરી**

ધસ્યો સૌભદ્રે દ્રોણને મુખે, કરીને સિંહનાદ;
ઋષિ કહે, 'તું આવ્યને ઓરો, ઉતારું ઉન્માદ. ૧

વિકટ વ્યૂહ છે અમો તણો, ઇન્દ્રે કળ્યો ન જાય;
બાળક, તારો કાળ પહોતો, જીવતો નવ જાય. ૨

ચક્રાવાના ચક્ર આગળ, વિષ્ણુ આવે વાજ;
એવું જાણી વળ તું પાછો, અમ આગળથી આજ. ૩

ધનુર્વિદ્યાના મંત્રમાં ગઢ લેવો છે કાઠો;
લેવો કપરો જાણીને તારો પિતા અર્જુન નાઠો.' ૪

કુંવર કહે, 'રે ગુરુજી, તમે તેને ભણાવ્યો;
વિદ્યારહિત ગુરુનો શીખવ્યો, માટે તે નહિ આવ્યો. ૫

હું ભણાવ્યો ભૂધરે, અને ગર્ગાચાર્ય;
તે માટે તૃણવંત લેખવું તમ જીત્યાનું કાર્ય. ૬

એવું કહીને ઊલટ્યો, પહેલાં બાણ મૂક્યાં ત્રણ;
એકે ભેદ્યું હૃદે ઋષિનું, યુગ્મ પડિયાં ચરણ. ૭

તે પૂઠેથી તેર મૂક્યાં, મુનિ કીધા વિરથ;
કર્ણને પંચવીશ માર્યાં, કોપ્યો પુત્ર-પારથ. ૮

દશે દુ:શાસન ભેદ્યો, સાતે દુર્યોધન;
અગિયાર માર્યાં અશ્વત્થામાને, સત્તાવીશ શકુન્ય. ૯

મૂર્છા પમાડ્યો શલ્યને, ભાગ્યો ભૂરિશ્રવા;
કૌરવને કિરીટી-કુંવર, લાગ્યો છે અતિ કષ્ટવા. ૧૦

ભીમે દળ પાડ્યું ધરણ, સાત્યકિએ વાળ્યો સંહાર;
દ્વિજરાજ ઊઠ્યા સજ્જ થઈ, જ્યારે ન સહેવાયો માર. ૧૧

આરૂઢ થયા અન્ય રથે, હતા તેમના તેમ;
સૌભદ્રે લીધો લટપટી, સોમને રાહુ જેમ. ૧૨

વ્યાકુલ કીધો જોતાં માંહે, ઢાંક્યો શરની જાળ;
ભીડ પડી જ્યારે ભત્રીજાને, ત્યારે ધાયા ધર્મ ભૂપાળ. ૧૩

ધર્મ કહે, 'હો મુનિ, તમે છો સમદષ્ટિ;
આંખ બન્ને પોતાની, એકને ન કીજે કષ્ટિ. ૧૪

એ કૌરવ ને અમો પાંડવ, તમ કૃપાએ થોભ્યા;
અભિમન્યુ સામા ગુરુજી, તમો યુદ્ધ કરતાં નવ શોભ્યા.' ૧૫

કુંવર કહે. 'રે, કાલાવાલા, કાં કરો છો કાકા?
બીક કશી હ્દે મા ધરશો, થોડામાં શું થાક્યા? ૧૬

જુઓ તમાશો તાતજી, મારા સમ જો થાઓ મતિયા;
એ કૃપ, દ્રોણ ને અશ્વત્થામા, શું કરે કણવટિયા. ૧૭

અર્જુન લાજે ઓસરે, હું નમાવ્યો નહિ નમું;'
એવું કહીને દ્રોણનું બાણે કાપ્યું કાગમું. ૧૮

સાત બાણે પડ્યો પૃથ્વી, મુનિ મૂર્ચ્છાગત કીધો;
અભિમન્યુ પેઠો ચક્રવ્યૂહમાં, પહેલો કોઠો લીધો. ૧૯

**વલણ**

લીધો કોઠો ને દ્રોણ હાર્યા, પાંડવ-સાથ પૂંઠે ગયો રે;
નાઠી સેના દુર્યોધનની, બીજે ગુલ્મે જઈ રહ્યો રે. ૨૦

## કડવું ૪૨

[બીજે કોઠે અભિમન્યુ કર્ણપુત્ર વૃષસેનની સામે લડે છે, અભિમન્યુ
વૃષસેનનું શીશ છેદી નાખતાં કર્ણ મૂર્ચ્છા પામે છે.]

## રાગ રામગ્રી

વ્યૂહમાં પેઠો અભિમન્યુ બાળજી, ધર્ણ ધ્રુજાવી, કૌરવને પળી ફાળ જી;
યોદ્ધે પાછા ચલાવ્યા ચર્ણજી, બીજે કોઠે ધાયો કર્ણ જી. ૧

### ઢાળ

કર્ણ ધાયો બીજે કોઠે, હઠીલો મહા શૂર;
'જોઈ આવ અભિમનિયા તું રખે ભાગતો ભૂર! ૨

કાને કર્ણ સાંભળ્યો હશે, દીઠો હશે કૈં વાર;
આ સમો છે દોહ્યલો, સહેવો શત્રુનો માર. ૩

હું ગર્ભવતીના ગર્ભ પાડું, ધનુષ્યને ટંકાર;
શર-ચોટે કાઢું સોંસરી, કરું મેરુ પર્વત પાર. ૪

આદિત્યને અહીં થકી વેધું, તારાને વેધું ત્રાક;
અલ્યા, એકે બાણે એકલો, પૃથ્વી ચઢાવું ચાક.' ૫

અભિમન્યુ વળતું બોલિયો, 'મૂરખ કાં કરે અભિમાન;
શું ભાર તાણી લે છે માથે, જેમ શકટ હેઠળ શ્વાન.' ૬

વચન સાંભળી વીરનાં, કર્ણને ચઢિયો કાળ;
ક્રોધ કરીને મોકલ્યો, વૃષસેન નામે બાળ. ૭

પિતા કહે : 'રે પુત્ર પરાક્રમી છોડિયો બળવંત;
મુને એ મારવો નવ ઘટે, તું આણ એનો અંત.' ૮

કુંવર એણી પેર બોલિયો : ‘એ તે કેટલું કામ?’
એવું કહીને પરવર્યો, તાતને કરી પ્રણામ. ૯

સૌભદ્રે ભણી સુભટ આવ્યો ચડાવીને ચક્ષ;
અન્યોઅન્યે આવિયા, છૂટે બાણ લક્ષે લક્ષ. ૧૦

વૃષસેનનાં અગણિત બાણના ધરણ વળિયા ઢગ;
અભિમન્યુને ઢાંકિયો, જ્યમ ચંદ્રને ઢાંકે મેઘ. ૧૧

તાણતો-મૂકતો જણાય નહિ, શીઘ્રે ત્યાંહાં એ બાણ
વિરાજે વીજળી સરીખો, કૌરવ કરે વખાણ. ૧૨

હય સારથિ અભિમનના પાડ્યા, પાડ્યો શિરનો ટોપ;
કવચ છેદ્યું, અંગ ભેદ્યું, ત્યારે કુંવરને ચડિયો કોપ. ૧૩

રીસે થયો અતિ રાતડો, અરુણ ઉદય સમાન;
આપરૂપ થયો પોતે, જ્યારે અદકું થયું નિદાન. ૧૪

કર્ણનો કુંવર અકળાવિયો, ઢાંકિયો શરની જાળ;
વિરથ કીધો વીરને, જાણ્યું હવે ખૂટ્યો કાળ. ૧૫

ચરણે ચાલી નવ શકે, બાણે તે કીધો રોધ;
ધનુષ ભેદી, કાયા છેદી, ત્યારે ગ્રહી ગદા ધરી ક્રોધ. ૧૬

કર્ણનો કુંવર કેસરી સરખો, તે ધસ્યો મૂકી દોટ;
સૌભદ્રે ત્યારે બાણની સામી કરી સાંસોટ. ૧૭

ગદા ભાંગી કરી કટકા, ગાજ્યો ઉત્તરા-નાથ;
ખભામાંથી છેદિયા વૃષસેનતણા બે હાથ. ૧૮

કર વિના વિરાજતો કુંવર મહાકાળ-ભાથી;
તે ઘૂમતો રણ વિષે, જેમ દંત-વિહોણો હાથી. ૧૯

એક પડ્યું પૈડું રથતણું, પગને અંગૂઠે ભરાવી;
તે ઉછાળ્યું ગગન વિષે, અભિમન્યુને વાગ્યું આવી. ૨૦

ફરી કુંવરે બાણ મૂક્યાં, રીસ અંતરમાં વ્યાપી;
મુગટ-કુંડળ સાથે વૃષસેનનું મસ્તક નાખ્યું કાપી. ૨૧

### વલણ

કાપ્યું મસ્તક કુંવરનું, ધડ પડ્યું ધરણી ઢળી રે;
શીશ પડ્યું જઈ કર્ણને ખોળે, દેખીને મૂર્છા વળી રે. ૨૨

## કડવું ૪૩

[અભિમન્યુ કર્ણ અને કૌરવપક્ષના અન્ય મહારથીઓ સાથે લડે છે અને રાહયસુત રુક્મરયનું મસ્તક છેદી બીજો કોઠો સર કરે છે.]

### રાગ ધનાશ્રી

કર્ણ પડિયો મૂર્છા ખાઈ જી,
કૌરવ આવ્યા સઘળા ધાઈ જી;
આંસુ લોહ્યાં, શોક શમાવ્યો જી,
એવે ઉપર અભિમન્યુ આવ્યો જી. ૧

**ઢાળ**

આવ્યો અભિમન્યુ ઉપર ચાંપ્યો, બોલ્યો મુખથી વાણ :
‘ઊભો રહે રાધે! પુત્ર સાથે તારી કરાવું હાણ.’ ૨

કર્ણ ધસિયો ક્રોધ કરીને, પુત્ર કેરી દાઝે,
પાંડવ સેનાને ભરડતો, જેમ કુંજર કમળને ભાંજે. ૩

ભીમ, ધર્મ ને નકુલ સહદેવ, આવતા કીધા વિરથ;
ગ્લાનિ-પામ્યા કાકા દેખી, કોપિયો પુત્ર-પારથ : ૪

‘શું સૂડે સેનાને રાધે? આવને તું ઓરો;
શું કરમ કાઢીશ હું આગળ, જેમ કાઢી ગયો છોરો? ૫

એવું કહીને બાણ મૂક્યાં, રીસ અંતર વ્યાપી;
વાટ માંહેથી આવતાં તે કર્ણે નાખ્યાં કાપી. ૬

વેર વાળવા પુત્રનું કર્ણે મૂક્યું અગ્નિ-અસ્ત્ર;
પાંડવ સેનામાં પાવકે બળે, રથ, વાહન ને વસ્ત્ર. ૭

જ્વાળા, ધૂમ ઘૂમે ઘણું, ને થાયે ઉલ્કાપાત;
ત્યારે મેઘાસ્ત્ર મૂક્યું અભિમન્યે, આણિયો વરસાત. ૮

પર્જન્યે કૌરવ પીડિયા, કર્ણે પ્રયોજ્યો વાય;
તેણે મેઘને મિથ્યા કર્યો, પાંડવ સેન ઊડ્યું જાય. ૯

અભિમન્યુએ મૂકિયું રે સર્પાસ્ત્ર લક્ષે લક્ષ;
વાહન-વીરને વ્યાળ વળગી, વાયુ કીધો ભક્ષ. ૧૦

સર્પ સર્વે શમાવિયા, કર્ણે મૂક્યું ગરુડાસ્ત્ર;
અભિમન્યુએ ગરુડ મારવા મૂક્યું પર્વતાસ્ત્ર. ૧૧

કાળચંદ્ર બાણ કર્ણે કાઢ્યું કરીને અતિશે રીસ;
અભિમન્યુના સારથિનું, વેગે છેદ્યું શીશ. ૧૨

ધનુષ છેદ્યું, ધજા કાપી, આયુધ વિના ઠાલો થયો;
ત્યારે ગદા લઈને અભિમન્યુ દોડ્યો, કર્ણ ત્યાં રીસી રહ્યો. ૧૩

ચૌદ સહસ્ર સુભટ માર્યા, સેના નાઠી ચહુ દિશે;
ત્યાં શલ્ય ચાલ્યો ગાજીને, તે ભરાયો મહા રીસે. ૧૪

અભિમન્યુએ મૂર્છા તજી, ને ગાજ્યો પુત્ર-પારથ;
શલ્યનો સુત સામો આવ્યો, નામ જેનું રુક્મરથ. ૧૫

અભિમનને દસ બાણ માર્યાં, ધર્મને નાખ્યા ઢોળી;
સાંઢ, કુંજર ચીરી નાખ્યા, નાઠી પાંડવની ટોળી. ૧૬

ક્રોધ કરીને અભિમન્યુએ મૂક્યાં બાણ જ વીસ;
સાજ કાપ્યો શરીરનો, સારથિનું છેદ્યું શીશ. ૧૭

ખડ્ગ કાઢી ધસ્યો કુમાર, ખેડું ધરી હથવાસી;
સૌભદ્રે ત્યારે બોલિયો : ‘આવ રે અલ્યા તપાસી.’ ૧૮

ખેડાંને ખખડાવતા, આથડ્યા સામા મળી;
સાચવે ઘા ખડ્ગના, ચળકારા શું વીજળી! ૧૯

ખડ્ગ-પ્રહારે અભિમન્યુએ કાપ્યા તેના હાથ;
મુકુટ-મંડળ સહિત કાપ્યું રુક્મરથનું માથ. ૨૦

### વલણ

છેદ્યું મસ્તક રુક્મરથનું, શલ્યની પાસે જઈ પડ્યું રે;
નાઠા કૌરવ દશે દિશા, પાંડવદળ કોપે ચઢ્યું રે. ૨૧

## કડવું ૪૪

[ત્રીજે કોઠે અયોધ્યાના મહારાજા બૃહદેશ્વરને હણીને આખો વ્યૂહ તારોતાર કરી અભિમન્યુ ચોથે કોઠે પ્રવેશ્યો.]

### રાગ સારંગી

નાઠા કૌરવ વ્યૂહ માંહેથી, દુર્યોધન અતિ ખીજે;
કાકા સાથે કિરીટી-કુંવર, આવ્યો કોઠે ત્રીજે. ૧

'છે કો યોદ્ધો આણે સમે, જે શત્રુને આવતો હાંકે?
બે ઘટી ખોટી કરે, કો જઈને અડકે નાકે'. ૨

ત્યારે અયોધ્યાનો મહા રાજા, બૃહદશ્વ એવું નામ;
દશ સહસ્ર યોદ્ધા સાથે ચાલ્યો, રાયને કરી પ્રણામ. ૩

બીજા યોદ્ધા સહુ રથ ઉપર, પોતે હાથીએ ચઢિયો;
અભિમન્યુ આવ્યો ગાજીને, તે વાઘની પેરે વઢિયો. ૪

એકે વારે સર્વ સંઘાતે, દસ સહસ્ર આયુધ છૂટે;
એકધા, દશધા, શતધા, સહસ્રધા ગણતાં ન ખૂટે. ૫

આકાશ ત્યાં આવરી લીધું, થયું અંધારું ઘોર;
અભિમન્યુને વીંટી લીધો, કરે સઘળા શોર. ૬

ત્યારે અમરાદિકે વિચાર્યું, 'કુંવરનો થયો નાશ';
ભીમાદિકને કર્ણે ખાળ્યા, કો નથી એની પાસ. ૭

દસ સહસ્ર બાણ અભિમન્યે મૂક્યાં, અંતર આણી રીસ;
એકે વાર અયુત યોદ્ધાનાં એણે છેદ્યાં શીશ. ૮

ગજ ઉપર બેઠો બૃહદશ્વ, એને ચોટલો ઝાલ્યો સુભટે,
ખડ્ગ-ઘાએ શીશ છેદ્યું, કૌરવ ગયા અધરવટે. ૯

ભાંગ્યું દળ કૌરવ તણું, પાર્થ-પુત્રના મારે;
કર્ણ રહ્યો ત્યારે ખસીને, વ્યૂહ કીધો તારાતારે. ૧૦

**વલણ**

કીધા તારાતાર કૌરવ, પાંડવ કરે કલ્લોલ રે;
અભિમન્યુ આવ્યો ચોથે કોઠે, રીસે રાતો રાતોચોળ રે. ૧૧

## કડવું ૪૫

[ચોથે કોઠે પાંડવો સામેના સંગ્રામનું બીડું દુર્યોધનપુત્ર લક્ષ્મણ ઝડપે છે. અભિમન્યુ ખડગ્ વડે એનું મસ્તક છેદી નાખતાં દુર્યોધન કરુણ વિલાપ કરે છે.]

## રાગ સારંગ

વૈશંપાયન વાણી ઓચરે, રાય જનમેજય શ્રવણે ધરે
નાઠા કૌરવ વાળી મૂઠે, પાંડવ આવ્યા ચોથે કોઠે. ૧

ઊભો રહી બોલે દુર્યોધન, 'છે કોઈ ક્ષત્રાણીનો તન;
ગયું રાજ મારું પાછું વાળે, પાંડવને આવતા ખાળે?' ૨

તાત તણાં વાયક સાંભળી, લક્ષ્મણ કુંવર બોલ્યો વળી,
આવી તાતને કરી પ્રણામ : 'હવે હું કરું સંગ્રામ. ૩

અભિમન્યુનાં પ્રાક્રમ શું ય? એક પલકમાં મારું હુંય;
કોપ્યો તમારો દીકરો, ત્યારે પાંડવનો શો આશરો?' ૪

દુર્યોધન કહે : 'સુત શાર્દૂલ, તેં દીપાવ્યું કૌરવકુળ;'
સરખેસરખા ક્ષત્રીકુમાર, સાથે લીધા સોળ હજાર. ૫

સમાન વસ્ત્ર ને સમાન કાય, સરખા રૂપે નવ બદલાય;
એવી શોભા લક્ષ્મણ તણી, ચઢી ચાલ્યો અભિમન્યુ ભણી. ૬

સુભટ સાથ સર્વે પ્રેરિયો, સૌભદ્ર આવતો ઘેરિયો;
જેમ શશીને ઢાંકે ઘન, ત્યમ ઢાંકી દીધો અભિમન. ૭

સોળ સહસ્ર સાથે તૂટિયા, ધનુષથી શર શીઘ્રે છૂટિયાં;
શક્તિ મુશલ ગદા અતુલ, તોમર ભોગળ પડે ત્રિશૂલ. ૮

કુંજર બહુ કિકિયારા કરે, ખડ્ગ સાંકળ લઈ સૂંઢે ફરે,
કુંભસ્થળ મદધારા ઝરે, આગળ આવે તે મસળાઈ મરે. ૯

કૌરવ પાંડવનો થયો રોળ, રણમાં ઊડે રુધિરની છોળ;
લક્ષ્મણ વીરને વકારતો, હાથે સુભટને સંઘારતો. ૧૦

એમ વિરથ કૌરવને કર્યા, પાંડવના યોદ્ધા ઓસર્યા;
ભીમ-શલ્ય, દુર્યોધન-ધર્મ, એમ વઢે જુગ્મ કરીને શર્મ. ૧૧

કર્ણ આવ્યો કરતો માર, ત્યારે કુંતીસુતે ખાધી હાર;
પારધીની પેરે ટોળે મળ્યા, ભીમસેનને વીંટી વળ્યા. ૧૨

ધર્મ કહે : ‘અભિમન્યુ, પાછા વળો, ઓ ભીમને કીધો આકળો;’
કાકાનાં વાયક મસ્તક ધરી, અભિમન આવ્યો પાછો ફરી. ૧૩

કૌરવ મુખે કરે મરકલાં, નાઠા જેમ નાસે ચરકલાં;
શરધારા અભિમન્યુ તણી, માર્યા કૌરવ વીણી વીણી. ૧૪

ત્રણ બાણે વેધ્યો કર્ણ, થયો અચેત જાણે પામ્યો મર્ણ;
નાઠો અશ્વત્થામા ઋષિરાય, જેમ વાઘ-ભોએ નાસે ગાય. ૧૫

દુઃશાસન વીંધ્યો શર તીણે, નાઠો દુર્યોધન વેવલાં વીણે;
દેખી લક્ષ્મણને રીસ ચડી, અભિમન ઉપર કીધી હડી. ૧૬

સોળ સહસ્ર યોદ્ધા સહિત, લક્ષ્મણે યુદ્ધ કીધું અનીત;
સૌભદ્રે કીધો પાળો પાય, બીજો રથ મોકલ્યો ધર્મરાય. ૧૭

તે રથ ઉપર થયો આરૂઢ, પછે પ્રાક્રમ કીધું પ્રૌઢ;
એકે વારે સોળ હજાર, બાણ મૂક્યાં કિરીટી-કુમાર. ૧૮

લક્ષ્મણના સંગી જે ધીશ, સોળ સહસ્રનાં છેદ્યાં શીશ;
વિરથ કીધો લક્ષ્મણ વીર, તેનું બાણે પ્રોયું શરીર. ૧૯

લક્ષ્મણ પડવાને લડથડ્યો, અભિમન ઊતરીને દડબડ્યો;
જોતા ક્ષત્રી સર્વ નરેશ, પાડી મુકુટ ને સાહ્યા કેશ. ૨૦

વીજળી સરખો ખડ્‌ગ કાઢિયો, ઊંચો હાથ કરી ત્રાડિયો;
જેને જોબનનો ઉન્માદ, દુર્યોધનને કીધો સાદ. ૨૧

'અરે અહંકારી! તું ઓરો આવ, તારા કુંવરને મુકાવ;'
ત્યારે લક્ષ્મણની આંખ ભરાઈ, 'મેલ મેલ પડ, પિતરાઈ.' ૨૨

વદનકળા રહી છે હસી, જાણે પ્રગટ્યો પૂનમનો શશી;
અદ્‌ભુત શોભા રહી છે વસી, એહવું મસ્તક કાપ્યું ધસી. ૨૩

જ્યાં ઊભો દુર્યોધન રાય, મસ્તક માર્યું હૃદયામાંય;
કૌરવનાં ભાંગ્યાં ઓસાણ, પાંડવનાં વાગ્યાં નિસાણ. ૨૪

કૌરવપતિ કરે વિલાપ : 'કોણ પ્રગટ્યું મારું પાપ?
લક્ષણવંતા હો લક્ષ્મણ, કાં વિસરી ગયો સગપણ? ૨૫

કુંવર નહિ દીજે દુખડાં, હું કોનાં જોઉં મુખડાં?
ઊઠો લાડકવાયા કુંવર, કાં બેસાડ્યું મારું ઘર?' ૨૬

એમ આંખે આંસુ ભરે, દ્રોણાદિક આશ્વાસન કરે;
રોવે નહિ આવે કુમાર, ઊઠો રાજા, થાઓ હોશિયાર.' ૨૭

દુર્યોધન કહે : ‘ઊઠું શું? જીવ્યા માંહે નથી જીવતો હું;
પુત્ર ગયો મૂકીને ભોગ, મને ઘટે લેવો જોગ. ૨૮

અભિમન્યુએ વાળી રુધિરની નીક, એ રાજ્યને પડો ધિક!’
પછે શકુનિએ ઝાલ્યો હાથ, દુર્યોધન બેસાડ્યો રથ. ૨૯

**વલણ**

રથ ઉપર ખપ કરી બેસાડ્યો, દુર્યોધન રોતો વળી;
સંજયનાં વાયક સાંભળી ધૃતરાષ્ટ્ર પડ્યા ધરણે ઢળી. ૩૦

## કડવું ૪૬

[પાંચમે કોઠે અભિમન્યુ એના જુસ્સાથી દુર્યોધન આદિને કંપાવે છે.]

**રાગ દેશાખ**

વાયક સંજયનાં સાંભળી રે, બોલ્યો ધૃતરાષ્ટ્ર રાય;
લક્ષ્મણકુંવરના નાશનો રે, વાગ્યો, હૃદય મધ્યે ઘાય : ૧

‘મારા પુત્રજી રે, એમ ન કીજે નાટ;
આલિંગન દીજિયે રે, હું ઘેર જોઉં છું વાટ. ૨

સંજય બાપડા રે, કાં પીડે છે બેસી પાસ?
જીત પાંડવ તણી રે, કહે છે પુત્ર તણો રે નાશ. ૩

પછે આગળ શું થયું રે? કેમ જીત્યો દુર્યોધન?
પછે તે કોણે મારિયો રે, અર્જુન-વ્યંડળ કેરો તન?’ ૪

સંજય ઓચર્યો રે : 'કાં પામો મન વ્યથાય?
શોકને પરહરો રે, તો કહું આગલી કથાય! ૫

કુંવર તમ તણો રે, તે પડ્યો ધરણે બળવંત;
પાંચમે કોઠે આવિયો રે, અભિમન્યુ અધરે દંશતો દંત. ૬

ગુલ્મે આથડ્યા રે, સામા પાંડવ કેરા જોધ;
કૌરવ તૂટી પડ્યા રે, અંતર કરીને બહુ ક્રોધ. ૭

અભિમન્યુ આગળે રે, જેમ મૃગપતિ તરસે કુરંગ;
દીઠો આવતો રે, કાંપ્યાં અધર્મીનાં અંગ. ૮

થરથર ધ્રુજાવતો રે, જાણે હવડાં કીધો નાશ;
રખે મને મોકલે રે, મારા પુત્ર કેરી પાસ.' ૯

**વલણ**

રખે પુત્ર પાસે મોકલે, એમ કાંપ્યો દુર્યોધન રે;
હવે કેમ વ્યૂહમાં પેસતો, અર્જુન કેરો તન રે. ૧૦

## કડવું ૪૭

[ભીષણ યુદ્ધ ખેલીને અભિમન્યુ દુર્યોધનને હંફાવી, ભગાડી પાંચમો કોઠો જીતે છે છઠ્ઠે કોઠે જયદ્રથ દુર્યોધનને કપટ યોજવાની સલાહ આપે છે. કૌરવપક્ષના છ મહારથીઓ ટોળે મળી કપટ યોજે છે.]

## રાગ મારુ

શું કરતો અભિમન્યુ હસ્તી, જેને ભીમાદિક ઉવસ્તી
કૌરવ છે પાંચમે કોઠે, રહ્યા દાંત ડસીને હોઠે. ૧

સણસણતાં શર બહુ છૂટે કપોલ સુભટના ફૂટે;
ગણગણતા વાગે બહુ ગોળા, ધાયે યોધનાં ટોળે ટોળાં. ૨

ભડાભડ ગદાના ભટકા, ઝાડાઝાડ થાય ખડ્ગના ઝટકા;
વાધી રાડ્ય, મંડાયો ધંધ, વઢે શીશ વિના કબંધ. ૩

રાશ રથ પડ્યા સારથિ, કોના મરણ પામ્યા મહારથી;
કોના ટોપ પડ્યા કવચ, કોનાં નાક કપાયાં ટચ. ૪

જ્યારે અભિમન્યુ યુદ્ધે લાગ્યો ત્યારે મદ્રપતિ રણથી ભાગ્યો;
હય ખેડ્યા તે સાત્યકિ સામા, ત્યાંથી રે નાઠો અશ્વત્થામા. ૫

કેડ બાંધી રાય વૈરાટે, વ્યૂહ કીધો દ્વાદશ વાટે;
પાંડવે જ્યારે વ્યૂહ લોપ્યો ત્યારે દુર્યોધન મન કોપ્યો. ૬

પીતાંબરે કટિબંધ કીધી, વજ્રગદા કરમાંહે લીધી;
વાયે કર્યું વપુ વિકરાળ, પાંડવદળ ઉપર દેતો ફાળ. ૭

રથ ઘોડા નાખ્યા ભગાવી, હસ્તીનાં દંતુશૂળ કાઢ્યાં હલાવી;
નાસે જીવ લઈ જે જેના, એમ વ્યાકુળ કીધી સેના. ૮

ગજથી ધર્મને નાખ્યા ઢોળી, કાયા નકુળની રગદોળી;
સહદેવ પડ્યો પદપ્રહારે, ત્યારે અભિમન્યુ ભરાયો ખારે. ૯

એક સાંગ લીધી અભિમન ત્યારે નાઠો દુર્યોધન;
કૌરવ નાઠા સાપના ભારા, વ્યૂહ કીધો તારંતારા. ૧૦

એમ ક્રોધ અભિમન્યુએ કીધો, પ્રાક્રમે પાંચમો કોઠો લીધો;
કૌરવ ખટમે કોઠે ઠરિયા, વળી ત્યાં પાંડવ પરવરિયા. ૧૧

રાય દુર્યોધન કળકળતો, સેના પ્રત્યે ઓચરતો :
‘ભત્રીજે માંડ્યો અનરથ’, ત્યારે બોલ્યો ત્યાં જયદ્રથ. ૧૨

‘મારાં વચન સાંભળો નીત, જેમ થાય આપણી જીત;
આપણ કપટ કાંઈ એક કીજે, જો પાપ થકી નવ બીજે. ૧૩

પાછી સેના સઘળી વાળું, પાંડવને આવતા ખાળું;
અભિમન્યુને તાણી લેઉં, સાતમે કોઠે આવવા નવ દેઉં. ૧૪

એને વીંટી વળજો ખટ રથી, એને રાખનારો કો નથી;
સેના સોંપો મુજને સઘળી, પાંડવ ન શકે એને મળી.’ ૧૫

સુણી કૌરવ હરખ્યા મન, કહેતા : ‘જયદ્રથ તું ધન ધન!’
હવે ખટ રથી તે કોણ? ‘શલ્ય કર્ણ અશ્વત્થામા દ્રોણ ૧૬

દુર્યોધન ને ભૂરિશ્રવા, ખટ રથી ટોળે હવા. ૧૭

**વલણ**

ટોળે વળ્યા ખટ રથી, કૌરવ કીધું કપટ રે;
કહે સંજય : રાય સાંભળો, કેમ વઢ્યો સુભટ રે. ૧૮

## કડવું ૪૮

[૪૧મા કડવાથી આરંભાયેલા કોઠાયુદ્ધના વર્ણનમાં છઠ્ઠા અને સાતમા કોઠાનું યુદ્ધવર્ણન વિશેષ આસ્વાદક બન્યું છે. અને એ સ્વાભાવિક પણ છે. કેમ કે જેમ અભિમન્યુ એના અંતિમ લક્ષ્ય તરફ ધસતો  જાય એમ એ યુદ્ધ એને માટે વિશેષ કટોકટીભર્યું બનતું જવાનું ને! મચેલા ભીષણ યુદ્ધે સમગ્ર કુરુક્ષેત્રને લોહિયાળ કરી મૂક્યું. અંતે કૌરવ કપટમાં અભિમન્યુ ફસાઈ ગયો; પણ કૌરવોને પોતાનો અંતિમ શૌર્યચમત્કાર બતાવવામાં એણે પાછી પાની ન કરી. એણે એકલે હાથે કૌરવસેનાનો કચ્ચરઘાણ કરી એને કાગારોળ કરતી મૂકી.]

### રાગ પરજિયો

વૈશંપાયન વદે વળતું : સુણ જનમેજય ભૂપાળ રે;
ખટ રથીએ ખપ કરી માર્યો અર્જુન કેરો બાળ રે. ૧

### ઢાળ

બાળ જે સવ્યસાચી તણો, સુભદ્રાનો જાયો;
ખટમે કોઠે ખંખારીને કૌરવ ઉપર ધાયો. ૨

ત્રીજે પહોરે પાંડવે, યુદ્ધ માંડ્યું પુનરપે;
અભિમન્યુ શોભવા લાગ્યો, વીંટ્યો ચહુદિશ સર્પે. ૩

પાંડવ, પાંચાલ ને સાત્યકિ, વૈરાટ ને દ્રુપદ;
ગડગડી પેઠા છઠ્ઠે કોઠે, જેને બળનો છે મદ. ૪

ત્રાહ્ય ત્રાહ્ય કરી દુર્યોધન બોલ્યો, હાથ બન્ને ઘસિયા;
પેઠા પાંડવ, ધાયા કૌરવ, એમ કહેતામાં ધસિયા. ૫

કૃપ, દ્રોણ ને કર્ણ, કૈતક શકુનિ ને અશ્વત્થામા;
દુઃશાસન ને દુર્મુખ જયદ્રથ, સર્વ ચાલ્યા સામા. ૬

બાહ્‌લિક, શલ્ય ને સુયોધન, ભોજ ને ભૂરિશ્રવા;
ખટમે કોઠે સુભટ સર્વે સેળભેળ ત્યાં હવા. ૭

રથશું રથ, અશ્વશું અશ્વ, વઢે હાથીએ હાથી;
ખડ્‌ગ ખપૂવા તોમર ત્રિશૂળ સબળ વાવરે સાથી. ૮

ટોપ ટટાર ને સલે બખતર, પાખર ત્યાં કપાય;
શ્યામ રુધિરની નદી ભયાનક ખળકે વહેતી જાય. ૯

કુંજરનાં મસ્તક કાચબા સરખાં, મીન વીરલોચન;
ભડની ભુજા ભુજંગ સરખી, મગર માથા વિનાનાં તન. ૧૦

શેવાળ વાળ વીરશિરના, છોળ રુધિરના છાંટા;
પડે પ્રાક્રમી અમળાઈ પાગે, ભરાય આંતરડાના આંટા. ૧૧

માંસ પાળ બંધાઈ બે પાસે, એવી ભયાનક નદી;
શું કહું જનમેજય રાજા? મુખે વાત ન જાયે વદી. ૧૨

કુરુક્ષેત્ર લોહિયાળું દીસે, જેવાં ફાગણનાં પલાશ;
સૌભદ્રેના માર આગળ કરે કૌરવ નાસાનાસ. ૧૩

અમરગણ અંતરિક્ષ આવી કરે પુષ્પની ધાર;
પેઠો અભિમન્યુ વ્યૂહ વિષે, કીધો કોઠો તારાતાર. ૧૪

નાઠા કૌરવ ખટ રથી, ગયા સાતમે વંક;
ચાર પાંડવ જયદ્રથે ખાળ્યા, રહ્યા મન ઓશંક. ૧૫

સદાશિવની વાણી સફળ જયદ્રથને ત્યાં થઈ;
અભિમન્યુ પૂંઠે ચાર કાકા, માંહી કોણે જવાયું નહિ. ૧૬

સરિતાની પેરે પેઠો સૌભદ્રે, બાણ મૂક્યાં એકી મૂઠે;
મનમાં વિચાર એવો કરે જે કાકા આવે મારી પૂઠે. ૧૭

એમ કરતા આવી ગયું એક પૃથ્વીનું નીચાણ;
ખટ રથી દીઠા કાળ સરખા, તે રહ્યા ચઢાવી બાણ. ૧૮

અભિમન્યુએ ફરી જોયું તો નવ દીઠો કાકાનો જોડો :
અરે કૌરવે કપટ કીધું, આગળ બાંધ્યો છે ઓડો. ૧૯

દ્રોણ, કૃપ ને ભૂરિશ્રવા, શલ્ય કર્ણ વળિયા વીંટી;
અભિમન્યુએ વિમાસિયું : જીવવાની આશા ખૂટી. ૨૦

એવે પૂંઠેથી બહુ સેન લઈને આવ્યો દુર્યોધન;
શત્રુસાગર માંહે બૂડ્યો સવ્યસાચીનો તન. ૨૧

કહે દુઃશાસન ખટ રથીને : ‘ભાઈઓ શું વિચારો?
આવો છોછો નહિ મળે, માટે સર્વે મળીને મારો.’ ૨૨

કહેતા માંહે બાણ છૂટ્યાં, કુંવર લીધો ઢાંકી;
અભિમન્યુને કોણ ઉગારે, પડી વેળા વાંકી. ૨૩

એકધા, દશધા, શતધા, સહસ્રધા કોટિધા આયુધ;
અંધકાર હોકાર પડે, કીધું કપટે જુદ્ધ. ૨૪

તેણી વેળા અભિમન્યુ અરુંપરું ત્યાં જોતો;
કૌરવરૂપે સાવજો ને સૌભદ્રે ત્યાં ટોતો. ૨૫

કાઢતો તાણતો મૂકતો વેગે વાળી શરત;
રથ ઉપર ફરવા લાગ્યો, જેમ નટવો કરે છે નરત. ૨૬

પાવક જેમ તૃણને બાળે, સૂકાં કાષ્ઠ ને દર્ભ;
ઇન્દુ જેમ અળગો નીસરે, નિવારીને અભ્ર. ૨૭

સો સો બાણે વીંધિયા દ્રોણ ને દ્રોણનો સાળો;
રથ ઘોડા ને સારથિ માર્યો, દુર્યોધન કીધો પાળો. ૨૮

અંગ વેધ્યું શલ્યનું, કર્ણનું વેધ્યું કપોળ;
મૂર્ચ્છા પમાડ્યો દુ:શાસનને, કરે કૌરવ કાગારોળ. ૨૯

અભિમન્યુએ અગ્નિ-અસ્ત્ર મૂક્યું ભાથામાંથી કાઢી;
વસ્ત્ર બળે વીરનાં, બળે ધજા અંબાડી. ૩૦

પાગ કેના ને ભુજ કેના, નાસતા દેહ દઝાડી;
કોના મુગટ ને ટોપ બાળ્યાં, કોની મૂછ ને દાઢી. ૩૧

બૂમ પાડે ને ફૂંક મારે, શરીરે થયા ફફોલા;
તરફડે સેના રણ વિષે, જેમ દવે દાઝ્યા હોલા. ૩૨

પછી ખટરથીએ રણ રાખ્યું, બાણે આણ્યો પર્જન્ય;
અભિમન્યુનો રથ તણાયો, હોલાયો હુતાશન. ૩૩

પવન પ્રયોજ્યો પાર્થપુત્રે, નાઠો મેહ, થયું ધૂળકટ;
ચઢ્યા વાયે વંટોળિયા, ઉડાડ્યા દેહવટ. ૩૪

દ્રોણ કર્ણે સર્પાસ્ત્ર મૂક્યાં, વાયુભક્ષી રથે વળગ્યા;
અભિમન્યુએ ગરુડાસ્ત્ર મૂક્યું, સર્પ કીધા અળગા. ૩૫

દ્રોણે ત્યાં પર્વતાસ્ત્ર મૂક્યું, પડે પહાણ ત્યાં પ્રચંડ;
પાર્થપુત્રે વજ્રાસ્ત્ર મૂક્યું, શલ્યા કીધી શતખંડ. ૩૬

### વલણ

શતખંડ શલ્યા કીધી, કૌરવ સર્વ તૂટી પડ્યા રે;
કોપાતુર કર્ણ થાતો, દ્રોણજી રીસે ચઢ્યા રે. ૩૭

## કડવું ૪૯

[ચાળણી થયેલા દેહ અને ‘પારધીવીંધ્યા પોપટ’ની જેમ તડફડતાં ય અભિમન્યુએ પોતાનો હાથ બતાવવા માંડ્યો. અંતે કૃષ્ણે ઉંદરનું કપટરૂપ ધારણ કરિ અભિમન્યુના ધનુષ્યની પણછ કાતરી નાખી. વિવિધ શસ્ત્રપ્રહારે આ ‘ચંપાનો છોડ’ ભાંગ્યો. શક્તિ ન રહી ત્યારે સૂતાંય કાળકેતુને ગદાપ્રહારે મૃત્યુધામ પહોંચાડી અંતે અભિમન્યુ વીરગતિને પામ્યો.]

### રાગ ધનાશ્રી

એક વૃષકેતુ કર્ણનો કુંવર, આવ્યો કરીને રીસ;
હેલા માત્રમાં અભિમન્યુએ છેદ્યું તેનું શીશ. ૧

સહસ્ર રથ ને ત્રણસેં હાથી, ચૌદ સહસ્ર તોખાર;
અભિમન્યુએ મારિયા,શત લક્ષ ત્યાં અસવાર. ૨

પછવાડેથી કર્ણ આવ્યો, કપટ કરીને પાપી;
તેણે સૌભદ્રેના સારથિનું મસ્તક નાખ્યું કાપી. ૩

નીચ કર્મ ત્યાં દ્રોણ કીધું, કાપી ધનુષ્યની પ્રત્યંચાય;
ભૂરિશ્રવાએ ઘોડા માર્યા, શલ્યે વેધી કાય. ૪

કૃતવર્માએ કવચ કાપ્યું, અશ્વત્થામાએ મુગટ;
એમ સર્વે મળીને વિરથ કીધો સૌભદ્રે સુભટ. ૫

સો સો બાણ રથીએ માર્યાં, શરીર કીધું ચાળણી;
ત્યારે ગદા લઈને ધાયો, કુંવર કરવાને વાળણી. ૬

પલાશ ફૂલ્યો ફાગણ માસે એવી દીસે દેહ;
નારાચ જાતનાં બાણ વાગ્યાં, પડ્યા સોંસરા વેહ. ૭

બહુ પારધીએ પોપટ વીંધ્યો, તરફડે વનમાંય;
તેમ કુંવર અકળાવિયો, કોણ આવે તેની સા'ય? ૮

કૃષ્ણ અર્જુન સાંભર્યા, પિતા માતુલ કો ધાય;
વાઘે ઝાલ્યો મરગલો, શી જીવ્યાની આશાય! ૯

કાકા કરીને સાદ કીધો, કો નવ સાંભળે બોલ;
ભીમને કાને શબ્દ ન પડે, માટે કૌરવે વજડાવ્યાં ઢોલ. ૧૦

પારથ-પુત્રે વિચારિયું : 'દોહલી વેળા કોનો સાથ?
આણી વેળાએ તો ઉગારે  મુને  મારા હાથ. ૧૧

એવું કહીને દોટ મૂકી, કર્ણ ભણી કર્યું મુખ;
ગદાપ્રહારે રાધેય પાડ્યો, ઝૂંટી લીધું ધનુષ. ૧૨

કર્ણના ચાપે ટંકરાવ કીધો, ધ્રુજાવ્યા ચૌદ લોક;
દ્રોણ કહે : 'નાસો દુર્યોધન, એને જીત્યાની આશા ફોક.' ૧૩

પડ્યાં બાણ વીણ્યાં મહાવીરે, મુખે કર્યો હોકાર;
'રખે ભાણેજ નવ મરે' — કૃષ્ણે કીધો વિચાર. ૧૪

કપટ કરીને કૃષ્ણ આવ્યા, રૂપ ઉંદરનું ધરી;
અભિમન્યુના ધનુષ્ય કેરી પ્રત્યંચા પોતે કાતરી. ૧૫

ત્રાહ્ય ત્રાહ્ય દેવતાએ કીધું : 'આમ નવ ઘટે, ગોપાળ';
ભાંગ્યું ધનુષ્ય જાણી કૌરવે વીંટી લીધો બાળ. ૧૬

એમ ઉપરાઉપરી ઘા પડે ને છૂંદો કીધી કાય;
તેવે શરીરે ગદા લઈને કૌરવ ઉપર ધાય. ૧૭

પડે પૃથ્વી, બેઠો થાયે, કરે કેસરી નાદ;
'આવો કૌરવ! છે કોઈ યોદ્ધો?' કરે યુદ્ધનો સાદ. ૧૮

છ રથીએ ગદા મારી એકેકી માથામાંય;
પાટુ પ્રહારે પૃથ્વી પાડ્યો દુર્યોધન ત્યાં રાય. ૧૯

નાસતા પુરુષને ચરણે ઝાલી ઝીંક્યા અવની સાથ;
બાવીસ સહસ્ર પ્રાક્રમી માર્યા અભિમન્યુએ એક હાથ. ૨૦

પાસ કોએ જવાય નહિ, ને સહેવાય નહિ સંગ્રામ;
પછે દુઃશાસનનો પુત્ર આવ્યો કાળકેતુ એવું નામ. ૨૧

તેના હાથમાંહે ગદા મોટી, અભિમન્યુ ઉપર નાખી;
ત્યારે ઊછળી અળગો પડીને દેહ પોતાની રાખી. ૨૨

એવે અંતર માંહે શલ્યરાયે મૂકી મોટી સાંગ;
સર્પણી સરખી આવી પેઠી અભિમન્યુને અંગ. ૨૩

ચૌદ બાણ ત્યાં કર્ણે માર્યાં, ભૂરિશ્રવાએ ભોગળ;
કાળકેતુએ ત્રણ ગદા મારી, નવ વળી કુંવરને કળ. ૨૪

દ્રોણ, કૃપ ને કૃતવર્માએ બાણ માર્યાં વળી;
મહામહારથી પારથનો પુત્ર પડ્યો ધરણે ઢળી. ૨૫

રૂપે અરુણ-ઉદે સરખો, શોભે કેસરી-કટિનો મોડ;
અકળાઈ પૃથ્વી પર પડ્યો, જાણે ભાંગ્યો ચંપા છોડ. ૨૬

વસુધાએ અડક્યો નહીં, બાણે વીંધાઈ રહ્યો અંતરિક્ષ;
શક્તિ ભાંગી શરીરની, ત્યારે જુએ ડગમગતે ચક્ષ. ૨૭

નિસાણ ગડગડ્યાં કૌરવનાં, બોલ્યો દુર્યોધન ધીશ :
‘જા, કાળકેતુ! કર પૂરો, છેદ એહનું શીશ.’ ૨૮

ત્રાહ્ય ત્રાહ્ય દેવતાએ કીધું, દ્રોણ લાગ્યા કહેવા :
'અફણિયે એ મરશે રાજા, તું એને દે ને રહેવા.' ૨૯

ભૂપ કહે : 'કદાપિ એ જીવે તો, આપણથી નહીં જિવાય;
માટે કાળકેતુ! તું જાને વહેલો, ખડ્ગ ગ્રહી કરમાંય :' ૩૦

મસ્તક છેદવા આવતો દીઠો પડ-પિતરાઈ;
પડ્યાં પડ્યાં અભિમન્યુને, ક્રોધ આવ્યો ભરાઈ. ૩૧

બકતો વાણી આવતો જાણી, સૂતાં ગદા નાખી સુજાણ;
કાળકેતુને આવી વાગી, ગયા નીસરી પ્રાણ! ૩૨

શાતા થઈ ત્યારે સુતને કાજે સમર્યા શ્રીભગવાન;
એહવે સ્વર્ગથી એક આવી અપ્સરા લેઈને વિમાન. ૩૩

પ્રાણ નીસર્યા અભિમનના, દેહ તો દેવતાનો ધરી;
વિમાને બેસી સ્વર્ગે ગયો, શ્રોતાજન બોલો શ્રીહરિ. ૩૪

**વલણ**

શ્રી હરિ મુખે કહો શ્રોતા! યુદ્ધે પડ્યો અભિમન્ય રે;
પછે પાંડવે શું કર્યું? આવ્યા કૃષ્ણ-અર્જુન રે. ૩૫

## કડવું ૫૦

[અભિમન્યુના મૃત્યુએ સમગ્ર સ્વજનસમુદાયને ઘેરા શોકમાં ગરકાવ કરી દીધો. પાંડવોનું આક્રંદ, વાજિંત્રસૂર વિનાનું, અભિમન્યુવિહોણું પાછું શોકમગ્ન સૈન્ય, નારીવર્ગની મૂર્ચ્છા અને અર્જુનને ઘેર આવતાં જ 'સૌભદ્રરૂપી' સૂરજ આથમ્યો, સાંપડતી માહિતી - આ બધું વાતાવરણને ઘેરા કરુણથી રંગી નાખે છે.]

## રામ મેવાડો ધનાશ્રી

અભિમન્યુ પડિયો હો, પાંડવે સાંભળ્યું જી;
સેન સઘળું હો, શોકે ધરણી ઢળ્યું જી. ૧

કાકા ચારે હો, આવ્યા ધાઈ જી;
પડિયો દીઠો હો, અભિમન્યુ ભાઈ જી. ૨

ચંદ્રવદન હો, અંબુજ નયન જી;
પ્રાણ પાખે હો, કીધું શયન જી. ૩

આક્રંદ કરતા હો, કાકા ચાર જી.
હાથે કરતા હો, હૃદયે પ્રહાર જી. ૪

'અરે! બાલકડા હો, અરે, બાડુવા જી;
અમો ન જાણ્યું હો, કૌરવ કૂડા જી.' ૫

રુએ યુધિષ્ઠિર હો, ઊઠો બાપ જી!
હું શો દેઈશ હો, અર્જુનને જવાબ જી. ૬

સુભદ્રા કુંતા હો, વળી પાંચાળી જી;
તેઓની દેહડી હો, દીકરા તેં બાળી જી. ૭

કોમળ જેવી હો, કમળની પાંખડી જી;
તે કેમ જીવે હો, ઉત્તરા રાંકડી જી?' ૮

રુએ વૃકોદાર હો, તે વેળા કોપી જી :
‘પાર્થ ગયા છે હો, મુજને સોંપી જી.’ ૯

વળતી પાડી હો, ભીમે ચીસ જી;
નાઠા કૌરવ હો દશો દિશ જી. ૧૦

ફરિયા પાંડવ હો, સર્વ શિબિર ભણી જી;
વાટ જુએ છે હો , માતા કુંવર તણી જી. ૧૧

સુભદ્રા ઉત્તરા હો અને પાંચાળી જી;
અભિમન્યુ નહિ દીઠો હો, સેના ભાળી જી. ૧૨

વાજિંત્રશે નહિ વાજે હો? સૈન્ય શોકે ભર્યું જી;
મૌને મૌને હો સર્વ પરવર્યાં જી. ૧૩

અભિમન્યુ કેરી હો, વાર્તા સાંભળી જી;
નારી સર્વેને હો ત્યારે મૂર્છા વળી જી. ૧૪

જળ વિના હો, મીન જેમ ટળવળે જી;
વીરને સંભારી હો, સરવ ધરણે ઢળી જી. ૧૫

સુભદ્રાને હો, શોક ન જાય સમાવ્યો જી;
એવે સમે હો, અર્જુન આવ્યો જી. ૧૬

થાયે વાટે હો, માન-શુકન જી;
સૂકે કંઠે હો, ફરકે લોચન જી. ૧૭

પૂછે કૃષ્ણને હો, 'ત્રિભુવન ધણી જી';
દુઃખણી સેના હો, દીસે આપણી જી. ૧૮

માણસ હીંડે હો, હુંથી લાજતા જી;
અરે દયાળજી હો, દુંદુભિ શેં નથી વાજતાં જી? ૧૯

મારા મન માંહે હો, કલપ્યું સર્વથી જી;
ભાણેજ તમારો હો, તે જીવતો નથી જી. ૨૦

હવાં શું થાશે હો, જો સાચું હશે જી;
દીકરો જાતાં હો, જશ ને તેજ જાશે જી. ૨૧

કૃષ્ણજી બોલ્યા હો, 'એમ ન કીજિયે જી;
રોવું વળતું હો, તપાસી લીજિયે જી.' ૨૨

આવ્યા સભા માંહે હો, બેઉએ દડબડ્યા જી;
પારથને દેખી હો, પાંડવ રોઈ પડ્યા જી. ૨૩

યુધિષ્ઠિર બોલ્યા હો, 'શું આવ્યા તમો જી?
સૌભદ્રે રૂપી હો, સૂરજ આથમ્યો જી. ૨૪

**વલણ**

આથમ્યો સૂરજ, સાંભળી નરનારાયણને મૂર્ચ્છા વળી રે;
અભિમન્યુના ગુણ સંભારી, બન્ને પડ્યા ધરણે ઢળી રે. ૨૫

## કડવું ૫૧

[અભિમન્યુના મૃત્યુ વિશે અર્જુને કરેલી પૃચ્છાના પ્રત્યુત્તરમાં ભીમે સઘળો વૃતાંત કહી સંભળાવ્યો. અર્જુને જયદ્રથને સૂર્યાસ્ત સુધીમાં મારવાની પ્રતિજ્ઞા કરી. અર્જુન સંધ્યા સુધી લડ્યો પણ સંતાડેલો જયદ્રથ જડ્યો નહિં. ચાર ઘડી બાકી રહેતાં શ્રીકૃષ્ણે સુદર્શનચક્ર આડું મૂકી કૃત્રિમ સંધ્યાકાલ કર્યો. સાંજ થઈ જાણી. જયદ્રથ બહાર નીકળતાં જ અર્જુને જયદ્રથનો શિરચ્છેદ કર્યો. પાંડવો રાજ્યાસન પામ્યા, એમનો કીર્તિકળશ ઝળહળ્યો.
પરંપરાગત કવિપરિચય, રચ્યાવર્ષ, ફલશ્રુતિ વગેરે સાથે આખ્યાનનું સમાપન.]

### રાગ ધનાશ્રી

અર્જુન પુત્રને ઘણું ટળવળેજી, તેથી ત્રિકમ બમણું વલવલે જી;
દ્રુપદરાયે આશ્વાસના કરી જી : 'રોયે કુંવર નહિ આવે ફરી જી.' ૧

### ઢાળ

'રોયે કુંવર નહિ આવે ફરી, નાહ્યા અર્જુન મોરાર;
સજ્જ થઈને અર્જુને પૂછ્યો ભીમને સમાચાર. ૨

'કેમ મૂઓ કુંવર અમારો? કુળ બોળ્યુ કે તાર્યું?
નાસી મૂઓ કે નામ ખોયું? કે આપણને લાંછન માર્યું? ૩

ભીમ કહે : 'ભત્રીજો ભડિયો તે વાણીએ કહ્યું જાય નહીં;
કૌરવ-કુંજર મરદિયા, ભાઈ, અભિમન્યુ મોટો સહી. ૪

દસ સહસ્ર સંઘાતે માર્યો અયોધ્યાનો રાજન;
સોળ સહસ્ર સાથે માર્યો લક્ષ્મણ નામે તન. ૫

શલ્યસુત રુક્‍મરથ માર્યો, વળી કર્ણસુત વૃષસેન;
કૌરવની સેના હીંડે નાસતી જેમ વ્યાઘ્રભયે ધેન. ૬

સવા અક્ષૌહિણી સેન માર્યું, એણે રાઢ કીધી એવી;
પછે જયદ્રથ આવ્યો કપટ કરીને, જે કૌરવનો બનેવી. ૭

તેણે અમને ખાળી રાખ્યા, પણ એકલો ગયો સુભટ;
સાતમે કોઠે બાણ સાંધી રહ્યા મહારથી ખટ. ૮

સર્વે મળી અકળાવિયો, પણ ન જાણ્યું કેમ કીધો નાશ;
અમો જોવા ગયા તો કાલકેતુ પડ્યો દીઠો પાસ.' ૯

સાંભળીને બોલ્યો અર્જુન, મુખે તે ખંખારિયો;
'મસ્તક છેદ્યા વિના પડ્યો કે વેગળેથી મારિયો? ૧૦

જયદ્રથે અનર્થ કીધો, જે ખાળ્યા રણમાં તમો;
તે પાપીને માર્યા તણી પ્રતિજ્ઞા કરું છું અમો. ૧૧

કાલ્ય સાંજ ઓરો નહિ મારું તો પૂર્વજ પડે નરકમાંહે;
એમ કરતાં સૂરજ આથમ્યો તો હોમું શરીર અગ્નિ માંહે.' ૧૨

એમ જ્યારે પ્રતિજ્ઞા કીધી, ગ્રહી ગાંડીવ બાણ;
ત્યારે સુભટે શંખનાદ કીધો ઘાવ વાળ્યાં નિસાણ. ૧૩

દુર્યોધનને નિશાચરે જઈ કહ્યો સમાચાર :
'સ્વામી! પાર્થે કીધી પ્રતિજ્ઞા, જયદ્રથ હણવા સાર.' ૧૪

ચિંતા થઈ કૌરવપતિને, રાત્રે શકટ વ્યૂહ તે રચિયો;
સેનાને અંતે ભોમમાં જીવતો જયદ્રથ દટિયો. ૧૫

વહાણું વાતે જુદ્ધ કીધું, દાઝ આણી અર્જુન;
જયદ્રથ તો જડ્યો નહિ, કૃષ્ણે વિચાર્યું મન. ૧૬

ચક્ર સુદર્શન મૂક્યું, અંતરિક્ષ, લોપિયો અજવાળ;
દિવસ ચાર ઘટિકા છતે છબીલે કીધો સંધ્યાકાળ. ૧૭

પછે અર્જુને આયુધ છોડ્યાં, પડ્યો રથથી ઊતરી;
બાણ ઘસીને અગ્નિ પાડ્યો, ભાંગ્યા રથ એકઠા કરી. ૧૮

નમસ્કાર સર્વને કીધો જુએ સર્વને મોરાર;
કૌરવે અનર્થ કીધો : જયદ્રથ કાઢ્યો બહાર. ૧૯

એવે અંતરિક્ષમાંથી કૃષ્ણજીએ સુદર્શન અળગું કર્યું;
પછે અર્જુનને સાન કીધી, પાર્થે ધનુષ પાછું ધર્યું. ૨૦

કાલચંદ્ર એક બાણ માર્યું, અંતર આણી રીસ;
મુકુટ-કુંડળ સહિત છેદ્યું, જયદ્રથ કેરું શીશ. ૨૧

અર્જુન પ્રત્યે બોલિયા, સમરથ અશરણશરણ :
'એનું મસ્તક પડશે ભોમ વિષે તો તારું પડશે ધરણ' ૨૨

પછે પાર્થે શિર ઉડાડ્યું, તે ગયું ગંગા માંય;
શ્રાદ્ધ સારતો હતો જયદ્રથપિતા, નામ બ્રેહદ્રથરાય. ૨૩

દીકરાનું મસ્તક દેખીને બાણ હ્રદયાશું વાગ્યું;
હાથે હેઠું મૂકતાં, પોતાનું સાથે ભાંગ્યું. ૨૪

વરદાન માગ્યું દેવ પાસે, તે પોતાને આવી નડ્યું;
સંજય કહે : સાંભળો રાજા, પાંડવનું ઈંડું ચઢ્યું. ૨૫

જીત્યા પાંડવ વળ્યા વેગે, અંતે હાર્યો દુર્યોધન;
કુંતાના કુંવર જીતિયા, પામ્યા રાજ્યાસન. ૨૬

વૈશંપાયન બોલિયા : સુણ જનમેજય રાજન;
અહીં થકી પૂરણ થયું અભિમન્યુનું આખ્યાન. ૨૭

એકાવન કડવાં, રાગ સત્તર, ચાલ છે છત્રીસ;
પદબંધ ચોપાઈની સંખ્યા એક સહસ્ર ને પાંત્રીસ. ૨૮

વડું ગામ વડોદરું, વાસી વિપ્ર પ્રેમાનંદ;
એકવીસ દિવસે કૃષ્ણકૃપાએ બાંધિયો પદબંધ. ૨૯

કવતા કવિતા કૃષ્ણજી, નિમિત્ત માત્ર તે હુંય;
પણ આશરો અવિનાશનો, કવિજન જોડે શુંય? ૩૦

સંવત સત્તર અઠ્ઠાવીસે શ્રાવણ સુદ દ્વિતીયાય;
તે દહાડે પૂરણ થયું, અભિમન-ચરિત્ર મહિમાય. ૩૧

મહિમા શ્રી કૃષ્ણજીનો, કહ્યું અભિમન્યુનું ચરિત્ર;
સાંભળતાં મહાપાપ જાયે, કાયા થાય પવિત્ર. ૩૨

જે કો ગાય ને સાંભળે, તેનાં બળે કૃત કર્મ;
મહાભારત દ્રોણપર્વે અભિમન્યુનું પ્રાક્રમ. ૩૩

**વલણ**

પરાક્રમકથા અભિમન્યુની કવી છે પ્રેમે કરી રે;
જન પ્રેમાનંદ એમ ઊચરે : શ્રોતાજન બોલો શ્રીહરિ રે. ૩૪

♦

## શબ્દાર્થ અને ટિપ્પણ

### કડવું:૦૧

કડી

૧ **ગત્ય** = રીત; યુક્તિ;

૨ **કમલાસનની કુંવરી** = (વિષ્ણુના નાભીકમળમાંથી જન્મેલ બ્રહ્મા)ની પુત્રી સરસ્વતી.

૪ **વૈશંપાયન** = વ્યાસના શિષ્ય, એમણે રાજા જનમેજયને બ્રહ્મહત્યા ટાળવા મહાભારતનાં અઢાર પર્વ સંભળાવ્યાં હતાં

૪ **જનમેજય** = અભિમન્યુના પુત્ર પરીક્ષિતનો પુત્ર (જનમેજય અહિ દાદાની કથા સાંભળી રહ્યા છે)

૮ સૌભદ્રે = સુભદ્રાનો પુત્ર સૌભદ્રે, અભિમન્યુ.

૧૨ ઉદક-અંજલિ = પ્રતિજ્ઞા માટે પાણી મૂકવું, પ્રતિજ્ઞા લેવી.

૧૪ સશંપ્તક = કૌરવપક્ષના એ નામના ક્ષત્રિયોનું કુળ, યુદ્ધમાં જીતવું અથવા તો મરવું એવી પ્રતિજ્ઞા કરવાથી એ લોક સશંપ્તકો કહેવાયા હતાં. (અર્જુનને સંગ્રામમાંથી દૂર કરવા સશંપ્તકોએ યુધ્ધનું આહ્વાન આપ્યું હતું. યુધ્ધનું આહ્વાન કદી પણ ન ટાળવાના વ્રતધારી અર્જુનને કૃષ્ણ સશંપ્તકો સાથે યુધ્ધ કરવા તેડી જાય છે)

૧૪ ભૂધરે ભાણેજ પોતાનો કૌરવ-પે કરાવ્યો નાશ. = કૃષ્ણે પોતાના ભાણેજ અભિમન્યુનો કૌરવો પાસે નાશકરાવ્યો.

### કડવું:૦૨

કડી

૪ પ્રજ્ઞાચક્ષુ = બુદ્ધિરૂપી નેત્ર; જ્ઞાનરૂપ નેત્ર, અંધ; આંધળુ; જેની અંતર્દષ્ટિ ઊઘડેલી હોય એવું; આંખો ન હોવા છતાં જેને બધું જ્ઞાન હોય એવું.

કડવું:૦૩

કડી

૩ દૈત્યનો ફેડો ઠામ = દૈત્યનો સમૂળો નાશ કરો.

૫ સંધારવા = સંહારવા, નાશ કરવા

૬ સારંગપાણિ = શાર્ઙ્ગ નામનું ધનુષ્ય જેનાહાથમાં છે તેવા વિષ્ણુ કૃષ્ણ

૧૯ રીધ = રિદ્ધિ; સંપત્તિ; પૈસો; લક્ષ્મી; ધન.

કડવું:૦૫

કડી

૨ સનમન્યો = શૂન્યમનસ્ક થયો; ઉદાસીન થયો; ગમગીન થયો.

૩ અવિધારો = નક્કી કરો; ધારણ કરો; ધ્યાનથી સાંભળો

૧૭ પિપીલિકા = કીડી; મંકોડી.

૧૯ આય = શક્તિ, હિંમત

કડવું:૦૬

કડી

૨ તતખેવ = તત્ક્ષણ, તરત

૬ ઊંચલી = ઉપાડી

૧૬ નિગમ નેતિ નેતિ ગાય = ઈશ્વરને વર્ણવતાં ધર્મશાસ્ત્રો ન ઇતિ ન ઇતિ (અમુક બાબતો સકારણ નિષેધ કરી બાકી રહેલ ઘટી શકતી બાબત સિદ્ધ કરવી એવા પ્રકારની સાબિતી; 'પ્રૂફ બાઇ એકઝોશન'; એ નહિ; એ નહિ, પ્રકૃતિ જડ પદાર્થોમાં આ આત્મા નથી, આ આત્મા નથી, એવા પ્રકારના તત્ત્વના અભ્યાસથી જડ સાથે આત્માનેજે તાદાત્મય ભાસે છે તેથી ત્યાગ થાય છે. ત્યાગ થવાથી અભિમાનનો ત્યાગ થાય છે અને અભિમાનનો ત્યાગ થવાથી વિવેકજ્ઞાનની સિદ્ધિ થાય છે.

તાત્પર્ય કે, આ નથી, આ નથી, એવા પ્રકારના તત્ત્વના અભ્યાસથી અભિમાનનો ત્યાગ થવાથી વિવેકજ્ઞાનની સિદ્ધિ થાય છે.) એમ માત્ર અભાવાત્મક રૂપે જ વર્ણવે છે.

કડવું:૦૭

કડી

૮ ભ્રકુટિ તાણ્યું કોદંડ = નેણ; ભ્રમર જાણે કે અર્ધગોળાકાર આકારની; વર્તુળના પરિઘ ઉપરનાં કોઇ પણ બે બિંદુને સીધી લીટીથી જોડવાથી વર્તુળના થતા બે કકડામાંથી કોઇ પણ એક કકડો; કામઠું; ધનુષ્ય; ચાપ. અહિ ધનુષ આકરની નેણની રેખા અર્થ અભિપ્રેત છે.

કડવું:૦૮

કડી

૪ પેપલી = સૂકા ખખડધજ પીપળ જેવી/જેવું. (અહિ શરીર, કાયાના અર્થમાં અશક્ત અને સૂકા દેહવાળો)

કડવું:૦૯

કડી

૧૧ આવ્યો ન જાણે અંત = પોતાનો અંત (મૃત્યુ) આવી ગયો છે એ તે (અહિલોચન) જાણતો નથી

૧૬ પાસે મૂક્યા બદલાઓ બંને, જૂજૂઆ નવ ઓળખાઓ જી; = બંને એકસરખા, બદલાઇ ન શકે એવા, જુદાં ન પાડી શકાય એવાં.

કડવું:૧૦

કડી

૧૮ કોશ = મ્યાન; તલવાર જેમાં રાખવામાં આવે છે તે.

**કડવું:૧૧**

**કડી**

**૭** અંબુજમાં બંધાયો મધુકર = સુવાસ/સુગંધથી આકર્ષાઈ કમળ/પદ્મ/પોયણામાં ભમરો પ્રવેશે અને અંદર પુરાઈ જાય એવી સ્થિતિ.

**કડવું:૧૨**

**કડી**

**૧૯** વકારીને = યુદ્ધ માટે પડકારીને
ગુસ્સે થવું; વીફરવું; ચિડાવું.
બહેકાવવું; સામું થાય એવું કરવું; વિફરાવવું; ઉશ્કેરણી કરવી; વકરે એમ કરવું.

**કડવું:૧૩**

**કડી**

**૭** પ્રાજે = પરાજય; હાર.

**કડવું:૧૪**

**કડી**

**૮** ગર્થ = ગરથ; ધનદોલત; નાણું.

**૧૩** પનોતી = સુખી; ભાગ્યશાળી; ભાગ્યશાયી સ્ત્રી; જેનું એક પણ છોકરૂં મરી નથી ગયું તેવી સ્ત્રી.
પ્રાહુણા = પરોણો; મહેમાન; અતિથિ.

**કડવું:૧૫**

**કડી**

**૫** હરિવદની = ચંદ્ર જેવા સુંદર મુખવાળી સ્ત્રી.

**૧૯** ત્રાસકો ત્રોડિયો = નિસાસો નાખ્યો

કડવું:૧૬

કડી

૩ કુશસ્થળી = દ્વારકા;

૧) સૂર્યવંશનાં યયાતિ રાજાના દીકરા અનાર્તના પુત્ર રેવત રાજાએ સ્થાપેલી નગરી. આગળ જતાં તેનું નામ દ્વારકા પડ્યું.

૨) મનુના પુત્ર યયાતિને સુકન્યા નામની એક પુત્રી અને ઉત્તાનબર્હિ, આનર્ત અને ભૂરીષેણ નામના ત્રણ પુત્ર થયા. અનાર્તના પુત્ર રેવને સમુદ્રની વચ્ચે નગર સ્થાપીને તેમાં પોતાની રાજધાની કરીને આનર્ત દેશ ઉપર રાજ્ય કર્યું. આ રેવતે સ્થાપેલી નગરી કુશરથલી તે જ દ્વારકાપુરી.

૭ રામ = બલરામ; શ્રીકૃષ્ણના મોટાભાઈ; વાસુદેવને રોહિણીના પુત્ર.

૮ બુસટિયો = અઘરણિયાત સ્ત્રીનો દિયર; સીમંતમાં સ્ત્રીના ખોળામાં બેસી, તેને ગાલે કંકુવાળે બંને હાથે તમાચો મારનાર વ્યક્તિ; બૂસટ મારનાર વ્યક્તિ.

૯ કરવાળું = દેવાળું

કડવું:૧૭

કડી

૫ છોકલડાં = અંગૂછા; ડિલ લૂછવાનું લૂગડું; પંચિયું; રૂમાલ.

૬ હાથે ઓડે = હાથ લંબાવે, હાથ ધરે.

૮ ભાર કનક = વીસ તોલા સોનું

કડવું:૧૮

કડી

૬ હરનિશ = અહર્નિશ દિનરાત; નિરંતર.

**કડવું:૨૨**

**કડી**

**૧** વયણ = વચન; વેણ; બોલ; વાણી; શબ્દ.

**૨** દુર્યોધન-શું = દુર્યોધન સાથે

**૮** તે ભાર ઓ ઓશિંકળ કરો = ઋનમુક્ત કરો

**૯** કિરીટી = અર્જુન, કેમકે તેને ઇંદ્રે મુગટ આપ્યો હતો. કિરીટવાળો,

**૧૨** વિખે = વિષે; માં; માટે; કાજે; સંબંધે; અર્થે; બાબત.

**કડવું:૨૪**

નષ્ટચર્યા = ગુપ્તવેશે ફરવું

**કડવું:૨૮**

**કડી**

**૧૦** ગવાળો = સર્વ વસ્ત્રો/કપડાં તથા પરચૂરણ સામાન રાખવાનો કોથળો; બગચો.

**કડવું:૩૦**

**કડી**

**૮** અસૂર = મોડું

**૯** સન્નાહ = કવચ

જીવરખી = બખ્તર

**કડવું:૩૧**

**કડી**

**૪** વાસવધીશ = ઇન્દ્રરાજ

જમધીશ = યમરાજ

૧૧ કરેળી = રોષની ઝાળ ટાઢ/ઠંડીની કમકમાટી; ટાઢની કંપારી

૧૫ ત્રીપુરાર્ય = ત્રિપુરારિ અસુરોનાં ત્રણ પુરોનો નાશ કરનાર, મહાદેવ.

કડવું:૩૫

કડી

૬ અભિલેખા = અભિલાષ; ઈચ્છા

કડવું:૩૬

કડી

૩ પોણ = પ્રણ, પ્રતિજ્ઞા

૬ વ્યાળ = સાપ સાપ; નાગ.

કડવું:૩૮

કડી

૧૦ સવ્યાપસવ્ય = ડાબાજમણા; (Alternate)

કડવું:૩૯

કડી

૫ મદગળ = ગજ; હાથી; મદ ઝરતો હાથી.

૬ અમર = દેવ; સુર; નિર્જર; ત્રિદિવેશ

કડવું:૪૦

કડી

૨ રોધણ = રોધન, અવરોધ, રૂંધાવું તે; અટકાવ.

૧૭ હેડંબ = ભીમને રાક્ષસપત્ની હિડંબાથી થયેલો પુત્ર હેડંબ, ઘટોત્કચ

**કડવું:૪૧**

**કડી**

**૩** સાજે બાંધની પાજ = જીવતા રહેવાનો (ઉગરવાનો) ઉપાય આગળથી જ કરી લે.

**૧૭** કણવટિયા = દાણા (કણ)ની ભિક્ષા માંગનાર બ્રાહ્મણ

**૧૮** કાગમું = રથ-ધજાનો દંડ

**કડવું:૪૩**

**કડી**

**૫** છોરો = છોકરો; પુત્ર; દીકરો.

**કડવું:૪૪**

**કડી**

**૯** અધરવટે = ઉર્ધ્વ વાટે, સ્વર્ગે.

**કડવું:૪૫**

**કડી**

**૧૧** શર્મ = શ્રમ, પ્રયત્ન

**કડવું:૪૭**

**કડી**

**૧** ઉવસ્તી = ઉદ્ધ્વસ્ત; મરેલા જેવા.

**કડવું:૫૦**

**કડી**

**૧૭** માન-શુકન = અપશુકન; અશુભ દેખાવું તે; ખરાબ લક્ષણ; માઠાં શુકન.

♦ ♦

## અભિમન્યુ-આખ્યાન : આસ્વાદ-સમીક્ષા

○

## આખ્યાન-કાવ્યનું સ્વરૂપ અને વિકાસગતિ

## પ્રેમાનંદ : સમય, જીવન અને સર્જન

રસની બાબતમાં કોઈપણ ગુજરાતી કવિ પ્રેમાનંદના પેંગડામાં પગ ઘાલે એવો નથી. તાક્યું તીર મારનારો તો પ્રેમાનંદ જ. એ ધારે છે ત્યારે રડાવે છે, ધારે છે ત્યારે હસાવે છે અને ધારે છે ત્યારે શાંત રસના ઘરમાં આપણને લઈ જઈને બેસાડે છે.

**નવલરામ**

[ગુજરાતીના પહેલા વિવેચક]

## અભિમન્યુ-આખ્યાન : આસ્વાદ-સમીક્ષા

### પરાક્રમગાથા અને યુદ્ધગાથાની લોકપ્રિય કથા

ભરત ખેની

મહાભારતની કથા માનવજીવનનાં અનેકવિધ આલેખનોથી ભરપૂર જાણે કે કોશ છે. ભગવાન શ્રીકૃષ્ણ આ કથામાં સર્વવ્યાપી હોવા છતાં સ્વઓળખ અને સ્વતેજે સ્વતંત્ર તરી આવતા કર્ણ-અર્જુન સમા મહારથીઓ સાથે શોભતો નાનો પણ તેજસ્વી તારા જેવો અભિમન્યુ આ વિરાટ કથાની પાત્રસૃષ્ટિમાં એના વિશિષ્ટ વ્યક્તિત્વથી આગળ તરી આવે છે. મહાભારતની કથામાં, માત્ર અર્જુનપુત્ર તરીકે જ નહિ પણ મહાપરાક્રમી યોદ્ધા તરીકે તેનું સ્થાન છે એટલું જ નહિ પણ અર્જુનની ગેરહાજરીમાં સમસ્ત પાંડવસેનાને, ચક્રવ્યૂહ-યુદ્ધમાં દોરનાર માર્ગદર્શક તરીકે તેનું મહત્ત્વ વધી ગયું છે. વળી આ પરાક્રમશીલતા અને વ્યૂહનૈપુણ્ય તેની મુગ્ધાવસ્થાના સંદર્ભમાં તેના વ્યક્તિત્વને, કથામાંના તેના મહત્ત્વને તેમ જ તેની લોકપ્રિયતાને ઓર વધારનારાં નીવડ્યાં છે. અભિમન્યુનું એક બાજુથી તારુણ્યયુક્ત મુગ્ધ વ્યક્તિત્વ અને બીજી બાજુથી પ્રભાવી અને પ્રચંડ પરાક્રમશીલ એવું વ્યક્તિત્વ એના પર ઢોળાયલી, ઉત્તરાના અલ્પસહવાસથી ઘેરી બનેલી, અંતિમ કરુણતાથી છાયાથી સવિશેષ હૃદયસ્પર્શી નીવડે છે.

અર્જુનના પુત્ર અને કૃષ્ણના ભાણેજ તરીકે માતૃપિતૃકુલની અસાધારણતા, ઉત્તરા સાથેનો લગ્નસંબંધ અને અલ્પ સમાગમ, ચક્રવ્યુહની 'કોઠાસૂઝ' અને તેની અપૂર્ણતા, અને આ બધાંને પરિણામે અંતે જતાં પરાક્રમી છતાં કરુણાન્ત એવી અભિમન્યુની કથા મુગ્ધતા, વીરતા, શૃંગાર અને કરુણના અદ્‌ભુત રસ સંમિશ્રણનો આસ્વાદ કરાવવાની ક્ષમતા ધરાવે છે. આથી અભિમન્યુની મુગ્ધતાથી વહાલપ અનુભવતું, એના અપૂર્વ શૌર્ય પ્રદર્શનથી ઉત્સાહિત થતું અને એના કરુણાન્તથી અત્યંત દુઃખી બનતું

લોકહૃદય આ કથાનાં અનેક પુનરાવર્તનોની પરંપરા પ્રેરે એ સ્વભાવિક છે અભિમન્યુની કથા આપણા સાહિત્યમાં કાવ્ય, વાર્તા, નાટક અને લોકસાહિત્યનાં અનેક સ્વરૂપોમાં એક યા બીજી રીતે, અનેક રૂપે પ્રાચીન કાળથી તે આજ સુધી વારંવાર પુનરાવર્તિત થયા જ કરી છે.

અભિમન્યુનો માતૃપક્ષીય સંબંધ શ્રીકૃષ્ણ સાથેનો રહ્યો હોવાથી કૃષ્ણચરિત્રના સંદર્ભમાં પણ અભિમન્યુના ઉલ્લેખ મળે તે સ્વાભાવિક છે. આથી વિષ્ણુ, ગરુડ, બ્રહ્માંડ, વાયુ, મત્સ્ય, ભાગવત વગેરે પુરાણોમાં અભિમન્યુના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. મહાભારતના કથાપ્રસંગો પર આધારિત કૃતિઓ જેવી કે ક્ષેમેન્દ્રની 'ભારતમંજરી', કાંચનકવિનું 'ધનંજયવિજય' વગેરેમાં, તેમજ ભાસનાં 'પંચરાત્ર' અને 'દૂત-ઘટોત્કચ' વગેરે જેવાં નાટકોમાં પણ અભિમન્યુની કથા/વાર્તાના મહાભારતકથિત/કલ્પિત કથાપ્રસંગો નિરૂપાયા છે. જૈન કવિઓ  દેવભદ્રસૂરિ, શુભવર્ધન ગણિ અને દેવવિજયનાં 'પાંડવચરિત્ર'માં પણ અભિમન્યુના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. આ બધી કૃતિઓમાં, નાની વિગતોના ફેરફાર/પાઠ ફેરફારને બાદ કરતાં, મોટેભાગે મહાભારતની કથામાંની વાર્તાનું જ માળખું જળવાયું હોય તેવું જણાય છે. આ ઉપરાંત સ્વતંત્ર રીતે પણ લોકસાહિત્યમાં અભિમન્યુના કથાનક વિષયક વાર્તા, કથા, રાસડા, ગરબીઓ અને રાજિયા-પરજિયા વગેરે સ્વરૂપે/રૂપે પ્રાપ્ત થાય છે.

**(૧)**

મહાભારતમાં અભિમન્યુની વાર્તા આદિપર્વ, વિરાટપર્વ, ભીષ્મપર્વ ને દ્રોણપર્વમાં વિસ્તરેલી છે.

પૃથ્વી પરના પાપનાશન માટે બ્રહ્માએ દેવોને અવતાર સેવા આજ્ઞા કરી. તે આજ્ઞા અનુસાર સોમનો પુત્ર વર્ચસ્-વર્ચા–અભિમન્યુ રૂપે અવતર્યો. સોમે ત્યારે જ શરત કરી હતી કે સોળ વર્ષની ઉંમરે તે નરનારાયણ(કૃષ્ણ) વિનાના યુદ્ધમાં ચક્રવ્યુહમાં અનેક મહારથીઓનો સંહાર કરીને પાછો આવશે.

પાંડવપુત્ર અર્જુન અને કૃષ્ણની બહેન સુભદ્રાના પુત્ર તરીકે અભિમન્યુના જન્મ થતાં પાંડવોએ દાનાદિથી ઉત્સવ કર્યો કૃષ્ણએ અભિમન્યુ પ્રત્યેના પ્રેમથી સર્વ મંગલક્રિયાઓ કરી. અર્જુને તેને યુદ્ધવિદ્યામાં નિપુણ કર્યો. પાંડવોએ બાર વર્ષના વનવાસ પછી તેરમે વર્ષે વિરાટનગર/મત્સ્યદેશમાં ગુપ્તવાસ ગાળ્યા પછી અંતે વિરાટ રાજાની કુંવરી ઉત્તરાનાં અભિમન્યુ સાથે લગ્ન કર્યાં.

ત્યાર બાદ, પાંડવોને રાજ્યભાગ ન મળવાને કારણે મહાભારતનું યુદ્ધ મંડાયું. આ યુદ્ધમાં, અભિમન્યુની પાંડવપક્ષના મહારથીઓમાં ગણના થાય છે, અને એની વીરતાની ઘણી વિગતો મહાભારતકારે વખાણી છે. પહેલા જ દિવસથી તેનાં પરાક્રમો નોંધાય છે. બીજે દિવસે પાંડવોએ રચેલા ક્રૌંચ વ્યૂહમાં અર્જુન ઘવાતાં અભિમન્યુ પરાક્રમ દાખવે છે તથા અભિમન્યુ-લક્ષ્મણ યુદ્ધ થાય છે. છઠ્ઠે દિવસે તેને ભીમને મદદ કરતો વર્ણવ્યો છે તો નવમે દિવસે કૌરવપક્ષને ‘જાણે આ બીજો અર્જુન હોય’ એવી ભ્રાન્તિ કરાવતો તે અલંબુષ દાનવનો વધ કરે છે. દસમે દિવસે અભિમન્યુ-દુર્યોધન યુદ્ધ થાય છે. દશમા દિવસને અંતે ભીષ્મ હણાય છે. અગિયારમા દિવસથી કૌરવપક્ષે દ્રોણ સેનાપતિ થાય છે.

અગિયારમે દિવસે દ્રોણ યુધિષ્ઠિરને પકડવાના ઘણા પ્રયત્ન કરે છે પણ નિષ્ફળ જાય છે. આ વખતે અભિમન્યુ અને પૌરવ જયદ્રથ સાથે અસિયુદ્ધ અને શલ્ય સાથે ગદાયુદ્ધ ખેલે છે. બારમે દિવસે અર્જુનને યુક્તિપૂર્વક સંશપ્તકો સાથે યુદ્ધ કરવામાં રોકી દ્રોણ ફરીથી યુધિષ્ઠિરને પકડવાનો પ્રયત્ન કરે છે, છતાં તે સફળ થતા નથી. અર્જુનની ગેરહાજરીમાં અભિમન્યુ પરાક્રમપૂર્વક યુદ્ધ કરે છે અને કર્ણ સામે લડે છે. વારંવાર નિષ્ફળ થવાથી અકળાયેલા દુર્યોધનના ઠપકાથી પ્રેરાયેલા પ્રતિજ્ઞાબદ્ધ દ્રોણ તેરમે દિવસે ભીષણ સંગ્રામનું આયોજન કરે છે. ફરીથી અર્જુનને સંશપ્તકો આહ્વાન દ્વારા યુદ્ધ કરવા લઈ જાય છે. આ બાજુ દ્રોણ ચક્રવ્યૂહ રચે છે. ચક્રવ્યૂહભેદના જ્ઞાતા અર્જુન, કૃષ્ણ અને પ્રદ્યુમ્નની ગેરહાજરીમાં, અભિમન્યુ પાંડવ સૈન્યને દોરે છે. પરંતુ તે પ્રવેશ જાણે છે, પ્રવેશ કર્યા બાદ બહાર નીકળવાનો માર્ગ જાણતો નથી. તેની જવાબદારી ભીમ લે છે. અભિમન્યુ મહા પરાક્રમપૂર્વક

પાંડવસેનાને ચક્રવ્યુહમાં પ્રવેશ કરાવે છે. પણ જયદ્રથ શિવવરદાનને બળે સૌને બહાર રોકી રાખે છે. આથી અભિમન્યુ એકલો વિખૂટા પડી જાય છે. તે છતાં અભિમન્યુ વીરતાપૂર્વક યુદ્ધ કરી અનેક પરાક્રમ કરે છે અને અનેક મહાસુભટોનો સંહાર કરે છે. અંતે યુદ્ધનીતિ વિરુદ્ધ છ મહારથીઓ એકઠા મળી તેના પર સામટો હલ્લો કરે છે અને તેને ધનુષ્ય, રથ, ખડગ વગેરે વિહાણો કરી નાખે છે. નિઃશસ્ત્ર થતાં અભિમન્યુ રથચક્રથી લડે છે તેને પણ તોડી નાખવામાં આવે છે. છેવટે દુઃશાસનના પુત્ર સાથે તેનું ગદાયુદ્ધ થાય છે તેમાં બંને મૂર્છિત થાય છે. દુઃશાસનપુત્ર મૂર્છામાંથી વહેલો જાગે છે અને અભિમન્યુના મસ્તક પર ગદા પ્રહાર કરે છે. આમ અંતે અભિમન્યુ વીરમૃત્યુને વરે છે. પાંડવો શોકગ્રસ્ત થઈ જાય છે. (જુઓ મહાભારત : ભીષ્મપર્વ, અધ્યાય ૪૭,૫૨,૭૮,૧૦૦. તથા દ્રોણપર્વ ૨,૩૪થી ૪૯.)

સાંજે સંશપ્તકો સાથેના યુદ્ધમાંથી પરત ફરતાં અર્જુન અભિમન્યુના અવસાનના સમાચાર સાંભળી શોકગ્રસ્ત થાય છે અને ક્રોધપૂર્વક જયદ્રથવધની પ્રતિજ્ઞા કરે છે. ચૌદમે દિવસે કૌરવોના શકટવ્યૂહને ભેદતાં સાંજ સુધીમાં જયદ્રથ ન મરાતાં કૃષ્ણ સંધ્યાકાળની ભ્રાંતિ ઉપજાવે છે. જયદ્રથ ભ્રાંત થઈ પ્રગટ થાય છે તે જ ક્ષણે ભ્રાંતિ દૂર થાય છે તરત જ અર્જુન તેનું મસ્તક ઉડાવી નજીકમાં જ તપશ્ચર્યા કરતા તેના પિતાના ખોળામાં નાખે છે. જયદ્રથનું માથું પૃથ્વી પર નાખનારના માથાના સો કકડા થઈ જશે એ વરદાનના પરિણામથી અર્જુન બચી જાય છે અને અચાનક આવી પડેલા મસ્તકને જમીનપર હડસેલતાં વૃદ્ધક્ષત્રનું જ મૃત્યુ થાય છે. (જુઓ : પૌરાણિક કથાકોશ, ભાગ-૨, લે. બેરિસ્ટર ડાહ્યાભાઈ દેરાસરી. પૃ. ૧૭૦)

મહાભારતમાંની આ કથામાં મુખ્ય ભાગ તો અભિમન્યુનાં યુદ્ધ પરાક્રમો જ રોકે છે અને આમ આ કથા સોળ વર્ષના નવયુવાન વીરની કરુણાંત પરાક્રમગાથા જ બની રહે છે.

લોકપ્રસિદ્ધ અભિમન્યુકથામાંની દાનવઅંશની વાત કે કૃષ્ણ સાથેનું તેનું વેર, તેમ જ રણક્ષેત્ર પર તેનું ઉત્તરા સાથેનું એકમાત્ર મિલન— આમાંની કોઈ કથા મૂળ મહાભારતમાં નથી.

# (૨)

**'પ્રેમાનંદકૃત અભિમન્યુ-આખ્યાન'ની કથા** લોકપ્રસિદ્ધ વાર્તા પર આધારિત છે. પ્રેમાનંદ આખ્યાનનો પ્રારંભ દ્રોણપર્વમાંના પ્રસંગથી કરે છે અને ધૃતરાષ્ટ્રના 'ગોવિંદને શું વેર?' એવા પ્રશ્નના ઉત્તરમાં સંજયમુખે અભિમન્યુના દાનવરૂપની પૂર્વકથા કહેવરાવી છે.

સમગ્ર કથા કેવી રીતે આ આખ્યાનનાં કડવાંમાં વિસ્તરી છે એ જોઈએ. પ્રેમાનંદે, ૫૧ કડવાંના આ આખ્યાનમાં ૨૦ કડવાં અભિમન્યુના જન્મ સુધીની કથા કહેવામાં લીધાં છે, અને એ કથા કહેતાંકહેતાં કવિ કૃષ્ણની કપટલીલા, સ્ત્રીસ્વભાવની લાક્ષણિકતાઓ અને મધ્યકાલીન સમાજજીવનના અંશો વગેરે વિગતે વર્ણવી લે છે. અહિલોચનકથા અને અભિમન્યુ-જન્મ એમ દ્વિદલ પ્રસંગને આ પ્રથમ ખંડમાં મામા ભાણેજના પરસ્પરના પરિચય દ્વારા ૨૧મા કડવામાં કવિ પૂરો કરે છે, પછીનાં બે કડવાં અભિમન્યુના લગ્નપ્રસંગને કવિ આપે છે અને આ રીતે ૫૧ પૈકી ૨૩મા કડવા પછી આ આખ્યાન મહાભારતપ્રસિદ્ધ યુદ્ધકથા તરફ આપણને દોરે છે. યુદ્ધકથા તરફ પ્રયાણ કરતાં પ્રેમાનંદ ૨૪માં કડવામાં મહાભારતના કથાતંતુને નિર્દેશી, ઉત્તરાના આણાવાળી કથા તરફ ધ્યાન કેન્દ્રિત કરે છે, કડવા ૨૫ થી ૩૭ એમ ૧૩ કડવાનો આ બીજો ખંડ વિવિધ ભાતવાળી કથાનો પરિચય કરાવે છે. ૩૮માં કડવાથી આરંભાતા કાવ્યના ત્રીજા ખંડમાં અભિમન્યુનો કૌરવસેના પર પડતો પ્રભાવ કવિ વર્ણવે છે અને પછી આપણને યુદ્ધ કથાનો પ્રત્યક્ષ પરિચય મળે છે. કડવા ૩૯ થી ૪૯ એમ ૧૧ કડવામાં વીરને કેન્દ્રમાં રાખી વાતાવરણમાં કરુણ અને અન્ય રસોની છાયા પ્રસારતી આ કોઠાયુદ્ધની કથા વિગતે વર્ણવાઈ છે અને અભિમન્યુના મૃત્યુ સાથે એનો અંત આવે છે. ૫૦માં કડવાની વલણ પૂર્વેની પંક્તિ 'સૌભદ્ર રૂપી હો સૂરજ આથમ્યો જી' એમ છે. એ સૂરજ/અભિમન્યુ આથમવાનાં સમાચાર સાંભળીને અર્જુન અને કૃષ્ણને મૂર્છા વળે છે- એકને સાચી, બીજાને કદાચ ખોટી, પુત્ર- સૂર્યનો અસ્ત પિતાને બીજા દિવસના સૂર્યાસ્ત પહેલાં અરિસૂર્ય/જયદ્રથનો અસ્ત કરવાની પ્રતિજ્ઞા કરવા પ્રેરે છે. એ પ્રતિજ્ઞા, કૃષ્ણની કુશળતાથી, અર્જુન પૂરી

કરે છે, અને જયદ્રથનું મસ્તક છેદન કરતાં પણ કૃષ્ણની જ સલાહ એને મરતો બચાવે છે. પ્રેમાનંદે આ સમગ્ર પ્રસંગને અત્યંત સંક્ષેપમાં વર્ણવ્યો છે. પ્રેમાનંદનું લક્ષ્ય અભિમન્યુ-વધ થતાંની સાથે જ આખ્યાનની પૂર્ણાહુતિ તરફનું લાગે છે, અને એટલે જ જયદ્રથવધના પ્રસંગને નાનકડા પરિશિષ્ટરૂપે આપી, અર્જુનની પ્રતિજ્ઞા અને એના પાલનનું ઝડપી નિરૂપણ છે. લોકની જિજ્ઞાસાવૃત્તિને સહજ સંતોષી, એ આખ્યાન પૂરું કરે છે.

(૩)

અભિમન્યુકથા વાર્તા તરીકે અ-સંકુલ સળંગસૂત્ર ઘટના છે. છતાં પ્રેમાનંદે આ આખ્યાનની રજૂઆતમાં વાર્તા-કુતૂહલને પ્રેરે અને પોષે એવી કુશળતા વાપરી છે.

વાર્તામાંની કલાદષ્ટિએ પ્રથમ ઘટના અજદાનવની વાતથી આખ્યાન શરૂ કરવાને બદલે દ્રોણપર્વની ભૂમિકાથી શરૂઆત કરી છે. થોડી જ પંક્તિઓમાં ભૂમિકા બાંધી, મહાભારત અનુસાર અભિમન્યુની ઘટનાને ટૂંકમાં સંજયમુખે કહી/સંભળાવી કુતૂહલ પ્રેર્યું છે. ધૃતરાષ્ટ્રના ‘ગોવિંદને શું વેર?’ એ પ્રશ્ન જાણે કે શ્રોતાઓના જ કુતૂહલનો પડઘો છે. એના ઉત્તર રૂપે સંજય અભિમન્યુની પૂર્વ કથા અજદાનવનો પ્રસંગ વિસ્તારથી માંડે છે. આમ કવિએ યુક્તિપૂર્વક કથાને અહિલોચનની વાર્તામાં પાછી વાળી છે. અર્વાચીન નવલકથા-નાટક-ચિત્રપટમાં વપરાતી ‘ફ્લેશબૅક’–‘પીઠઝબકાર’ની રીતિને આ રીતે મળતી આવે છે.

આ પૂર્વકથાને અજદાનવ અને અહિદાનવની કથામાંથી વિસ્તારી અભિમન્યુના જન્મ, લગ્ન અને છેક મહાભારત યુદ્ધના પ્રસંગ સુધી લંબાવી, કવિ ફરીથી તેને મૂળ દ્રોણપર્વની કડી સાથે જોડી દે છે. અને પછી વાર્તા યુદ્ધપ્રસંગ અને ચક્રવ્યુહયુદ્ધમાં આગળ વધે છે. આ રીતે આ સળંગસૂત્ર વાર્તામાં પણ કવિએ રજૂઆતમાં રચનાનૈપુણ્ય દાખવી વાર્તાને અધિક કુતૂહલ પ્રેરક અને રસમય કરી/બનાવી છે.

અહિલોચન શિવ પાસેથી વજ્રપિંજર મેળવી દ્વારિકા ભણી જાય છે તે

સમયનું વર્ણન, વજ્રપેટીમાં પુરાયા બાદના તેના આભધરતી વચ્ચેના ઉછાળા અને ધમપછાડાનું વર્ણન, અભિમન્યુની યુદ્ધ-ઇચ્છાનું નિરૂપણ, રાયકાઓને થતી પૃચ્છાનું વર્ણન કરતુ કડવું તથા તે પછી અપશુકનથી સાશંક મનઃસ્થિતિમાં સાંઢણીએ ચઢીને આવતી ઉતાવળી ઉત્તરાનું ચિત્ર તેમ જ રણક્ષેત્રને માર્ગે ઉત્તરાને જોઈ વિવિધ યોદ્ધાઓ પર થતી તેની અસરનું બયાન, પાછળથી દમયંતીસ્વયંવર અને કુંભકર્ણનિદ્રા જેવા અનેકવિધ પ્રસંગોનું આલેખન કરનાર પ્રેમાનંદના કથાકૌશલનો પ્રથમ  અણસાર આપવા માટે પૂરતું છે. ‘સુદામાચરિત’ કે ‘મામેરુ’માં સુદામા કે નરસૈયાનાં વિડંબનાચિત્ર વર્ણવનાર કવિ પ્રેમાનંદ કૃષ્ણએ લીધેલાં શુક્રાચાર્ય તથા વૃદ્ધ બ્રાહ્મણનાં/ રૂપનાં વર્ણનમાં અછતા રહેતા નથી. તો, ‘મામેરુ’નાં માર્મિક સામાજિક ચિત્રો રજૂ કરનાર કવિ અહીં સીમંત, લગ્ન, અપશુકન વગેરેમાં રીતરિવાજોનાં વિગતે વર્ણનો રજૂ કરે છે. અલબત્ત પેલી માર્મિકતા ગેરહાજર હોવા છતાં સ્વાભાવિક લોકવ્યવહારના નિરીક્ષણ અને વર્ણનમાંથી પાત્રોના લાક્ષણિક વ્યવહારને અને તે રીતે વ્યક્તિ સ્વભાવને વાસ્તવ ચિત્રો દ્વારા રજૂ કરવાની નિપુણતાનો અણસાર અહીં દેખાય છે. સુભદ્રાને પેટી ઉઘાડવા લલચાવતી અને પછી અંદરથી કશું લાભદાયક/સંતોષકારક ન નીકળતાં આપેલુંય પાછું તાણી લેતી ભાભીઓ ‘મામેરુ’માંની નાગરી બાઈઓની પૂર્વ આવૃત્તિ જ છે એવું લાગે. તો મોસાળું માગનાર ભીમે કરેલી યાદી પણ ‘મામેરુ’માંની વડસાસુએ લખાવેલી યાદીનો જાણે કાચો મુસદ્દો છે. આમાં તો વિગતો અને ઢાળનું પણ પૂરેપૂરું સામ્ય દેખાય છે. અભિમન્યુના યુદ્ધમાં જવાના સમયે શાસ્રો શોધવાને બહાને સંતાડતાં સુભદ્રામાં પુત્રઘેલી માનું સુંદર રેખાચિત્ર આલેખાયું છે.

રણમેદાન પર આવતી ઉત્તરાનું રૂપવર્ણન કરવાને બદલે કવિએ અન્ય ઉપર તેના પ્રભાવનું વર્ણન કરીને એની અસરકારકતા વધારી છે. યુદ્ધમેદાન પર આવતા અભિમન્યુની કૌરવસૈન્ય પર થતી અસરનું નિરૂપણ પણ જોવા જેવું છે, અભિમન્યુના યુદ્ધભૂમિમાં પ્રવેશ સાથે જ વીરોનો ટકરાવ/ટંકારવ આરંભાય છે. ૪૦માં કડવાની પંક્તિઓને ત્રણ નાનકડા ખંડમાં વહેંચી/ ત્રિતાળો છંદમાં, પ્રથમ બે ખંડોમાં આંતરપ્રાસનું મેળવણ કરીને કવિ સરસ

યુદ્ધચિત્ર આપણી સામે રજૂ કરે છે. જુઓ –

આચાર્યને અભિમન, આવ્યા વદન, ધન ધન દેવતા બોલે;
ભીમસેન ને શલ્ય, બેય મલ્લેમલ્લ, અટળ તે ઉછાળે શેષ ડોલે. ૩

દ્રૌપદીના તન, સામો દુઃશાસન, ગગન છાયું છે બાણજાળે;
ટુંકડી તરવાર, કરે મારામાર, કો હાર ન પામે અંતકાળે. ૮

ગદા ને મુગદળ. પડે મૂશળ, કોલાહલ મોટો રે થાય.
ધસી મારે ઢીક, હૈયે આવે હીક, છીંક ખાતાં જીવડો રે જાયે. ૯

રોળાયા, રોળિયા, અશ્વના ટોળિયા, ઝોળિયે ઘાતિયા વીર જાતા.
ભલા રે ભડ, માથાં વિના ધડ, કડકા ઊડે લોહીએ રાતા. ૧૦

શરના સડસડાટ, રથના ખડખડાટ, ઝળહળાટ તાય તલવારનો ઝાટકા;
સાંગ લોહ તણી, ભાલા તણી અણી, ઘણી ભોગળના થાય ભડકા. ૧૧

(કડવું ૪૦.)

આ અને આવાં અનેક વર્ણનો દ્વારા યુદ્ધના ભીષણ વાતાવરણને પ્રેમાનંદ ખડું કરે છે, સામસામી અફળાતી સેનાઓના આવાં વર્ણનોમાંથી વર્ણઘોષયુક્ત વીરરસની સાથે રૌદ્ર અને ભયાનક રસ પણ સુગ્રથિત કરી પ્રગટ થાય છે. આવી પંક્તિઓમાં ચારણી છંદના ડિંગળનું સ્મરણ કરાવે એવી પ્રાસરચના યુદ્ધના વાતાવરણને પ્રગટ કરવામાં મદદ કરે છે. એ જ રીતે-

એવું કહીને ઊલટ્યો, પહેલાં બાણ મૂક્યાં ત્રણ;
એકે ભેદ્યું હૃદે ઋષિનું, યુગ્મ પડિયાં ચરણ. ૭

તે પૂઠેથી તેર મૂક્યાં, મુનિ કીધા વિરથ;
કર્ણને પંચવીશ માર્યો, કોપ્યો પુત્ર-પારથ. ૮

દશે દુઃશાસન ભેદ્યો, સાતે દુર્યોધન;
અગિયાર માર્યો અશ્વત્થામાને, સત્તાવીશ શકુન્ય. ૯

(ક. ૪૧ )

આ પંક્તિઓમાં સંખ્યાની કેટલી સરસ કાવ્યાત્મક રમત છે. તો-

જુએ તમાશા તાતજી, મારા સમ જો થાઓ મતિયા;
એ કૃપ, દ્રોણ ને અશ્વત્થામા, શું કરે કણવટિયા. ૧૭
(ક. ૪૧)

અભિમન્યુ યુધિષ્ઠિરની સાથે રહીને કૃપાચાર્ય, દ્રોણાચાર્ય અને અશ્વત્થામાને 'કણવટિયા' (દાણા/કણની ભિક્ષા માંગનાર બ્રહ્માણ) કહે છે તેમાં મધ્યકાળના સામાન્ય જનનો માનસપરિચય મળે છે. તેમજ–

તાણતો-મૂકતો જણાય નહિ, શીઘ્રે ત્યાંહાં એ બાણ
વિરાજે વીજળી સરીખો, કૌરવ કરે વખાણ. ૧૨

રીસે થયો અતિ રાતડો, અરુણ ઉદય સમાન;
આપરૂપ થયો પોતે, જ્યારે અદકું થયું નિદાન. ૧૪
(ક. ૪૨ )

એમાં 'તાણતો-મૂકતો'થી નીપજતું ગતિચિત્ર તથા ક્રોધરક્ત અભિમન્યુની અરુણ સાથેની સરખામણી અધિક કાવ્યમય લાગે છે. અભિમન્યુ ઊગતી વયનો હોવાથી કવિ વારંવાર એને સૂર્ય નહિ પણ ચંદ્ર અને અરુણ સાથે સરખાવે છે તેનું ઔચિત્ય નોંધપાત્ર છે.

(૪)

અભિમન્યુની કથા ઘણા પ્રસંગોવાળી અને ઠીક ઠીક લાંબી હોવાથી તેમાં પાત્રો પણ સારી એવી સંખ્યામાં છે.

**અહિલોચન અને અભિમન્યુ**એ તો એક જ જીવના બે અવતાર છે. પૂર્વાપર આવતી આ બે વાર્તાઓમાં આ બન્ને પાત્રો મૂર્તિમંત અને જીવંત રીતે રજૂ થાય છે. બન્નેમાં ઘણું સામ્ય છે. બન્નેમાં નવજાતયૌવન વીરનાં

પરાક્રમની વાર્તા છે. નાની ઉંમરને લીધે બન્નેમાં એક પ્રકારની આકર્ષક મુગ્ધતા છે, તો અવસ્થાના પ્રમાણમાં અતિશય એવી વિસ્મયકારક પરાક્રમશીલતા પણ છે બન્નેને વિરોધી તરીકે કૃષ્ણ સાથે જ પનારો પડે છે. બન્ને અસાધારણ શક્તિશાળી હોવા છતાં કૃષ્ણની કપટલીલાના ભોગે મૃત્યુ પામે છે. એકને યુદ્ધગમન પ્રસંગે રોતી માતાએ વળાવ્યો છે, તો બીજાને નવોઢા પત્નીએ! આ બંનેમાંથી એકેય પાછા ફરતા નથી. એક પિતાનું વેર લેવા નીકળે છે, બીજાનું વેર તેના પિતા લે છે. આમ આ એક જ જીવના બે અવતારમાંનાં વ્યક્તિ વચ્ચે તેમ જ તેમના કથા પ્રસંગો વચ્ચે ઘણું સામ્ય છે. એક દાનવ છે. અને બીજો દાનવનો અંશ હોવા છતાં અર્જુનનો પુત્ર છે. એટલે કવિની (અને આપણી પણ) લાગણી એ બન્ને પ્રત્યે જુદી જુદી છે. આ લાગણીફેરને લીધે બન્નેનાં નિરૂપણમાં પણ ફેર પડી જાય છે. જેમ કે, કૃષ્ણ પણ જેની સાથે સીધું યુદ્ધ કરવાની હામ ન ભીડે એવો અહિલોચન સ્વશક્તિનો પરચો તો પેટીમાં પુરાયા પછી પણ બતાવે છે અને ત્યારે તે પેટીમાં પુરાયલો હોવા છતાં પણ કૃષ્ણને ગુફામાં સંતાવું પડે છે. તેમ છતાં અહિલોચનની વાત ક્યારેય વીરની પરાક્રમકથા બનતી નથી, અહિલોચનના અવસાન પછી પણ એકના એક પુત્રવાળી વિધવા માતાનું શું થયું હશે? એની કલ્પના કરવા પણ કવિ થોભ્યા નથી. અહીં કૃષ્ણની કુટિલ નીતિને પણ આપણે ચાતુરીકથા તરીકે જ અનુભવીએ છીએ.

જ્યારે અભિમન્યુનાં પરાક્રમો કવિએ મુક્ત કંઠે કર્યાં છે! કેમ કે આખ્યાન અભિમન્યુનું છે, અહિલોચનનું નહિ! અભિમન્યુ વાર્તાનાયક હોવાથી અને વળી તે દાનવાંશી છતાં પાંડવકુળનો અને અર્જુનનો પુત્ર હોવાથી કવિને/આપણી આખી પ્રજાને! - એના પ્રત્યે આવો પક્ષપાત હોય જ!

**અભિમન્યુ**નું પાત્ર તો તેની અવસ્થા/મુગ્ધતા, અસાધારણ વીરતા અને ઉત્તરાપ્રસંગના આછા શૃંગારમાંથી અંતે પ્રગટતી કરુણતાથી આકર્ષક છેજ. જોકે પ્રમાનંદે રજૂ કરેલ અભિમન્યુ કોઈ વિશિષ્ટ વિલક્ષણ વ્યક્તિત્વ પ્રગટ કરે છે. મહાભારત કથા અને લોકપરંપરાના પરિચયથી જે મૂર્તિ આપણી કલ્પનામાં છે તેનાથી કૈંક વિશિષ્ટ રીતે એનું વર્ણન આપણને અહીં મળે છે. અભિમન્યુના પાત્રનિર્માણમાં કવિની સર્જક પ્રતિભાનો વિશેષ પ્રગટતો

અનુભવાય છે. એનું વ્યક્તિત્વ, વીરત્વ, આત્મવિશ્વાસ, યુદ્ધમાં જવાની એની તાલાવેલી, વગેરે...જુદી રીતે અને સકારાત્મકતાથી અહીં રજૂ થયું છે. અભિમન્યુ સાથે પૂર્વ પરિચયજન્ય અસર બાદ કરીએ તો આ કૃતિના વાચનને પરિણામે આપણને અભિમન્યુ સાથે કશોક અંગત સંબંધ બંધાતો હોય એવું લાગે, એના શોર્ય અને વીર્યનો અહીં પરચો મળતો જણાય છે. અભિમન્યુની વિરોચિત વાણી એના પાત્રને ઉપસાવી આપવામાં સહાયભૂત થાય છે. જ્યારે અભિમન્યુના અવસાનથી કાવ્યમાં કરુણનું વાતાવરણ પ્રસરે છે.

**ઉત્તરા**નું પાત્ર તેને વાર્તાની નાયિકા ગણીએ તો ઘણું મહત્ત્વનું ગણાય. પણ આ કૃતિ અભિમન્યુની કથા છે. આથી એને પ્રારંભનો મોટો ભાગ પૂર્વ કથા રોકે છે જ્યારે અંતનો ભાગ યુદ્ધકથાનો છે, અને વચમાં જ્યાં ઉત્તરા સાથે અભિમન્યુના લગ્નનો પ્રસંગ આવે છે ત્યાં પણ કવિનું નિરૂપણ અભિમન્યુ તરફી રહ્યું છે. એટલું જ નહિ પણ કવિએ એ પ્રસંગને લગ્નના રીતરિવાજો વગેરેથી ભર્યો છે. એટલે આ બધામાં ક્યાંય ઉત્તરાના-પાત્રને કવિએ વધુ ઝળકવાનો મોકો આપ્યો નથી.

અભિમન્યુના યુદ્ધગમન પ્રસંગે જ ઉત્તરાનું થોડું વર્ણન કરવામાં આવે છે. આ કપરી વેળાએ પણ દુઃસ્વપ્નના અને અપશુકનના પડછાયા વચ્ચે ઉત્તરાના વ્યક્તિત્વની એક આછેરી ઝલક આપણને મળે છે. ઉત્તરા-અભિમન્યુનું મિલન તથા મિલનાન્તે ઉત્તરાની વિદાય એ ખંડમાં આ આશાભરી નવોઢાનો આપણને પરિચય થાય છે, નવોઢાની કોડભરી મુગ્ધ-પ્રસન્ન છબિ પ્રેમાનંદે આપણી સામે રજૂ કરી છે. ઉત્તરા-અભિમન્યુનું આ સુંદર યુગલ જે થોડોક શૃંગાર પ્રગટાવે છે તે મૃત્યુના ઓળા નીચે હોવાથી કરુણમિશ્રિત થઈ જાય છે. યુદ્ધક્ષેત્ર પર પ્રવેશતી ઉત્તરાનું, તેની અન્ય પર થતી અસર દ્વારા કવિએ કુશળ ચિત્ર આલેખ્યું છે, તથા અભિમન્યુને થતું આકર્ષણ અને પછી ઉત્તરાનું મિલન પણ રણભૂમિના વાતાવરણમાં સહેજ શૃંગારની ઝલક ઉમેરે છે. આ ઝલક થોડીવાર પ્રસન્નતા અને પ્રસન્નતા અનુભવાય છે, પણ અભિમન્યુને વિદાય આપતી – ઉત્તરાની મનઃ સ્થિતિ જુઓ –

આંખડી મારી જમણી ફરકે, હૃદય મારું ઉચાટે ઉધરકે;
હું કેવો દેખીશ સંધ્યાકાળ, તેણે મારા પેટમાં પડે છે ફાળ. ૧૧

પિયુજી! શું થાશે રે, મારા પિયુજી! શું થાશે?
આજનો દહાડો મારો ક્યમ જાશે? પિયુજી! શું થાશે રે?

(ક. ૩૬ )

-આવી ચિંતાશીલ મુદ્રા આપણા હૃદયને આર્દ્ર કરે છે, અને તેમાં આથમતી સંધ્યાનો વિષાદ વરતાય છે. અભિમન્યુના અવસાન પછીના ઉત્તરા-વિલાપને કવિ આલેખતા નથી પણ અભિમન્યુના પરાક્રમ અને મૃત્યુના કારુણ્યને ઘેરુ બનાવવા માટે ઉત્તરાનો કવિએ સહારો લીધો છે. અહીં ઉત્તરા નાયિકા સ્થાને નથી. પરંતુ પ્રમાણમાં તે અભિમન્યુકથાને વધુ નિખાર આપતું/ તેને સમૃદ્ધ કરતું એક સહાયક પાત્ર બને છે. જોકે એના સંદર્ભમાં જ રાયકાઓ. સ્વપ્નો, અપશુકનો, સુદેષ્ણાની શીખ, યોદ્ધાઓનો મોહ વગેરેનાં ચિત્રો સુંદર/રસિક રીતે અપાયાં છે.

અન્ય સ્ત્રી પાત્રોમાં અહિલોચનની ચિંતાતુર માતા કે પુત્રને વારતી. - યુદ્ધ સમયે પુત્રપ્રેમને કારણે શસ્ત્રો શોધવાને બદલે શસ્ત્રોને સંતાડતી. પુત્રને મળવા પુત્રવધૂને ઉતાવળે આમંત્રણ મોકલતી-સુભદ્રા વગેરે ગૌણ પાત્રો છે, તો પુરુષ પાત્રોમાં પણ પુત્રવિરહે આંસુ સારતો, જયદ્રથવધની પ્રતિજ્ઞા કરતો અને અંતે જયદ્રથનો વધ કરતો અર્જુન, પાત્ર તરીકે વિશેષ્ટ વ્યક્તિત્વથી મૂર્તિમંત થયો છે. પાંડવો અને કૌરવો કે દ્રોણ વગેરે તેમને પાત્ર કહી શકાય એટલું/એવું વ્યક્તિત્વ અહીં ધારણ કરતા નથી. તે તો પૂર્વ પરિચિત વ્યક્તિઓ રહે છે, જેમને નામ દ્વારા જ આપણે ઓળખીએ છીએ.

આ આખ્યાન/કાવ્યમાં સ્વતંત્ર વ્યક્તિશાળી પાત્ર તરીકે અહિલોચન-અભિમન્યુ પછી મહત્ત્વનું સ્થાન જો કોઈ ધરાવતું હોય તો તે છે કૃષ્ણ.

કૃષ્ણ અહીં પુરાણપુરુષ, દેવાવતાર મહાભારતના સંચાલક, વિરાટવ્યક્તિ કે ગીતાગાયક તરીકે પ્રગટતા નથી. અહિયાં કૃષ્ણના વ્યક્તિત્વમાં ચમત્કારશક્તિ છે પણ ક્યાંય દિવ્યતા કે ભવ્યતા/ઉદાત્તતાનાં દર્શન આ આખ્યાનમાં થતાં નથી. પણ કુટિલ અને ખટપટિયા તરીકે જ એ પ્રગટ થાય

છે. આ મહાશક્તિશાળી ચક્રધર અહીં અહીંલોચન સામે ટકી ન શકવાનો ભય સેવી તેને કપટથી જ માત કરવા/પેટીમાં પુરાયેલા અહિલોચનના ઉત્પાતથી બચવાનો રસ્તો શોધી કાઢે છે. અહિલોચનના અભિમન્યુ અવતારને તે સીધેસીધું તો કાંઈ કહી/કરી શકે તેમ નથી કારણ કે સંબંધમાં અભિમન્યુ પાંડવપુત્ર અને પોતાનો ભાણેજ છે. આ કારણે અભિમન્યુ યુદ્ધમાં હણાય એને માટે અનેક કુટિલ રસ્તાઓ લે છે. ઉત્તરા-અભિમન્યુ લગ્નમાં વિઘ્ન લાવવાં, ઉત્તરા સમયસર આવી ન પહોંચે તે માટે પ્રયત્નો કરવો, રાખડી તોડાવવી અને યુદ્ધ સમયે કૌરવપક્ષને પણ મદદરૂપ થાય તેમ અભિમન્યુની વિરુદ્ધ કુટિલતા દાખવવી. આ બધામાં જ રત એવા કૃષ્ણનો આપણને આમાં પરિચય થાય છે. અહિલોચનને છેતરવા કે અભિમન્યુને ભરમાવવા બ્રાહ્મણવેશે જતા કૃષ્ણના ચિત્રમાં સ્વાભાવિકતા, ચિત્રાત્મકતા, તથા હાસ્યના અંશો છે એ ખરું, પણ તે ચિત્ર પાત્રને ગૌરવ નથી જ આપતું પરંતુ કૃષ્ણના કુટિલચરિત્ર પાત્રાલેખનમાં પરિણમે છે.

પૂર્વ કવિઓ કરતાં પ્રેમાનંદે અહિલોચનકથાનો વિસ્તાર અધિકતર કર્યો છે. જયદ્રથવધ- પ્રસંગ ટૂંકમાં પતાવ્યો છે તે ઉચિત છે, કારણ કે એ પ્રસંગ સમગ્ર આખ્યાનના માત્ર ઉપસંહાર તરીકે આવે છે.

**(૫)**

અહીં બીજી વાત પણ નોંધાવા જેવી છે કે માત્ર કૃષ્ણના પાત્રમાં જ નહિ પણ અન્ય પ્રસંગચિત્રણો વગેરેમાં પણ કવિની સમાજાભિમુખતાને પરિણામે થતું સમકાલીન/તત્કાલીન સમાજચિત્રનું નિરૂપણ પ્રગટ થાય છે. દ્વારકાધીશ કૃષ્ણના ઘરસૂત્રને પણ તે સમયના સામાન્ય ઘરમાં પ્રવર્તતા વહેમો અને રૂઢિઓથી ખદબદતું દેખાડવામાં કવિ પ્રેમાનંદને અહીં બાધ નથી આવ્યો! સુભદ્રાનો ‘છુટકારો’ નથી થતો ત્યારે પીડા મટાડવા અને બાળકનો પ્રસવ કરાવવા દ્વારકાધીશ કૃષ્ણને ઘેર પણ ભૂવા જાગરિયા તેડાવવામાં આવે છે! જુઓ –

વાત સાંભળી આવ્યા વીરો, સુભદ્રાને જાણી અસાધ્ય;
ભૂવા ખાતરિયા તેડાવ્યા, આવ્યા એકે સાદ. ૧૬

તંત્રમંત્રને જંત્ર કરીને, પાયે મંતરી પાણી;
દંભી દંભ કરીને વાળીયા, વેદના નવ જાણી. ૧૭

(ક. ૧૯ )

આ નિરૂપણ આગળ શુકન - અપશુકન અને દુ:સ્વપ્નોની વાત તો કદાચ ઓછી પ્રાકૃત લાગે! અભિમન્યુ ગુરુદ્રોણ અને કૃપાચાર્ય માટે 'કણવટિયા' સંબોધન વાપરે વગેરેમાં ભારોભાર પ્રાકૃતતા નીતરે છે. આમ, સમકાલીન લોકમાનસનું નિરૂપણ કરવામાં કવિ કુશળ છે.

સુભદ્રાની સગર્ભાવસ્થા તથા સીમંત પ્રસંગના વર્ણનમાં કવિએ કલમને છુટ્ટી મૂકી છે. અને લગ્નપ્રસંગને તો વિગતે આલેખે છે. કવિને સામાજિક રિવાજો વર્ણવવામાં ભારે રસ છે. જુઓ-

'આ તો રૂડું ને રઢિયાળું રે, જાન લાવ્યા શ્રીજદુપતિ રે.'
(ક. ૨૩/આખું કડવું)

-માં લગ્નપ્રસંગ, તેની વિગતો અને સામાજિક રિવાજોનો જ વિસ્તાર છે.

સુભદ્રા પાસે પેટી ઉઘડાવવાની લાલચો આપતી ભાભીઓ કાર્ય પતી ગયા પછી જે જુદાં જુદાં બહાનાં બતાવીને નણંદને ભેટ આપેલી વસ્તુઓ પાછી લઈ લે છે એ સઘળી વિગતોનું વર્ણન/નિરૂપણ પ્રેમાનંદની માનસ સ્વભાવની ઓળખ/પકડનું સારું દર્શન કરાવે છે. કૃષ્ણની રાણીઓમાં પણ આવી લોકરંજકતાની પ્રતીતિ થાય છે. જેમકે –

માન દેઈ અપમાન માંડ્યું, વસ્તુ પેટીની જાણી;
મૂળગું વસ્ત્ર જે સુભદ્રાનું ભાભીએ લીધું તાણી! ૧૭

બડબડતાં બોલ્યા સુભદ્રા 'હું ઘણી માનું મોટી;
હવે સાલ્લા સોતી જાવા દ્યો ભાભીની ભાવજ પહોતી.' ૧૮

(ક. ૧૫ )

'ભાભીની ભાવજ પહોતી' કહેનાર સુભદ્રા અને રાણીઓ વચ્ચેનો નણંદ ભોજાઈનો સંબંધ સમાજને ગમી જાય તેવો હશે, પણ પેલાં પાત્રોને માટે કૃષ્ણનાં કુટુંબીજનો – માટે તો ગૌરવપ્રદ નથી જ. આ સમગ્ર આખ્યાનમાં કદાચ સૌથી વધુ પ્રાકૃતીકરણ કૃષ્ણ અને તેમના કુટુંબનું થયું હોય એવું લાગે છે! કૃષ્ણ, વસુદેવ, સુભદ્રા, રાણીઓ બધાં કોઈ મધ્યકાલીન ગુજરાતી ઘરની જ પ્રાકૃતતા પ્રગટ કરતાં દેખાય છે!

આમ, આવા બધા પ્રસંગો અને પાત્રો વગેરેના નિરૂપણમાં ઔચિત્ય, રસાત્મકતા, નિરૂપણરીતિમાં પ્રૌઢિ અને આભિજાત્ય આ બધી બાબતોમાં પ્રેમાનંદને વિકાસ જણાઈ આવે છે.

**(૬)**

કલ્પનાશીલતાથી અલંકારોના ચમત્કાર આ પછીની કૃતિઓમાં મળે છે તેવા આ કૃતિમાં ન જ હોય એ સ્વાભાવિક છે. છતાં અહિલોચનને પેટીમાં પેસવા કૃષ્ણ લલચાવે છે ત્યારે–

જેમ <u>તેતરને તેડે વાઘરી,</u> એમ કાળે પેટી આગળ ધરી.
જેમ <u>મ્યાન વિશે પેસે તલવાર,</u> તેમ દૈત્ય પેઠો પેટી મોઝાર. ૧૮
(ક. ૧૦)

અને—

જેમ <u>સર્પને સૂંઘાડે જડી,</u> કંડિયા માંહે ઘાલે ગારુડી; ૧૯
(ક. ૧૦)

અથવા યુદ્ધક્ષેત્રને વર્ણવતાં—

કુરુક્ષેત્ર લોહિયાળું દીસે, <u>જેહેવા ફાગણના પલાશ.</u> ૧૩
(ક. ૪૮)

તેમજ ઘવાયેલા અભિમન્યુનું ચિત્ર આલેખતાં—

પલાશ ફૂલ્યો ફાગણ માસે એવી દીસે દેહ; ૭

(ક. ૪૯ )

કે–

બહુ પારધીએ પોપટ વીંધ્યો, તરફડે વનમાંય; ૮

(ક. ૪૯ )

અને—

અકળાઈ પૃથ્વી પર પડ્યો, જાણે ભાંગ્યો ચંપા છોડ. ૨૬

(ક. ૪૯ )

—આવા અલંકારના ચમકારામાં આપણને કવિની શક્તિનો પરિચય મળી જાય છે. અભિમન્યુ મરતાં પાંડવોનો શોક કરુણરસનો ચમકારો આપી જાય છે.

એક પછી એક વધતી ગતિવાળી સાંઢણીઓ રજૂ કરતા રાયકાઓમાં ક્રમનો ઉપયોગ સુંદર છે, તો પેટીમાં પેસવા જતાં માની શિખામણ સ્મરી બ્રાહ્મણવેષી કૃષ્ણ પ્રત્યે બે વાર વહેમાઈ ખચકાતા અહિલોચનનો પ્રસંગ પણ કુતૂહલને સરસ વળ આપે છે.

**(૭)**

'અભિમન્યુ-આખ્યાન' વિસ્તૃત કૃતિ છે. એમાંનું ઘટનાવૈવિધ્ય રસનિરૂપણ અને રસવૈવિધ્યને માટે અનુકૂળ છે. આ સમગ્ર આખ્યાન સમગ્ર દૃષ્ટિએ, આગળ કહ્યું તેમ, પ્રેમાનંદની પ્રારંભ દશાની મર્યાદાઓ તેમ જ તેની ભવિષ્યમાં પ્રગટ થનારી પ્રતિભાના અણસાર દર્શાવે છે. આ આખ્યાનમાં રુચિકર વર્ણનખંડો અને ખાસ કરીને અહિલોચન-કૃષ્ણ, ઉત્તરા-અભિમન્યુ વગેરે અનેક પાત્રો વચ્ચેના સંવાદખંડોથી શોભે છે. સંવાદમાં વાતચીતની લઢણ અને વિશિષ્ટ લહેકાઓ ગમી જાય એવાં છે. કવિને રસ છે શ્રોતાઓને પોતીકા લાગે એવા પ્રસંગોને વર્ણવવામાં/બહેલાવવામાં. ઉપરાંત વિવિધ પ્રસંગોને આધારે વિવિધ રસોનો આવિર્ભાવ પણ અનુભવી શકાય છે.

આખ્યાનમાં પ્રધાન રસ વીર અનુભવાય છે, અભિમન્યુનું ઉત્સાહી

પાત્ર વીર રસ માટે અનુકૂળ આલંબન છે. ચક્રવ્યૂહના વિસ્તૃત અને વિગતપૂર્ણ નિરૂપણમાં પરિણમતી આ કથા પ્રધાનપણે અભિમન્યુની વીરગાથા જ છે. આપણા માનસ પર પણ અભિમન્યુનાં યુદ્ધ પરાક્રમોની છબીઓ અંકિત થાય છે. આમ કાવ્ય વીરરસ પ્રધાન છે. ધમધમાટ ખડખડાટ કરતા અનુરણાત્મક શબ્દ, પરસ્પર ગાજતા, હાકલો ભર્યા યોદ્ધાઓના સંવાદો અને ઊડતાં ઊછળતાં ફેકાતાં શસ્રો-અસ્રોના અદ્ભુતમિશ્રિત વર્ણનો વીરરસને જગાડવામાં સફળ થાય છે.

કાવ્યના પ્રારંભમાંનું અજ-કૃષ્ણનું યુદ્ધ તથા અહિલોચનનું દ્વારકાગમન સમયનું તાદૃશ્ય, અને ચિત્રાત્મક વર્ણન વીર રસપોષક છે. અંતે જયદ્રથવધનો પ્રસંગ પણ વીર રસનો અનુભવ કરાવે છે. ઉપરાંત અદ્દભુત રસ આ સમગ્ર કાવ્યમાં સ્વતંત્ર રીતે અનુભવાતો તેમ જ વીર સાથે મિશ્રિત થયેલો જણાય છે. અહિલોચનનું દાનવવ્યક્તિત્વ તથા વજ્રપિંજર વગેરે તેમ જ પેટીમાં પુરાયા પછીનો તેનો ઉત્પાત, તેનો સુભદ્રા-ગર્ભ પ્રવેશ અને ત્યાર પછીની અભિમન્યુજન્મ સુધીની ઘટનાઓ અદ્ભુતનાં પોષક છે. તો બીજી બાજુ ઉત્તરાનું સ્વપ્ન અને તેને થતા અપશુકનો પણ અદ્ભુતમાં વધારો કરે છે. દિવ્ય શાસ્ત્રાસ્ત્રોથી ખેલાતું કુરુક્ષેત્ર યુદ્ધ અને તેમાં પ્રગટતી દૈવી આસુરી શક્તિઓમાં અદ્ભુત તો છે જ પણ ત્યાં તે વીરને અધિક પ્રભાવક બનાવવામાં મદદરૂપ થાય છે.

ઉત્તરા-અભિમન્યુ પ્રસંગમાં અતિ ઉત્કટ નહિ એવો શૃંગાર, તેમાંની કરુણ છાયા તથા અભિમન્યુના અવસાનથી પ્રગટતો કરુણ એક રીતે વીરને જ વધુ ઘેરો કરનાર નીવડે છે. અહિલોચનની માતા અને સુભદ્રા વાત્સલ્યની છાંટ લાવે છે તો કૃષ્ણનો બ્રહ્મણવેશ સહેજ/સહજ હાસ્ય ફરકાવી જાય છે.

અભિમન્યુ-આખ્યાનમાં ભક્તિ, ધર્મ, નીતિની લક્ષ્યદૃષ્ટિ કે ઉપદેશપરાયણતા ઓછી જણાય છે. કૃષ્ણનું પાત્ર તો અહીં વિપરીત રૂપે પ્રત્યક્ષ થાય છે અને અભિમન્યુનું ચરિત્રચિત્રણ ધર્મ, નીતિ, ભક્તિને નહિ, પણ પરાક્રમવૃત્તિને પોષનારું દેખાય. સમગ્રતયા ‘અભિમન્યુ-આખ્યાન’ વીરરસના કાવ્ય/ આખ્યાન તરીકે અનુભવાય છે.

## સંપાદિત પાઠ વિષે

આ પાઠ સંપાદન કરતાં પહેલાં –

૧) 'અભિમન્યુ આખ્યાન' પ્રેમાનંદ સં. ૧૭૨૭-૨૮ (ઈ.સ. ૧૬૭૧-૭૨) પ્રગટ, સંપા. ઈ.સૂ. દેસાઈ, બૃ.કા.દો.-૨ ઈ.સ. ૧૮૮૭ અને સંપા, હ, દ્વા, કાંટાવાળા તથા નાથાલાલ શાસ્ત્રી, પ્રા.કા.માળા-૩૩

૨) 'અભિમન્યુ આખ્યાન', સંપા. ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ, બૃહત કાવ્યદોહન, ગ્રંથ બીજો, ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસઃ મુંબઈ, ૧૮૮૮. પૃ. ૧૨૭-૨૦૧.

૩) પ્રેમાનંદનાં ત્રણ આખ્યાન ૧. ચંદ્રહાસ આખ્યાન, ૨. સુધન્વા આખ્યાન અને ૩. અભિમન્યુ આખ્યાન. સંપાઃ કે. કા, શાસ્ત્રી અને ચૈતન્યબાળા દિવેટિયા, ગુજરાતી સાહિત્ય પરિષદ; અમદાવાદ, ૧૯૬૦, પૃ. ૨૯૦.

૪) 'અભિમન્યુ આખ્યાન' સંપા. ચિમનલાલ ત્રિવેદી અને રતિલાલ સાં. નાયક, અનડાઃ અમદાવાદ, ૧૯૬૭, પૃ. ૧૫૮.

૫) 'પ્રેમાનંદકૃત અભિમન્યુ-આખ્યાન', સંપા. વિનોદ અધ્વર્યુ, સોમાભાઈ પટેલ અને કાન્તિલાલ શાહ, મેસર્સ બી, એસ, શાહ વતી બબાલાલ સોમચંદ શાહઃ અમદાવાદ, ૧૯૬૭, પૃ. ૧૪૦.

૬) 'કવિ પ્રેમાનંદકૃત અભિમન્યુ-આખ્યાન', સંપાઃ હસુ યાજ્ઞિક, પ્રથમ આવૃત્તિ, પાર્શ્વ પબ્લિકેશનઃ અમદાવાદ, પૃ. ૧૯૧.

ઉપરોક્ત છ સંપાદનોમાંથી એક પાઠને મુખ્ય પાઠ તરીકે પસંદ કરવાનો હતો જેમ ક્રમાંક ૧ અને ૨ના અભિમન્યુ આખ્યાનના પાઠોમાં પ્રક્ષેપો હોવાથી એ પાઠ પસંદ કરેલા નથી જ્યારે ક્રમાંક ૩. હેમચંદ્રાચાર્ય સ્મારક ગ્રંથમાળા, ગ્રન્થ-૧, "પ્રેમાનંદનાં ત્રણ આખ્યાન ૧.ચંદ્રહાસ આખ્યાન, ૨. સુધન્વા આખ્યાન અને ૩. અભિમન્યુ આખ્યાન." સામાન્ય સંપાદક સ્વ.

અધ્યા. રામનારાયણ વિ. પાઠક, અધ્યા, કેશવરામ કા. શાસ્ત્રી (બાંભણિયા), સંપા : કે. કા, શાસ્ત્રી અને ચૈતન્યબાળા જ. દિવેટિયા, ગુજરાતી સાહિત્ય પરિષદ; અમદાવાદ, ૧૯૬૦, પૃ. ૨૯૦-માં સંપાદક તરીકે નામ ભલે શ્રી કે. કા, શાસ્ત્રીનું હોય પણ એ પાઠ એમણે સંપાદિત કરેલો નથી પણ સહસંપાદક શ્રી ચૈતન્યબાળા જ. દિવેટિયાએ જ કરેલો છે (જુઓ આ ગ્રંથનું સંપાદકીય), જ્યારે ઉપરોક્ત ક્રમાંક ૬. ‘કવિ પ્રેમાનંદકૃત અભિમન્યુ-આખ્યાન’, સંપા : હસુ યાજ્ઞિક, પ્રથમ આવૃત્તિ, પાર્શ્વ પબ્લિકેશનઃ અમદાવાદ, પૃ. ૧૯૧. વાળો પાઠ વાંચતાં ખ્યાલ આવ્યો કે આ પાઠ સિધ્ધો જ શબ્દશઃ શ્રી હસુ યાજ્ઞિકે સંપા : કે, કા, શાસ્ત્રી અને ચૈતન્યબાળા જ. દિવેટિયા, ગુજરાતી સાહિત્ય પરિષદ; અમદાવાદ, ૧૯૬૦, પૃ. ૨૯૦ માંથી જ લીધેલો છે અને ફક્ત કડવેંઓનું ગદ્યાંતર અને વિવરણ કરીને પુસ્તકાકારે પ્રગટ કરેલું છે. જ્યારે ક્રમાંક ૪. ‘અભિમન્યુ આખ્યાન’ સંપા. ચિમનલાલ ત્રિવેદી અને રતિલાલ સાં. નાયક, અનડા : અમદાવાદ, ૧૯૬૭, પૃ. ૧૫૮. અને ૫. ‘પ્રેમાનંદકૃત અભિમન્યુ-આખ્યાન’, સંપા. વિનોદ અધ્વર્યુ, સોમાભાઈ પટેલ અને કાન્તિલાલ શાહ, મેસર્સ બી, એસ, શાહ વતી બબાલાલ સોમચંદ શાહ : અમદાવાદ, ૧૯૬૭, પૃ. ૧૪૦. આ બંને સંપાદનો ઈ.સ. ૧૯૬૪માં થયેલાં અને એકસરખાં જ હોવાને નાતે અહીં મૂળ પાઠ તરીકે ક્રમાંક ૫, ‘પ્રેમાનંદકૃત અભિમન્યુ-આખ્યાન’, સંપા. વિનોદ અધ્વર્યુ, સોમાભાઈ પટેલ અને કાન્તિલાલ શાહ, મેસર્સ બી, એસ, શાહ વતી બબાલાલ સોમચંદ શાહ : અમદાવાદ, ૧૯૬૭, પૃ. ૧૪૦-નો સ્વીકાર કર્યો છે.

* * *

# આખ્યાન-કાવ્યનું સ્વરૂપ અને વિકાસગતિ

## ભૂમિકા – મધ્યકાલીન કથા-પરંપરા

ગુજરાતીની કથા-કથન-પરંપરા વિવિધ રૂપે વિલસી હતી. એની લાંબી સમૃદ્ધ પરંપરા રહી છે. જૈન કવિઓની ચરિત્રાત્મક કથાઓ **'રાસા'** નામે ઓળખાતી. જેમ કે ભરતેશ્વર બાહુબલિરાસ. એમાં કથાના નિમિત્તે સાંપ્રદાયિક ધર્મબોધ કેન્દ્રમાં રહેતો એ કારણે સંપ્રદાયમાં એનું ઝાઝું મહત્ત્વ રહેતું એ ખરું, પણ એમાં કથા પણ શ્રોતાઓને માટે એટલી જ રસપ્રદ રહેતી. પુરાણીઓ જે કથા કહેતા એમાં પૌરાણિક કથાઓ અને ચરિત્રોની ભવ્યતા પ્રભાવક બનતી. એના પરથી**ચરિત/ ચરિત્ર** નામનું કથા-રૂપ વિકસ્યું. જેમ કે જંબુસ્વામી ચરિત્ર. ત્રીજો પ્રકાર લોકવાર્તા કે **પદ્યવાર્તા**નો.શામળની લોકવાર્તાઓમાં મનોરંજન ભરપૂર હતું પરંતુ એની કૌતુકમય સૃષ્ટિ વાસ્તવિક કરતાં વધુ રંગદર્શી રહેતી હતી.

## આખ્યાનનો વિશેષ

એટલે, જીવાતા જીવનની સમાન્તરે રહીને આનંદદાયક બની શકે એવો કાવ્યપ્રકાર તો આખ્યાન જ હતો. એક તરફ એમાં ધાર્મિક-પૌરાણિક કથાનકોની ભવ્યતા ને પ્રેરકતા હતી જે આનંદ સાથે ધર્મલાભ પણ આપતી. તો બીજી તરફ એમાં તત્કાલીન જીવનની વિવિધ ભાતો હતી – શ્રોતાઓને આખ્યાન-કથાનકોનાં પ્રસંગો-પાત્રોની રજૂઆતમાં પોતાના જીવનનું પ્રતિબિંબ પણ દેખાતું. આખ્યાનમાં પ્રસંગોની ખીલવણી થતી ને પાત્રોનાં ઘેરાં ને વિસ્તારિત ચિત્રો આલેખાતાં; વનનાં, સ્થળનાં, પાત્રોનાં રસદાયક વર્ણનો થતાં; પાત્રો વચ્ચેના સંવાદો આલેખાતા; કથનની સાથે અભિનયનું તેમજ ગાયનનું તત્ત્વ પણ એમાં ઉમેરાતું.

આખ્યાનકાર અસરકારક ને ભાવવાહી કથન કરતો; સંસ્કૃત શૈલીની ભવ્યતા ઉપસાવતાં પ્રસંગાલેખનો કરતો; ક્યારેક છટાથી પાત્રો-પ્રસંગોની તીવ્ર રેખાઓ દોરતો ને તળપદા લહેકાથી પાત્રના ભાવોને તાદૃશ કરી આપતો; કથાની વચ્ચે આવતા લાગણીના ઉદ્રેકોને પદ-ગાનથી પણ અસરકારક બનાવતો. આખ્યાનકારોમાં માણભટ્ટો પણ હતા ને એ માણ (ધાતુની ગાગર) પર તાલ દઈને કથન-ગાનમાં શ્રોતાઓને તદ્રૂપ કરતા.

આ બધાને કારણે આખ્યાન વિવિધ વય-રુચિના શ્રોતાસમુદાયને મંત્રમુગ્ધ કરનારું મધ્યકાલીન સ્વરૂપ બન્યું હતું – નાટકની જેમ એ ભિન્નરુચિના સર્વ મનુષ્યોનું તૃપ્તિભર્યું સમારાધન કરતું.

### સંસ્કૃતિનું જતન

આખ્યાનોએ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંસ્કૃતિનું જતન કરવાનું વિશિષ્ટ કાર્ય પણ બજાવેલું. પ્રજાનો મોટો વર્ગ નિરક્ષર હતો. એથી ધર્મગ્રંથો, મહાકાવ્યો આદિ દ્વારા ધર્મ-જ્ઞાનના વારસાનું જાતે આકલન કરવાનું ને એ રીતે દૃષ્ટિને સ્થિર ને વિકસિત રાખવાનું એને માટે શક્ય ન હતું. ત્યારે આખ્યાનોએ પૌરાણિક-ઐતિહાસિક ચરિત્રોનાં – નરસિંહ, ચંદ્રહાસ, રામ, સીતા, નળ ,દમયંતી, કૃષ્ણ, આદિનાં – રસપ્રદ ને સાક્ષાત્કારક આલેખનો દ્વારા ધર્મ અને જીવનના આદર્શો સામાન્ય પ્રજાજનોમાં જીવતા રાખવાની ને એ રીતે એમની ધર્મશ્રદ્ધાને તથા એમની સંસ્કારિતાને સંકોરતા જવાની અપ્રતિમ સેવા બજાવી છે. પદ-ભજનાદિ ઊર્મિકવિતાથી જેમ પ્રજાની ધર્મકેન્દ્રીતા જળવાઈ એ જ રીતે આખ્યાન આદિ કથાત્મક કવિતાથી એમનામાંનો સંસ્કૃતિ-શ્રદ્ધાનો તાર જીવંત રહ્યો, સંસ્કારિતા પોષાતી રહી અને વિધર્મી આક્રમણો વખતે પણ આંતરિક બળથી ટકી રહેવાની એક પોષક શક્તિ એમને મળતી

રહી.

ધર્મશ્રદ્ધા ભલે જીવનના કેન્દ્રમાં રહેલી હોય પણ જીવાતું જીવન કદી એક-વિધ રહી શકતું નથી. પ્રજાની ઉત્સવપ્રિયતા વિવિધતાનો એક મોટો સ્રોત બનતી હોય છે – એ ઉત્સવો ધાર્મિક પણ હોય અને સામાજિક પણ હોય. જન્મ, લગ્ન, સીમંત આદિ ઉત્સવોનું રૂપ જેટલું સામાજિક એટલું જ ધાર્મિક પણ રહેતું હતું. કૃષ્ણ-જન્મ, રુક્મિણીવિવાહ, સીતાસ્વયંવર આદિ, પૌરાણિક પાત્રો સાથે સંકળાયેલા ઉત્સવોને પ્રજાએ પોતાના સામાજિક-પારિવારિક ઉત્સવો સાથે ઓતપ્રોત કરેલા છે. નરસિંહ મહેતાએ કરેલા મામેરાના 'વ્યવહાર' નરસિંહના સમયથી લઈને છેક પ્રેમાનંદના સમયમાં તે તે સમાજના રીતિ-રિવાજને પ્રતિબિંબિત કરતા રહ્યા છે. આખ્યાનકારોએ જેમ તત્કાલીન સમાજજીવનના આ રંગોનું વૈવિધ્ય ગ્રહણ કર્યું એમ જ એમના શ્રોતાસમુદાયે, આખ્યાનકારોએ ખીલવેલા આ પ્રસંગોમાંથી વળી પાછું વિશેષ પોષણ પણ મેળવ્યું હશે. સંસ્કૃતિની એ પણ એક વિશિષ્ટ ભાત છે ને આખ્યાન જેવાં સ્વરૂપોમાં ઝિલાતી ને પ્રસરતી રહે છે.

### સ્વરૂપનાં લક્ષણોનો ક્રમિક વિકાસ

આખ્યાનનું સ્વરૂપ નીપજાવવામાં એક તરફ મહાકાવ્યોની કથાઓ, પુરાણોની કથાઓ  તથા તે સમયના જૈન રાસાઓ – કથા-કથનની એક પરંપરા રચવામાં કંઈક પ્રેરક બન્યાં. પરંતુ આ બધા કરતાં આખ્યાન મધ્યકાલીન ગુજરાતીનું એક વિશિષ્ટ સ્વરૂપ પુરવાર થયું એ એના ચિત્રાત્મક વાર્તાકથનની લાક્ષણિકતાને કારણે. મહાકાવ્યોમાં પહોળે પટે થતાં કાવ્યાત્મક વર્ણનો કેન્દ્રમાં રહે, પુરાણોમાં કથાઓ અને આખ્યાયિકાઓનું વટવૃક્ષ વિસ્તારથી આકાર ધારણ કરતું હોય જ્યારે આખ્યાન કોઈ એક પ્રસંગને – ઉપાખ્યાનને – લઈને કે એક ચરિત્રને

લઈને ચાલતું હોય ને એ પ્રસંગ/ચરિત્રને બહેલાવીને રસાવહ કરવાની એની નેમ હોય. હેમચંદ્રાચાર્યે એમના **'કાવ્યાનુશાસન'** નામના ગ્રંથમાં આખ્યાન સંજ્ઞા ઉપાખ્યાન આદિના **અભિનયન્ પઠન્ ગાયન્**-માં જોયેલી એ બતાવે છે કે આવી કથા-રજૂઆતની એક પરંપરા હતી. પછીથી ગુજરાતી આખ્યાનમાં એ પરંપરા સ્વતંત્ર રીતે વિકસી.

**પદમાળાથી સંપૂર્ણ આખ્યાન તરફ**

ઊર્મિઆલેખન કરતા પદ જેવા પ્રકારોમાં પ્રસંગો ઉમેરાતાં ને સંકલિત થતાં કથાનું આછું રૂપ બંધાતું ગયું, એ આપણને સૌથી પહેલાં **નરસિંહ**માં જોવા મળ્યું. એનાં આત્મચરિતનાં પદો તથા 'સુદામાચરિત' પદમાળારૂપ આખ્યાનો તરીકે સંકલન પામતાં ગયાં. ભાલણના 'રામબાલચરિત'માં પણ વિવિધ ભાવ-પરિસ્થિતિ આલેખતાં પદો છે. પરંતુ આ વિદગ્ધ કવિ આપણો પહેલો એવો કવિ છે જેણે મોટા પ્રમાણમાં પૌરાણિક કથા-વિષયોનું આલેખન કર્યું. એની આવી રચનાઓમાં સૌ પ્રથમ કડવાબંધ (=પ્રકરણબંધ) જોવા મળે છે – કથાના પ્રસંગોની એક સાંકળ રચાય છે, ને એથી આખ્યાનને એક સુબદ્ધ કથાપ્રકાર તરીકેનો આકાર મળે છે. આ કારણે જ **ભાલણ**ને આખ્યાન-કાવ્યપ્રકારનો પિતા કહેવામાં આવે છે.

**નાકર**માં આખ્યાનનું માળખું વધારે સ્પષ્ટ બને છે. આખ્યાનના આરંભે 'મુખબંધ'ની પરંપરા હતી, નાકર કડવાને અંતે આવતા 'વલણ'થી એને ઘાટ આપે છે. પૌરાણિક કથાનકોમાં સમકાલીન જીવનરંગો ઉમેરવાનું પણ નાકરથી આરંભાય છે ને **પ્રેમાનંદ**માં એ પૂર્ણ રૂપ પામે છે.

**આખ્યાનનાં ઘટકો**

આખ્યાન એ સળંગ કથા નહીં પણ પ્રકરણ-બદ્ધ, એકબીજા

સાથે જોડાલાં જતાં પ્રકરણોમાં વિભાજિત કથા-કાવ્ય-પ્રકાર છે. એ પ્રકરણ એટલે **કડવું.** – આખ્યાનના વિવિધ પ્રસંગો એમાં પ્રકરણરૂપ પામે છે. કડવું શબ્દ સંસ્કૃત કડવક પરથી આવેલો છે.કડવું સામાન્ય રીતે ત્રણ ભાગમાં વહેંચાયેલું હોય – ૧. પ્રસંગનો આરંભ કરતી એક (કે બે) કડીઓનો પ્રસ્તાવનાદર્શી **'મુખબંધ'** (કેશવલાલ હ. ધ્રુવે એને માટે 'મ્હોડિયું' શબ્દ પણ યોજ્યો છે.) ૨. એ પછી કડવાનો મુખ્ય પ્રસંગાલેખન-અંશ. એને ઢાળ કહેવાય. કોઈ એક દેશી(રાગઢાળ)માં એ આલેખાયું હોય. ૩. કડવાને અંતે સમાપ્તિસૂચક **'વલણ'**ની એક કડી હોય, જે જુદા છંદ/દેશીમાં હોય. (વલણને ક્યારેક 'ઊથલો' પણ કહેવાય છે.) વલણના કેટલાક શબ્દો બીજા કડવાના 'મુખબંધ' માં પુનરાવર્તિત થતા હોય એવું પણ જોવા મળે. આ રીતે સાંકળ જેવી રચનાનો એક ઘાટ પણ ઊપસે છે. વિવિધ કડવાંમાં વિવિધ દેશીઓ યોજાઈ હોય, કોઈ કડવું ક્યારેક ઉદ્રેકસભર પદ રૂપે પણ આલેખાતું હોય. આખ્યાનના આરંભે – પહેલા કડવામાં – કવિ ગણપતિ, સરસ્વતી કે કોઈપણ ઈષ્ટદેવની પ્રાર્થના કરે ને કથાવસ્તુને નિર્દેશતું મંગળાચરણ કરે ને પછી શ્રોતાઓને કથાપ્રવાહમાં આગળ લઈ જાય. આખ્યાનના અંતે ધર્મલાભ માટેની ફલશ્રુતિ હોય, ક્યારેક આખ્યાન રચ્યાનાં વર્ષ-માસ-તિથિનો ને સ્થળનો નિર્દેશ હોય ને કવિનામ(કવિપરિચય)નો નિર્દેશ પણ હોય. આખ્યાનનું આ એક વ્યાપક માળખું. બધા જ કવિઓનાં બધાં જ આખ્યાનોમાં આ સર્વ અંશો ન પણ હોય.

રોજરોજ શ્રોતાસમુદાય સામે કહેવાતું, વર્ણવાતું, ગવાતું – એક રીતે કહીએ તો 'ભજવાતું' – આખ્યાન દરરોજ એક કે બે કડવાંમાં કથારસ પીરસી, પછીના દિવસની કથાનું વિસ્મયભર્યું સૂચન કરી, પ્રત્યેક દિવસે શ્રોતાના રસને જાગતો રાખીને, છેવટે કથાની રસભરી પૂર્ણાહુતિ કરે.

આખ્યાનમાં — ઉત્તમ કવિઓનાં ઉત્તમ આખ્યાનોમાં — આજે

પણ કથનકલા-નિપુણતાનો તેમજ કવિત્વનો આહ્લાદક અનુભવ થાય છે. સમય ઘણો વહી ગયો છે અને સંદર્ભ ઘણા બદલાઈ ગયા છે છતાં આજે પણ આખ્યાન કથા અને કવિતાની સંતર્પકતાના અનુભવ સુધી આપણને લઈ જઈ શકે છે એ એની સિદ્ધિ છે.

અને આવી સિદ્ધિમાં સૌથી મોટો ફાળો છે કવિ પ્રેમાનંદનો

.–શ્રે.

# પ્રેમાનંદ : સમય, જીવન અને સર્જન

## ૧. સમય

મધ્યકાળના કવિઓએ પોતાના જીવન વિશે ભાગ્યે જ કશું કહ્યું હોવાથી એ કવિ ક્યારે થઈ ગયા એ નક્કી કરવાનું બહુ મુશ્કેલ – ક્યારેક તો અશક્ય – બની જાય છે. જો કે એક એવી પરંપરા હતી કે કવિ કાવ્યના અંતની કડીમાં પોતાનું નામ ગૂંથતો (એને નામાચરણની પંક્તિ કહેવાય) ને આખ્યાન-રાસ-પ્રબંધ જેવી લાંબી કૃતિઓને અંતે કાવ્ય લખ્યાનાં સ્થળ ને સમયની તેમજ ક્યારેક પોતાના પરિચયની થોડીક વિગતો પણ મુકાતી. બધી કૃતિઓને અંતે આવા નિર્દેશો ન પણ થતા. પણ આવા નિર્દેશો થયેલા હોય તે આજે કવિનો સમય નક્કી કરવામાં આપણને ખૂબ જ મદદરૂપ નીવડે છે.

પ્રેમાનંદની કેટલીક કૃતિઓને અંતે રચનાવર્ષના ઉલ્લેખો છે. જેમકે 'મદાલસા-આખ્યાન' ઈ.૧૬૭૨, 'નળાખ્યાન' ઈ.૧૬૮૬, વગેરે. એની પહેલી કૃતિ 'ઓખાહરણ' સંભવતઃ ૧૬૬૭માં અને 'રણયજ્ઞ' સંભવતઃ ૧૬૯૦માં રચાયેલી કૃતિઓ છે. 'ઓખાહરણ' પૂર્વે ૭-૮ વર્ષે એનું કાવ્યસર્જન આરંભાયું હોય ને 'રણયજ્ઞ' પછી 'દશમસ્કંધ' વગેરે કૃતિઓની રચનાનાં દસેક વર્ષ ગણીએ તો પ્રેમાનંદનો કાવ્યસર્જન સમય-કવનકાળ-ઈ. ૧૬૬૦ થી ઈ. ૧૭૦૦ આસપાસનો અનુમાની શકાય. પ્રેમાનંદે વીસેક વર્ષની વયે કાવ્યસર્જન આરંભ્યું હોય એમ ગણીએ તો પ્રેમાનંદનો જીવનકાળ ઈ. ૧૬૪૦ થી ઈ. ૧૭૦૦ સુધીનો – સત્તરમી સદીના ઉત્તરાર્ધનો – ગણાવી શકાય.

## ૨. જીવનસંદર્ભ અને કૃતિઓ

જે કૃતિઓને નિશ્ચિતપણે પ્રેમાનંદની જ ગણી શકાય એમ છે એ કૃતિઓમાંના ઉલ્લેખોને આધારે એટલું તારવી શકાય છે કે – પ્રેમાનંદ

વડોદરાનો વતની હતો. ('વીરક્ષેત્ર વડોદરું, ગુજરાત મધ્યે ગામ'); એના પિતાનું નામ કૃષ્ણરામ હતું ને એ મેવાડા બ્રાહ્મણ જ્ઞાતિનો હતો. 'ઉદરનિમિત્તે સેવ્યું સૂરત ને ગામ નંદરબાર' એવી એની પંક્તિને આધારે કહી શકાય કે જીવનનિર્વાહ માટે ('ઉદરનિમિત્તે') એણે આખ્યાનકારનો વ્યવસાય સ્વીકારેલો ને વડોદરાથી સુરત ને છેક ખાનદેશના નંદરબાર સુધી અનેક ગામોમાં ફરીને એણે આખ્યાન-કથન-ગાન કર્યું હતું. નંદરબારના એક પ્રતિષ્ઠિત આગેવાન શંકરદાસ દેસાઈનો એને આશ્રય મળ્યો હતો. એ રામભક્ત અને કૃષ્ણભક્ત હતો. છેલ્લે 'દશમસ્કંધ'ની રચના ને એનું કથન-ગાન એણે વ્યવાસાય માટે નહીં પણ અંગત ભક્તિ-ભાવ માટે કરેલાં. એ કાવ્યમાં એક પંક્તિ છેઃ 'રામચરણ-કમળ-મકરંદ, લેવા ઇચ્છે પ્રેમાનંદ.'

કવિ નર્મદે જાતે તપાસ કરીને કેટલીક માહિતી મેળવેલી એ મુજબ પ્રેમાનંદના દાદાનું નામ જયદેવ હતું; માતા-પિતાના અવસાન પછી એ માસીને ત્યાં ઊછરેલો અને આખ્યાનકાર - માણભટ્ટ તરીકે એણે સારું એવું દ્રવ્ય એકઠું કરેલું, કેમ કે કવિ નર્મદના સમયમાં એના વારસો પ્રેમાનંદે બંધાવેલા ઘરમાં રહેતા. એ સમયે એ ઘરની કિંમત ૧૦,૦૦૦રૂ. જેટલી હતી એવું નર્મદે નોધ્યું છે.

પરંતુ પ્રાચીન ભક્તો - કવિઓ વિશે અનેક દંતકથાઓ પણ પ્રચલિત હોય છે એવી પ્રેમાનંદ વિશે પણ હતી : પ્રેમાનંદ જડબુદ્ધિ હતો પણ કોઈ મહાત્મા ગુરુની કૃપાથી એને કવિત્વશક્તિ મળી હતી. (કાલિદાસ વિશેની આ પ્રકારની દંતકથા પણ સૌને યાદ હશે જ!) વળી, પુરાણીઓ સામે સ્પર્ધા કરવા એણે સંસ્કૃતમાં પુરાણો વાંચવાનું છોડીને ગુજરાતીમાં આખ્યાન-કથા કરવાનું શરૂ કરેલું.

આવી દંતકથાઓ ઉપરાંત અર્વાચીન કાળમાં (ઈ. ૧૮૮૪થી) હરગોવિંદદાસ કાંટાવાળાના સંપાદનમાં વડોદરાથી પ્રગટ થવા માંડેલાં 'પ્રાચીન કાવ્યત્રૈમાસિક' તથા 'પ્રાચીન કાવ્યમાળા'માં, વડોદરાના ને

ગુજરાતના કવિ પ્રેમાનંદનું ગૌરવ અનેકગણું વધારી દેવા માટે, કેટલીક કૃતિઓ એને નામે છાપીને પ્રકાશિત કરવામાં આવી. એટલું જ નહીં, કોઈ 'પ્રેમાનંદસુત વલ્લભ'ને નામે પણ કેટલીક કૃતિઓ પ્રકાશિત કરવામાં આવી. આ બનાવટી કૃતિઓમાં પ્રેમાનંદના જીવન વિશેની કેટલીક ઉપજાવી કાઢેલી વિગતો મળે છે એ ટૂંકમાં મૂકીએ તો –(૧) પ્રેમાનંદ હિંદીમાં રચનાઓ કરતો. એને કોઈ ગુરુએ કહ્યું કે તું 'ઉંબર મૂકીને ડુંગરને' કેમ પૂજે છે? ત્યારથી એણે ગુજરાતીમાં લખવા માંડ્યું ને ગુજરાતી ભાષાનું ગૌરવ સ્થાપિત ન થાય ત્યાં સુધી પાઘડી ન પહેરવાની પ્રતિજ્ઞા લીધી. (૨) પ્રેમાનંદનું બહોળું શિષ્યમંડળ હતું ને એમાં સ્રીઓ પણ હતી. એ શિષ્યોને એણે ગુજરાતી રચનઓ કરવાનું કહી અન્ય ભાષાઓ કરતાં ગુજરાતીની કવિતા ચડિયાતી બનાવવા સંકલ્પ કરેલો. (૩) પ્રેમાનંદને તથા (પ્રેમાનંદસુત ગણાવાયેલા) વલ્લભને શામળ સાથે ઝઘડો થયેલો એના ઉલ્લેખો પણ, પ્રેમાનંદ તેમજ વલ્લભને નામે થયેલી એ બનાવટી રચનાઓમાં આવે છે.

આખ્યાનો જ નહીં, નાટકો પણ પ્રેમાનંદને નામે છપાવીને ચડાવી દેવામાં આવ્યાં હતાં. ને એમ પ્રેમાનંદને નામે ૪૫ થી ૫૦ કૃતિઓ પ્રગટ થયેલી છે. પરંતુ હવે સ્પષ્ટ થઈ ચૂક્યું છે કે આમાંની ઘણી આખ્યાનકૃતિઓ (ને બધાં જ નાટકો) કોઈ અર્વાચીન વિદ્વાનોએ પોતે લખીને પ્રેમાનંદને નામે ચડાવી દીધેલાં! એમાં સૌથી વધુ શંકા ગયેલી છોટાલાલ ભટ્ટ નામના વિદ્વાન(!) વિશે. વિચક્ષણ વિદ્વાન નરસિંહરાવ દીવટિયાને સૌ પ્રથમ, આ કૃતિઓની ભાષા-શૈલી વિશે શંકા થયેલી ને એમણે 'પ્રાચીન કાવ્યત્રૈમાસિક' અને 'પ્રાચીન કાવ્યમાળા'ના સંપાદકો પાસે મૂળ હસ્તપ્રતો માગેલી પણ એ આપી શકેલા નહીં. એ પછી કેશવલાલ ધ્રુવે પણ ઘણી કૃતિઓની પ્રમાણભૂતતા વિશે શંકા ઉઠાવેલી. બીજી કેટલીક કૃતિઓમાં ભેળસેળ પણ થઈ છે એટલે કે એમાં કેટલાક અંશો (જેમકે માર્કંડેય પુરાણમાં મદાલસા આખ્યાન) પ્રેમાનંદની રચના હોય ને બાકીનું એને નામે ચડાવી દેવામાં આવ્યું હોય.

પરિણામે વિદ્વાન સંશોધકોએ સતત શુદ્ધ ને પ્રમાણભૂત

(વિશ્વાસપાત્ર) કૃતિઓ શોધવા મથવું પડ્યું છે. ડૉ. પ્રસન્ન વકીલે ‘પ્રેમાનંદની શંકાસ્પદ કૃતિઓ’ વિશે ઉત્તમ સંશોધનગ્રંથ પ્રકાશિત કરેલો છે. એ પછી પણ કેટલીક વિગતો પ્રકાશમાં આવતી રહી છે. પ્રેમાનંદને નામે બતાવવામાં આવેલી કેટલીક કૃતિઓની હસ્તપ્રતો મળી છે પણ એ કૃતિઓ અન્ય પ્રાચીન કવિની રચનાઓ સાબિત થઈ છે.

એટલે, જેને પ્રેમાનંદની જ કહી શકાય એવી ખાતરીપૂર્વકની, પ્રમાણભૂત કૃતિઓ આ મુજબ તારવી શકાય એમ છે : ઓખાહરણ (૧૬૭૧), અભિમન્યુ આખ્યાન (૧૬૭૧), ચંદ્રહાસ આખ્યાન (૧૬૭૧), મદાલસા આખ્યાન (૧૬૭૨), હૂંડી (૧૬૭૭), શ્રાદ્ધ (૧૬૮૧), સુદામાચરિત (૧૬૮૨), મામેરું (૧૬૮૩), સુધન્વા આખ્યાન (૧૬૮૩), રુક્મણીહરણનો શલોકો (૧૬૮૪), નળાખ્યાન (૧૬૮૬), રણયજ્ઞ (૧૬૯૦), એ ઉપરાંત, રચનાવર્ષ ન દર્શાવતાં, દશમસ્કંધ, શામળશાનો વિવાહ, રુક્મણીહરણ, વામન કથા, દાણલીલા, ભ્રમર પચીસી, પાંડવોની ભાંજગડ તેમજ સ્વર્ગની નિસરણી, ફૂવડનો ફજેતો, વિવેક વણઝારો (રૂપક કાવ્ય), વિષ્ણુસહસ્રનામ, બાળલીલા-વ્રજવેલ, મહિના. આ કૃતિઓમાં પણ ક્યાંક, છપાતી વખતે, ઉમેરણ - ફેરફારો થયા હોવાનો સંભવ છે. તેમ છતાં આ કૃતિઓ પ્રેમાનંદની હોવા વિશે એકમતી પ્રવર્તે છે.

## ૩. પ્રેમાનંદની સર્જકપ્રતિભા

આખાયે મધ્યકાળમાં પ્રેમાનંદ સૌથી મોટો પ્રતિભાવાન આખ્યાનકાર છે. એની પહેલાંની કે એના પછીની આખ્યાન કવિતાએ આટલું ઊંચું શિખર બતાવ્યું નથી. એટલું જ નહીં, અન્ય આખ્યાન-કવિતા-શિખરો કરતાં એ ઘણું વધારે ઊંચું છે. કેમકે કથન-કળામાં તેમજ કાવ્ય-કળામાં પ્રેમાનંદની પ્રતિભા વધારે તેજસ્વી છે ને સમયથી આટલે દૂર આપણા સુધી પણ એની આભા ફેલાયેલી છે – આજના ભાવકની રુચિને પણ પ્રેમાનંદનાં આખ્યાનો સંતોષી શકે છે, બલકે ક્યારેક તો સંતર્પી પણ શકે છે.

પ્રેમાનંદની આ સર્જકશક્તિના કેટલાક વિશેષો જોઈએ:

### ૧ પરંપરામાં સર્જકતાનો સંચાર

પરંપરાનો પ્રત્યક્ષ-પરોક્ષ પ્રભાવ ઝીલવો એ આરંભે કવિમાત્ર માટે સહજ હોય છે ને મધ્યકાળમાં તો પરંપરાનો પ્રત્યક્ષ-સીધો જ - લાભ ઉઠાવવો એનો પણ કશો છોછ ન હતો. પ્રેમાનંદે આપણી પૌરાણિક કથાસાહિત્યની લાંબી અને સમૃદ્ધ પરંપરાનો પૂરો લાભ લીધો છે. સંસ્કૃત કવિતાના સીધા કે અનુશ્રુત (સાંભળેલા) સંસ્કારો પણ એની કવિતા પર જોઈ શકાય છે. એના પુરોગામી ગુજરાતી આખ્યાનકારો ભાલણ, નાકર, વિષ્ણુદાસ વગેરેનાં આખ્યાનોના પ્રસંગ-અંશો ને ક્યાંય કાવ્ય-અલંકારણો પણ એણે અંગીકાર કરેલાં છે. – કાચી સામગ્રી તરીકે એણે ઘણું સ્વીકાર્યું છે તો ક્યાંક, નાકર જેવા એની પહેલાં થઈ ગયેલા કવિમાંથી તો, એણે ‘પાકો માલ’ – સીધી પંક્તિઓની પંક્તિઓ રૂપે – પણ લીધો છે.*(આ નિરીક્ષણ ડૉ. ચિમનલાલ ત્રિવેદીએ વએમના શોધગ્રંથ ‘નાકર : એક અધ્યયન’માં કરેલું છે.) પૌરાણિક કથાનકોમાં મધ્યકાળના કવિઓએ જે પોતીકા ઉમેરા કરેલા છે એ પણ પ્રેમાનંદે એનાં આખ્યાનોમાં સામગ્રી લેખે ઉપાડી લીધેલા છે જેમકે એના ‘નળાખ્યાન’ માંના ખૂબ જાણીતા ઉમેરા –મત્સ્યસંજીવની અને હારચોરીના પ્રસંગો – સૌ પહેલાં નાકરમાં દેખાય છે ને પ્રેમાનંદે એ ત્યાંથી લીધેલા છે. જો કે પ્રેમાનંદે નમ્રતાથી પોતાના પુરોગામી આખ્યાનકારોની કવિતાનું આ ઋણ સ્વીકારેલું છે.

પૂર્વે જે જે કવિજન-વૈષ્ણવે કીધાં ચરિત્ર અપાર જી
તે સઘળાંનો જોડ કરીને બાંધું શુભ આખ્યાન જી
(‘હારમાળા’)

પરંતુ પ્રેમાનંદે એની સર્જકશક્તિથી આ પરંપરામાં પ્રાણ પૂર્યો છે – પ્રસંગની કથાકૌશલ વાળી ખીલવણીમાં, ચરિત્રોની બાહ્ય અને આંતરિક રેખાઓને નવાં રૂપો અને પરિમાણો આપવામાં, એને સમકાલીન જીવન-પ્રવાહનો સંસ્પર્શ આપવામાં ને કવિતાની સૂક્ષ્મ પણ તેજસ્વી લકીર ખેંચવામાં પ્રેમાનંદે પોતાની આગવી શક્તિનો પ્રભાવક પરિચય

આપેલો છે. નમૂના લેખે એક જ દૃષ્ટાન્ત લઈએ તો – 'ચંદ્રાહાસ-આખ્યાન'માં, ચંદ્રહાસને 'વિષ દેજો'નું 'વિષયા દેજો' કરવાનો જાણીતો પ્રસંગ છે. વિષયા એ પત્રમાં 'યા' કેવી રીતે ઉમેરે છે? 'જૈમિનીય અશ્વમેધ'માં, આંબાના ઝાડનો રસ લઈ વિષયા નખથી એ અક્ષર ઉમેરે છે, એમ છે; નાકરમાં, દેવદારના વૃક્ષનું દૂધ કાઢીને એમાં 'કાજલ કિંચિત્ નેત્રનું ઉમેરી, અક્ષર કીધું શુદ્ધ' એવું આલેખન છે. આ કાજળવાળો વિચાર પ્રેમાનંદે નાકરમાંથી લીધો છે, પણ એનું આલેખન જુઓઃ

'એક નેત્રનું કાજળ કાઢ્યું, બીજા નેત્રનું નીર;
તરણા વતે લખ્યું તારુણીએ ધરી હૃદયા મધ્યે ધીર'
('ચંદ્રહાસાખ્યાન', કડવું ૧૫,કડી ૨૫)

પ્રેમાનંદે વિગતોનો, નાયિકાના સૂક્ષ્મ મનોભાવોને ઉપસાવવામાં ઉપયોગ કર્યો છેઃ પત્રમાં 'વિષ દેજો' વાંચીને, પ્રેમોત્સુક વિષયા ઘડીભર ધ્રૂજી ગઈ હશે ને એની આંખો ભીની થઈ હશે. પણ પછી પરિસ્થિતિ સંભાળી લઈને ('ધરી હૃદયા મધ્યે ધીર') કુશળતાથી એક નેત્રનું કાજળ તરણા પર લઈને બીજા નેત્રનું, આવીને જાણે કે ઠરી ગયેલું આંસુ ('નીર') ભેળવીને એણે લખ્યું હશે... આમાં, આ દૃશ્ય-વર્ણનની પડછે, એના ત્વરિત બદલાતા સંચારી મનોભાવો પણ આપણે જોઈ શકીએ છીએ. પ્રેમાનંદની કવિકલ્પનાનો એ વિશેષ છે. આખી કડીનો લય પણ, વિગતને અંતર્ગત રાખીને, સંવેદનના મરોડને સાક્ષાત્ કરી આપે છે.

પરંપરાને પ્રેમાનંદે સમકાલીન જીવન-પ્રવાહમાં ઓતપ્રોત કરીને પણ વધુ વિકાસશીલ-ગતિશીલ કરી, વધુ જીવંત પણ કરી એ એની સર્જકશક્તિનો વિશેષ – કહો કે વિલક્ષણ વિશેષ છે. આ માટે, એના સૌ અભ્યાસીઓની થોડીક ટીકા ને ઝાઝી પ્રશંસા પ્રેમાનંદ પામ્યો છે. ન્હાનાલાલે પ્રેમાનંદને 'સૌથી વધારે ગુજરાતી કવિ' કહ્યો એમાં સૌ વિવેચકોનો જાણે પ્રતિનિધિ સૂર છે.

**૨. ઉત્તમ કથન-કળાકર**

પ્રસંગ ગમે હોય – શોકનો કે મિલન-વિરહનો; હાસ્ય-મજાકનો કે ગંભીર ચિંતાનો; સ્વયંવરનો કે ડરામણા વનમાં એકલી તરછોડાયેલી યુવતીનો; લગ્નનો, સીમંતનો કે પુત્રજન્મનો – પ્રેમાનંદ એને બહેલાવીને, રંગીને રજૂ કરી શકે છે, સતત એ રસપ્રદ બની રહે એ રીતે. વર્ણન-આલેખન-વાક્‌છટા પર એની એવી પકડ હોય છે કે કોઈપણ કથા-અંશને વિસ્તારીને પણ એ એને વેગીલો, પ્રવાહી રાખી શકે છે ને પ્રસંગના હાર્દને એ એવી રીતે પ્રગટ કરે છે કે એના શ્રોતાને (હવે વાચકને) એ એક ક્ષણ પણ તન્મયતામાંથી બહાર આવવા દેતો નથી. આ શક્તિ નાટ્યકારની શક્તિ છે – જયંત કોઠારીએ કહ્યું છે એમ ‘પ્રસંગની નિગૂઢ નાટ્યાત્મકતા છતી કરવાની અજબ આવડત’ પ્રેમાનંદમાં છે. ‘કુંવરબાઈનું મામેરું’માં નાગરો દ્વારા થતી નરસિંહની અમાનવીય મજાક ને પછી દામોદર દોશી રૂપે ભગવાને કરેલા ભવ્ય મામેરામાં એ જ નાગરોની થતી વળતી ક્રૂર મજાકના પ્રસંગો; ‘સુદામચરિત્ર’માં, કૃષ્ણને મળીને પાછા ફરતાં, પોતાના ઘરને બદલે મહેલ જોતાં ભ્રમિત થતા, અકળાતા- મૂંઝાતા સુદામાનો પ્રસંગ; ‘ચંદ્રાહાસ-આખ્યાન’માં, બાગમાં સૂતેલા ચંદ્રહાસનના દર્શનથી લઈને એના પત્રમાં ‘વિષ’નું ‘વિષયા’ કરતી વિષયાવાળો પ્રસંગ; ‘નળાખ્યાન’માં સ્વયંવરમાં આવેલા રાજાઓની હાસ્યાસ્પદ લોલુપતા આલેખતો પ્રસંગ – એવા અનેક પ્રસંગોમાં પ્રેમાનંદની કથનકલા-શક્તિનો, ન ભુલાય એવો, આહ્‌લાદક અનુભવ થાય છે. અલબત્ત પ્રસંગને બહેલાવવામાં, એના સમયમાં જે કંઈ રસપ્રદ ને મનોરંજક બન્યું હશે એ બધું આજે એવું રસાવહ નથી પણ લાગતું – ક્યાંક એમાં અનૌચિત્યના, પ્રેમાનંદની ટૂંકી પડતી કલ્પનાના, અપ્રતીતિકરતાના ને ક્વચિત ગ્રામીણતાના અંશો પણ આપણને જણાવાના. તે સમયની ને કવિની આટલી મર્યાદા સ્વીકારી લઈએ તો મોટાભાગના પ્રસંગાલેખનમાં પ્રેમાનંદનું કથન-કૌશલ સાચે જ આહ્‌લાદક છે.

### ૩. માનવ-ભાવોનું ઝીણવટભર્યું આલેખન

પ્રેમાનંદનાં આખ્યાનો, વ્યાપક રીતે જોઈએ તો જેટલાં પ્રસંગકેન્દ્રી લાગે એટલાં પાત્રકેન્દ્રી કદાચ ન પણ લાગે તેમ છતાં કુંવરબાઈ, નરસિંહ, સુદામા, દમયંતી આદિ હ્રદયસ્પર્શી પાત્રો એણે આલેખ્યાં છે ને એનાં જાતિચિત્રો જેવાં ગૌણ પાત્રો – કુંવરબાઈની વડસાસુ, ‘ઓખાહરણ’ની ચિત્રલેખા, ‘રણયજ્ઞ’ની મંદોદરી, ‘મામેરું’ના દામોદર દોશી કે નાગરો – પણ કેટલીક આકર્ષક રેખાઓ ઉપસાવે છે. પણ પ્રેમાનંદનું કૌશલ તો પરિસ્થિતિ-અંતર્ગત થતું પાત્ર-ભાવનું એટલે કે માનવભાવનું સૂક્ષ્મ ને અસરકારક આલેખન કરવામાં સૌથી વધારે પ્રગટ થાય છે. માનવમનની અવઢવ કે દ્વિધાના ભાવને જ લઈએ તો પણ પ્રેમાનંદમાં કેવાં ઝીણાં આલેખનો મળવાનાં! પિતાને મળવા જતી કુંવરબાઈની દ્વિધાગ્રસ્ત વેદના; અ-યાચક સુદામાની અવઢવભરી અકળામણ; વનમાં દમયંતીને ગુસ્સાથી એકલી છોડીને જતા નળમાં, દમયંતી પ્રત્યેના સ્નેહ-કર્તવ્યભાવથી થોડીકવાર જાગતી દ્વિધા વગેરે. પ્રેમાનંદે પૌરાણિક પાત્રોની આવી ભાવ-સ્થિતિઓ પોતાના સમયના જનસમુદાયના ભાવોની સમાન્તરે લાવીને આલેખી છે એમાં માનવ-સ્વભાવની અનેક લાક્ષણિકતાઓ એની ચકોર આંખે પકડી છે. ઓખા અને દમયંતીની લગ્ન-ઉત્સુકતા; કૃષ્ણ-સુદામાનો મૈત્રીભાવ; નણંદ-સાસુ-વડસાસુની અને સૌ નાગરોની પરપીડકવૃત્તિ અને એવા બીજા અનેક માનવભાવો – ઈર્ષ્યાના અને વેદનાના, લોભના અને ભયના; સ્નેહના અને શોકના ક્યારેક વિગતે તો ક્યારેક કોઈ એક પંક્તિના લસરકાથી એણે આલેખી આપ્યા છે. પોતાના સમયના શ્રોતાસમૂહને પ્રસંગ-પાત્ર-પરિસ્થિતિમાં તન્મય કરવાના કથાકાર-ચાતુર્યને લીધે (અને નગીનદાસ પારેખે યોગ્ય રીતે બતાવ્યું છે એમ પૌરાણિક પાત્ર-માનસને ચક્ષુપ્રત્યક્ષ કરવાની એની કલ્પનાની અશક્તિને કારણે પણ) માનવ-ભાવ-આલેખન ક્યારેક અતિ સામાન્યતામાં સરી પડતું. પૌરાણિક પાત્ર-પ્રતિમાને ખંડિત કરનારું બન્યું છે એ પ્રેમાનંદની મર્યાદા પણ બને છે પરંતુ આવી વિપરિતતા

અનુભવાતી ન હોય એવાં અનેક સ્થાનોમાં માનવભાવોની કોઠાસૂઝ તથા એને તાદૃશ્યતાથી, પ્રત્યક્ષીકરણથી રજૂ કરવાની એની અભિવ્યક્તિ-કુશળતા મધ્યકાળમાં તો અપ્રતિમ ગણાય એવી છે.

## ૪. કવિશક્તિઃ રસનિરૂપણ

જેમ કથન-કળા પ્રેમાનંદનો આગવો વિશેષ છે એમ એનું કવિત્વ પણ એટલું જ આકર્ષક છે. એના સમયના અનેક પ્રચલિત રાગ-ઢાળોને એણે પૂરા પ્રભુત્વથી યોજ્યા છે. અને એમાં પદ્યકારની સફાઈ અને લયસૂઝ ખૂબ ધ્યાનપાત્ર છે. પ્રકૃતિનાં, માનવસૌંદર્યનાં ને પ્રસંગોનાં વર્ણનોમાં, પ્રચલિત રૂઢતામાં એ કંઈક તણાયો હોવા છતાં એની આગવી રેખાઓ પણ ઊપસે છે એમાં એની કવિ-શક્તિનો ફાળો ઘણો મોટો છે. અલંકારોમાં એની વાગ્મિતા દેખાય છે તો એ સાથે જ પ્રસંગ-પાત્ર પ્રત્યક્ષ કરી આપતી ને ભાવના ઝીણા મરોડોને ઉપસાવી આપતી કવિ-કલ્પનાનું પ્રવર્તન પણ એમાં દેખાય છે.

કથાકેન્દ્રી કાવ્યોમાં રસનું નિરૂપણ મહત્ત્વનું ને કવિની શક્તિ કેટલી છે એનો હિસાબ આપનારું બનતું હોય છે. પ્રેમાનંદની રસનિરૂપણ શક્તિની બાબતમાં નવલરામની અત્યંત પ્રચલિત ઉક્તિ આજે પણ સ્વીકાર્ય લાગે છે, કે ‘રસની બાબતમાં  કોઈપણ ગુજરાતી કવિ એના પેંગડામાં પણ ઘાલે એવો નથી’  પ્રેમાનંદના રસસંક્રાન્તિ-કૌશલની એમની વાત પણ એટલી જ સાચી છે. ‘મામેરું’ અને ‘નળાખ્યાન’નો કરુણ રસ; ‘મામેરું’ અને ‘સુદામાચરિત’નો ભક્તિરસ; ‘ઓખાહરણ’, ‘નળાખ્યાન’માંનો શૃંગારરસ અને મુખ્યત્વે ‘મામેરું’, ‘નળાખ્યાન’ માંનો ને બીજાં ઘણાં આખ્યાનોમાંનો એનો હાસ્યરસ ખૂબ અહ્‌લાદક બલકે સ્મરણીય બનેલા છે. એક રસમાંથી બીજા રસમાં સહજ ગતિએ સરવાનું એનું કૌશલ તેમજ એક સાથે બે રસોનો યુગપત્  અનુભવ કરાવવાનું (જેમકે-‘મામેરું’માં પહેરામણીની યાદી વખતે નાગરોના હાસ્ય ને

કુંવરબાઈના કરુણમાં) પ્રેમાનંદની શક્તિઓ પ્રફુલ્લ બની રહી છે.

ભક્તિ, વાત્સલ્ય, બીભત્સ, વીર, ભયાનક, અદ્ભુત એવા રસો પણ પ્રેમાનંદે પ્રયોજ્યા છે પણ એનામાં મુખ્યત્વે કરુણ, હાસ્ય અને શૃંગારનું પ્રમાણ અને શક્તિ વધારે રહ્યાં છે; ઓખા, દમયંતી, નળ, વિષયાના શૃંગારભાવોનાં કેટલાંક માર્મિક આલેખનોમાં એનો શૃંગાર સૂક્ષ્મસ્તરે ઊતર્યો છે પણ મહદ્અંશે એ રૂપવર્ણનોની પ્રચલિત કક્ષાએ રહે છે; એના કરુણ વધુ પ્રભાવક છેઃ કુંવરબાઈનો અને દમયંતીનો કરુણરસ એનાં ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. શ્રોતા(વાચકો)ને આર્દ્ર બનાવનારી, એમને તદ્રૂપ કરનારી શક્તિ એમાં પ્રેમાનંદે દાખવી છે. અલબત્ત, નાટકી કરુણ સુધી પણ એ વારંવાર સરે છે એમાં એ સમયના કથાકાર તરીકેની એની વિલક્ષણતા કારણભૂત છે. એની કલ્પનાશક્તિનું સ્તર પણ એ માટે જવાબદાર છે.

હાસ્ય પ્રેમાનંદને વિશેષ ફાવતો રસ છે. સ્થૂળ હાસ્યમાં પણ એ ઘણીવાર ખેંચતો – ને પોતે ખેંચાતો હોય છે એમાં, ઉપર ગણાવી તે વિલક્ષણતા કારણરૂપ છે. છતાં માર્મિકતા ને સૂક્ષ્મતા પણ એના હાસ્યની મહત્ત્વની શક્તિઓ છે. કથાપ્રસંગો ને પરિસ્થિતિઓમાં એની નજર હાસ્યને ઝટ શોધી કાઢે છે –ક્યારેક તો મૂળ પ્રસંગમાં આછો નિર્દેશ હોય ત્યાં, ને નવી પરિસ્થિતિ યોજીને પણ એ હાસ્યને માટે જગા કરે છે ને એને ઉત્તમ રીતે બહેલાવે છે. દમયંતીને વરવા તૈયાર થયેલા અનેક રાજાઓનું આલેખન – અને અલબત્ત, દેવોની દુર્દશાનું આલેખન – એનું મહત્ત્વનું ઉદાહરણ છે.

મધ્યકાલીન આખ્યાન, માણભટ્ટોના વ્યવસાય તરીકેની એક પ્રવૃત્તિ તરીકે પણ વધુ ને વધુ શક્તિઓથી વિકસેલું છે. એમાં પ્રેમાનંદ ટોચે છે. કથાકાર અને કવિની પ્રતિભાથી કથન-વર્ણન-ગાન-અભિનયનાં કૌશલ્યોને પૂરેપૂરાં પ્રયોજીને એક ઉત્તમ રજૂઆતકાર (પરફૉર્મર) તરીકે પ્રેમાનંદની એક શક્તિમંત કલાકારની પ્રતિમા ઊપસી છે. –શ્રે.

ooo